# તૌહીદ

# توحيد

# T A W H E E D

<u>વાંચકો માટે ખાસ નોંધ :</u>

- આ કિતાબને પરીપૂર્ણ બનાવવા આપના સૂચનો hadi1981@ymail.com ઉપર મોકલી આપો.

## બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

### અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પેજ |
|---|---|---|
| ૧. | તૌહીદ | ૦૫ |
| ૨. | શિર્ક | ૦૯ |
| ૩. | જો એકથી વધુ ખુદા હોત, તો ..?! | ૧૫ |
| ૪. | ઈબાદતને લાયક ફકત અલ્લાહ છે | ૧૭ |
| ૫. | અલ્લાહ છે, તો દેખાતો કેમ નથી ? | ૧૭ |
| ૬. | અલ્લાહ કયાં રહે છે ? | ૨૨ |
| ૭. | અલ્લાહ ઉંઘતો નથી | ૨૪ |
| ૮. | અલ્લાહને મૌત નથી | ૨૫ |
| ૯. | અલ્લાહ ખાતો નથી | ૨૬ |
| ૧૦. | અલ્લાહ કોઈ ચીજનો બનેલો નથી | ૨૭ |
| ૧૧. | અલ્લાહ કોઈનો મોહતાજ નથી | ૨૭ |
| ૧૨. | અલ્લાહને શરીર નથી | ૨૮ |
| ૧૩. | અલ્લાહને પત્નિ, સંતાનો, પિતા કે સગાસંબંધીઓ નથી | ૩૦ |
| ૧૪. | હુલૂલ નથી | ૩૧ |
| ૧૫. | અલ્લાહ જેવો બીજો કોઈ નથી | ૩૩ |
| ૧૬. | અલ્લાહ થાકતો નથી | ૩૩ |
| ૧૭. | અલ્લાહનો કોઈ વિરોધી નથી | ૩૪ |
| ૧૮. | અલ્લાહનો કોઈ ભાગીદાર નથી | ૩૪ |

| | | |
|---|---|---|
| ૧૯. | અલ્લાહમાં કોઈ ફેરફાર નથી થતો | ૩૫ |
| ૨૦. | અલ્લાહને સ્પર્શી કે અનુભવી શકાતો નથી | ૩૫ |
| ૨૧. | અલ્લાહ 'સાંભળનાર' અને 'જોનાર' છે | ૩૬ |
| ૨૨. | અલ્લાહ ખાલિક (સર્જનહાર) છે | ૩૭ |
| ૨૩. | અલ્લાહ 'કાદિર' છે | ૩૯ |
| ૨૪. | અલ્લાહ બધુ જ જાણે છે | ૩૯ |
| ૨૫. | જીંદગી અને મૌત આપનાર અલ્લાહ છે | ૪૧ |
| ૨૬. | રોઝી આપનાર અલ્લાહ છે | ૪૨ |
| ૨૭. | ઈઝ્ઝત આપનાર અલ્લાહ છે | ૪૩ |
| ૨૮. | સત્તા / બાદશાહી / માલિકી અલ્લાહની છે | ૪૫ |
| ૨૯. | સ્વરૂપ અને આકાર આપનાર અલ્લાહ છે | ૪૫ |
| ૩૦. | અલ્લાહ ચાહે તે કરે છે | ૪૬ |
| ૩૧. | અલ્લાહ આપણી ખામીઓને છુપાવે છે | ૪૭ |
| ૩૨. | અલ્લાહ તૌબાને કબૂલ કરે છે | ૪૭ |
| ૩૩. | અલ્લાહ ખૂબ જ માફ કરનાર છે | ૪૭ |
| ૩૪. | અલ્લાહ બિમારોને સાજા કરે છે | ૪૮ |
| ૩૫. | અલ્લાહ સૌનો પાલનહાર છે | ૪૮ |
| ૩૬. | અલ્લાહ જ સૌથી પહેલો છે અને તેજ સૌથી અંતિમ છે | ૪૮ |
| ૩૭. | અલ્લાહ દરેકનો ખુદા છે | ૪૯ |
| ૩૮. | અલ્લાહ સિવાય બીજુ કોઈ ફાયદો કે નુકસાન પહોંચાડી શકે એમ નથી | ૪૯ |
| ૩૯. | અલ્લાહ ધીરજવાળો છે, તે સજા આપવામાં ઉતાવળ નથી કરતો | ૫૦ |

| | | |
|---|---|---|
| ૪૦. | અલ્લાહ સૌથી સાચો છે | ૫૦ |
| ૪૧. | અલ્લાહના નામ અને તેના ગુણો | ૫૦ |
| ૪૨. | અલ્લાહના ગુણો અલ્લાહ સિવાયનું અલગ અસ્તિત્વ નથી | ૫૭ |
| ૪૩. | દહેરીય્ય (નાસ્તિક) | ૫૮ |
| ૪૪. | સનવીયા (બે ખુદાઓમાં માનનાર) | ૬૦ |
| ૪૫. | ખિસ્તીઓની માન્યતા **[CHRISTAINS BELIEF]** | ૬૧ |
| ૪૬. | યહુદીઓની માન્યતા **[JEWS BELIEF]** | ૬૪ |
| ૪૭. | નુસૈરી લોકોની માન્યતા | ૬૪ |
| ૪૮. | અલ્લાહની ઓળખ (મઅરેફત) માટે અભ્યાસ / ભણતર જરૂરી છે ? | ૬૪ |
| ૪૯. | અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરવા માટેની દોઆ | ૬૮ |
| ૫૦. | અલ્લાહને ઓળખો : (તમારા શરીરના અવલોકન વડે) | ૬૮ |
| ૫૧. | અલ્લાહને ઓળખો : (તમારી આજુબાજુની અજાયબીઓ વડે) | ૭૦ |
| ૫૨. | અલ્લાહની હકીકત સૌથી છુપી છે | ૭૬ |
| ૫૩. | દરેક ચીજ અલ્લાહની તસ્બીહ કરે છે | ૭૮ |
| ૫૪. | અલ્લાહ ઉપર જ આધાર / ભરોસો રાખો | ૭૯ |
| ૫૫. | સંદર્ભ સાહિત્ય (રેફરન્સીઝ) | ૭૯ |

# ૧. તૌહીદ

## : તૌહીદનું મહત્વ :

**પ્રશ્ન :** બીજી બધી માન્યતા / અકીદાની સરખામણીએ તૌહીદનું શું મહત્વ છે ?

- તૌહીદ પાયાની અને મૂળ માન્યતા છે. તે દીનનું સૌપ્રથમ મૂળ છે.
- તૌહીદની માન્યતા સહી હશે, તોજ અન્ય માન્યતા તેમજ ફુરૂએ દીનનો લાભ મળી શકશે.
- એકમાત્ર અલ્લાહની માન્યતા સહી નહિં હોય, તો આપણા કાર્યોનો લાભ આપણને મળી શકશે નહિં.
- 'તૌહીદ' મુસલમાન બનવા માટેનો સૌથી મૂળભૂત, જરૂરી અને પાયાનો સિધ્ધાંત છે.
- તમામ નબીઓએ પોતાના સમયના લોકોને તૌહીદની સમજણ આપી છે અને એકમાત્ર અલ્લાહ સિવાયના તમામ ખુદાઓને છોડીને ફકત તેની જ ઈબાદત માટે લોકોને દા'વત આપી છે.
- 'તૌહીદ' તમામ ઈસ્લામી માન્યતાઓની રૂહ છે. ઈસ્લામના તમામ 'ઉસુલ અને ફુરૂઅ' (માન્યતાઓ અને હુકમો) 'તૌહીદ' વડે જ અસ્તિત્વમાં આવે છે. આજ કારણ છે કે અલ્લાહે 'તૌહીદ'ની માન્યતમાં કોઈપણ પ્રકારના ફેરફાર એટલે કે 'શિર્ક'ને ન માફ કરી શકાય તેવો ગુનાહ કહ્યો છે અને શિર્ક કરનારના તમામ કાર્યો પણ વ્યર્થ અને બેકાર બની જાય છે.
- ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : તૌહીદ નફસની હયાત (જીંદગી) છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૯)

## : તૌહીદ એટલે શું ? :

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : તૌહીદ એ છે કે તમે તેને (અલ્લાહને) કલ્પનામાં અને વહેમોમાં પણ ન લાવો. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૮)

૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જે અલ્લાહ સુબ્હાનહુની વહદાનીય્યત (એકમાત્ર અલ્લાહની માન્યતા)ને કબૂલ કરે છે, તે કદી પણ તેને કોઈ મખ્લૂક (સર્જન)ની સાથે સામ્યતા (સરખામણી) નથી આપતો. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૧૧)

૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જે અલ્લાહને ઓળખી લે છે, તે તેની વહદાનીય્યત (એકમાત્ર અલ્લાહની માન્યતા)નો એકરાર કરે છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૧૦)

૪. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : અને કહો કે તમામ વખાણ અલ્લાહના જ છે જેણે પુત્રને અપનાવેલ નથી અને રાજયશાસન (મુલ્ક)માં તેનો કોઈ ભાગીદાર પણ નથી અને એવું પણ નથી કે નામોશી (બદનામી)થી બચવા તેણે કોઈ સહાયક (મદદગાર)ને લીધો હોય. માટે તુ મોટાઈ વર્ણવ તેના મહાન હોવાની. (સૂરે બની ઈસ્રાઈલ, ૧૭ : ૧૧૧)

૫. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જેણે અલ્લાહને આકાર આપ્યો (કોઈપણ ચોકઠામાં બંધ બેસાડયો), તેણે અલ્લાહની વહદાનીય્યત (એક અલ્લાહની માન્યતા)નો એકરાર નથી કર્યો. અને જેણે તેને ઉદાહરણ (દાખલા–દ્રષ્ટાંત) વડે સ્પષ્ટ કર્યો, તે તેની હકીકત સુધી નથી પહોંચ્યો. અને જેણે તેની સામ્યતા (સરખામણી) આપી, તેણે તેનો નિર્દેશ નથી કર્યો (તેનો ઈરાદો નથી કર્યો). અને જેણે તેની તરફ ઈશારો કર્યો અને તેનું અનુમાન / કલ્પના કરી, તેણે તેને અનંત (નિત્ય / શાશ્વત) નથી માન્યો. (તજલ્લીયાતે હિકમત, ઉર્દૂ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૬)

૬. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : (તે અલ્લાહ) એક છે, પરંતુ સંખ્યા વડે નહિં. અને તે અનંત છે, પણ સીમા (સરહદ) વડે નહિં. અને તે (સદાય) મૌજુદ છે, પણ કોઈ ટેકા વડે નહિં. મન (ચિત્ત / ચેતના) તેને અનુભવે છે, પણ લાગણી (સંવેદના, ઉર્મિઓ) વડે નહિં. દ્રષ્ટિઓ (અવલોકન શકિત) તેની સાક્ષી આપે છે, પણ (તેની) હાજરી વડે નહિં. (તજલ્લીયાતે હિકમત, ઉર્દૂ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૫)

૭. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : અને વખાણ અલ્લાહ માટે છે, જે કુરસીય્ય, અર્શ, આકાશ, જમીન, જીન્નાત કે ઈન્સાનની પહેલાથી મૌજુદ છે, તેને કલ્પના (વહેમ, ગુમાન, અનુમાન) વડે પામી શકાતો નથી. અને સમજણશકિત વડે તેનો અંદાજો લગાવી શકાતો નથી. અને કોઈ માંગનાર તેને મશગુલ નથી કરી શકતો. અને ન તો કોઈ મેળવનાર તેને ઘટાડી શકે છે (ઉણપવાળો બનાવી શકે છે), અને આંખો વડે તે જોઈ શકાતો નથી. અને ન તો સ્થળ વડે તેને મર્યાદિત (મહેદૂદ) કરી શકાય છે. અને ન તો સાથીદાર / જોડીદાર વડે તેને વર્ણવી શકાય છે (સંબંધ આપી શકાય છે), અને ન તો કોઈ સ્ત્રોત થકી તેનું સર્જન કરી શકાય છે. અને ન તો સંવેદના (લાગણી, ઉર્મિઓ) વડે તેને અનુભવી શકાય છે. અને ન તો લોકો વડે તેને પ્રમાણભૂત / પ્રમાણિત કરી શકાય છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દૂ, પેજ:૯૫, પ્રકરણ:૪૦, તવહીદ, હદીસ:૪)

૮. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : બરકતવાળો છે અલ્લાહ કે જેના સુધી મહત્વાકાંક્ષા / અભિલાષા પહોંચી નથી શકતી, અને ન તો ઉંડી પૂર્વધારણા (તિક્ષ્ણ અનુમાન) તેને પામી શકે છે, તે (એવો) 'અવ્વલ' (સર્વપ્રથમ) છે, જેના માટે કોઈ સીમા નથી, કે જેના લીધે તેનો અંત આવી જાય, અને તે

એવો ‘આખીર’ (અંતિમ) નથી કે જેનો છેડો (અંત) આવી તમામ થઈ જાય. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૩)

૯. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : અને હું ગવાહી આપુ છું કે કોઈ મઅબૂદ નથી સિવાય કે અલ્લાહ, તે એકમાત્ર છે અને તેનો કોઈ ભાગીદાર / જોડીદાર નથી. તે એવો ‘અવ્વલ’ છે કે તેની પહેલા કોઈ ચીજ નથી, અને તે એવો ‘આખીર’ (અંતિમ) છે કે તેના માટે કોઈ અંતિમ સીમા નથી. વિચારો તેના ગુણોને શોધી (પામી) નથી શકતા. અને ન તો દિલોમાં તેની હાલત (પરિસ્થિતિ)ને બંધ કરી શકાય છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૨)

૧૦. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : દીનનો પ્રારંભ અલ્લાહની ઓળખ છે. અને તેની ઓળખની પરીપૂર્ણતા તેની તસ્દીક (માન્યતાને સમર્થન આપવું) છે. અને તેની તસ્દીકની પરીપૂર્ણતા તેના એક હોવાનો ઈકરાર (તૌહીદ) છે. અને તેની તૌહીદની પરીપૂર્ણતા તેના માટે ઈખ્લાસ (નિર્મળ / શુધ્ધ ભાવના) છે. અને ઈખ્લાસની પરીપૂર્ણતા તેના વિષે સંબંધ જોડવાથી ઈન્કાર છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તવહીદ, હદીસ : ૧)

૧૧. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે :

બિસ્મીલ્લાહી ર્રહમાની ર્રહીમ, કુલ હો વલ્લાહો અહદ, અલ્લાહુ સ્સમદ, લમ યલિદ, વ લમ યૂવ્લદ, વ લમ યકુલ્લહુ કુફુવન્ અહદ. (સૂરે તૌહીદ, ૧૧૨ : ૧ થી ૪)

બિસ્મીલ્લાહી ર્રહમાની ર્રહીમ. કહો કે તે અલ્લાહ એક જ છે. અલ્લાહ ‘સમદ’ (બેનિયાઝ) છે. તે કોઈને જન્મ આપતો નથી અને તેને કોઈએ જન્મ આપેલ નથી. અને તેના જેવો કોઈ એક નથી.

<u>શબ્દ સમજૂતિ :</u>

- <u>અહદ :</u> એક, એકમાત્ર, એવો કે જે ન તો કોઈ ટુકડાઓથી મળીને બન્યો હોય અને એવો કે જેના ટુકડા પણ થઈ શકે તેમ ન હોય.
- <u>સમદ :</u> એવો નિઃસ્પૃહ (બેનિયાઝ) જેની દરેકને જરૂર પડતી હોય.
- <u>કુફુવ :</u> સમોવડિયો, બરોબરીયો, એક જેવો બીજો, સરખી પ્રતિષ્ઠાવાળો

<u>સમજૂતી :</u> યહુદીઓએ રસૂલેખુદા (સ.અ.વ.)ને અલ્લાહની ખૂબીઓ અને લાક્ષણિકતાઓ વિષે સવાલ કર્યો, ત્યારે આ સૂરો નાઝીલ થયો. આ સૂરાનું એક નામ ‘સૂરે તૌહીદ’ પણ છે. ‘તૌહીદ’ (એકમાત્ર અલ્લાહની માન્યતાનો એકરાર) ઈસ્લામની મૂળભૂત અને પાયાની માન્યતા છે. ઈસ્લામમાં એકમાત્ર અલ્લાહની માન્યતા છે. અલ્લાહ કોઈનો મોહતાજ (આશ્રિત / અવલંબિત) નથી, ત્યાં સુધી કે તે સગપણનો પણ

મોહતાજ નથી. તે ન તો કોઈનો પિતા છે અને ન તો તેને કોઈ પુત્ર છે. તેની બરાબરી કરી શકે તેવો પણ કોઈ નથી.

૧૨. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : તે 'અવ્વલ' (સૌથી પહેલો) છે અને તે 'આખીર' (સૌથી અંતિમ) છે અને તેજ 'જાહેર' છે અને તેજ 'બાતીન' છે. અને તે તમામ ચીજનો સંપૂર્ણ જાણકાર છે. (સૂરે હદીદ, ૫૭ : ૩)

## <u>'લા એલાહ ઈલ્લલ્લાહ'</u>

- 'લા એલાહ ઈલ્લલ્લાહ' તૌહીદનો સૌથી મૂળભૂત સિધ્ધાંત છે. જેનો અર્થ થાય છે : 'કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ'
- 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' મુતહ્હરાત (પાક કરનારી ચીજો)માંથી એક છે. તે ઈન્સાનને શિર્ક અને કુફ્રની નજાસતથી પાક કરે છે.
- 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' એટલે તમામ બાતિલ – જૂઠા ખુદાઓનો ઈન્કાર અને એકમાત્ર – સાચા ખુદાનો સ્વીકાર.
- ઈસ્લામના તમામ સંપ્રદાયો અને ફિરકાઓના કલેમાનું સૌપ્રથમ વાકય 'લા એલાહ ઈલ્લલ્લાહ' છે, કારણ કે તે ઈસ્લામનો સર્વસ્વીકૃત, મૂળભૂત, વ્યાપક અને આદર્શ સિધ્ધાંત છે.
- મકકાના રહેવાસીઓએ રસૂલેખુદા (સ.અ.વ.)ને કહ્યું હતું કે અમે તમારા ખુદાને પણ માનીશું, પરંતુ તમે અમારા ખુદા વિષે બુરુ–ભલુ ન કહો, તેનો ઈન્કાર ન કરો. પરંતુ રસૂલેખુદાએ 'લા એલાહ ઈલ્લલ્લાહ'નો સિધ્ધાંત રજૂ કરી સમજાવ્યું કે 'કોઈ ખુદા નથી સિવાય કે અલ્લાહ' એટલે કે તમામ જૂઠા અને બાતિલ ખુદાઓનો ઈન્કાર અને એકમાત્ર સાચા ખુદાનો સ્વીકાર.
- આપણે દરરોજ તશહહુદમાં ગવાહી આપીએ છીએ કે : 'અશ્હદો અલ્ લા એલાહ ઈલ્લલ્લાહ'
- રસૂલેખુદાએ લોકોને ફરમાવ્યું હતું : 'કુલુ લા ઈલાહ ઈલ્લલ્લાહ, તુફલેહુ' એટલે કે 'લા એલાહ ઈલ્લલ્લાહ' કહી દો, ફલાહ (સફળતા) પામશો.
- હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : જન્નતની કિંમત 'લા એલાહ ઈલ્લલ્લાહ' છે. (સવાબુલ અઅમાલ વ ઈકાબુલ અઅમાલ, ઉર્દૂ, પેજ : ૯, પ્રકરણ : ૧, હદીસ : ૪)
- 'લા ઈલાહ ઈલ્લલ્લાહ'ની વિરૂધ્ધ વર્તન કરનાર અથવા તેની <u>શરતો</u>નું ઉલ્લંઘન / ઈન્કાર કરનાર જન્નતમાં પ્રવેશ મેળવી શકશે નહિં.

## : તૌહીદનું સહી માર્ગદર્શન કયાંથી મળે ? :

'તૌહીદ' વિષયનું સહી માર્ગદર્શન મેળવવા ઈચ્છુક દરેક વ્યકિત માટે એ જરૂરી બની જાય છે કે તે કુરઆન, સાચી હદીસો અને મઅસૂમીન (અ.સ.)ની દોઆઓનો અભ્યાસ કરે.

કેટલાક લોકોએ એહલેબૈતનો દામન છોડી દીધો અને ફકત કુરઆનની આયતો ઉપરથી તૌહીદનો અભ્યાસ કર્યો, જેનું પરિણામ એ આવ્યું કે કુરઆનની એ આયતો જે 'મુતશાબેહ' (છુપા અને રહસ્યમય અર્થોવાળી) હતી, તેને તેઓ સમજી ન શકયા, જેના કારણે આયતોના જાહેરી અર્થને ઘ્યાનમાં લઈને તેઓ એમ સમજી બેઠા કે અલ્લાહને શરીર છે, અલ્લાહને જોઈ શકાય છે, વગેરે. આ બાબતે વઘુ સ્પષ્ટતા હવે પછીના પ્રકરણોમાં જોવા મળશે.

સારાંશ કે 'તૌહીદ'ની સાચી અને સંપૂર્ણ માન્યતા આપણે કુરઆન, મઅસૂમીન (અ.સ.)ની સાચી હદીસો અને તેમણે શીખવેલી દોઆઓના આઘારે જ શીખી શકીએ છીએ.

# ૨. શિર્ક

## 'શિર્ક' એટલે શું ?

- શિર્ક شرك : એક કરતા વઘારે ખુદાની માન્યતા, અલ્લાહની સાથે બીજાને શામિલ કરવો, મખ્લૂકની ઈબાદત કરવી, અલ્લાહને બદલે અન્ય કોઈની ઈબાદત કરવી.
- 'શિર્ક' કરનારને 'મુશ્રીક' કહેવામાં આવે છે. 'મુશ્રિક' ખુદાની ઝાતમાં બીજાને શામિલ / શરીક કરે છે, ભાગીદાર બનાવે છે, સાચા ખુદાની સામે જૂઠા ખુદાની ગોઠવણ કરે છે, અનેક ખુદાઓમાં માને છે, મખ્લૂકની ઈબાદત કરે છે, જેમ કે : મૂર્તિ, સૂર્ય, સમુદ્ર, સાપ, વૃક્ષ, અગ્નિ, હવા, વરસાદ વગેરે.
- 'શિર્ક' એટલે ખુદા સિવાય બીજો પણ કોઈ સર્જનહાર છે તેમ માનવું. અથવા તો ખુદાએ આ દુનિયાના સર્જનમાં બીજા કોઈની મદદ લીઘી છે તેમ માનવું.
- મૂર્તિ હોય કે વૃક્ષ, જીન્નાત હોય કે ફરિશ્તા, નબી હોય કે ઈમામ, કોઈને પણ અલ્લાહના શરીક કરવા કે તેની સાથે સરખાવવા કુફ્ર છે.

## 'શિર્ક'ના નુકસાન

- 'શિર્ક' કરવાની સખ્ત મનાઈ કરવામાં આવી છે. શિર્ક કરનારને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.
- શિર્ક કરનારના તમામ સારા કાર્યો અને નેકી નિરર્થક અને વ્યર્થ બની જાય છે.

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : શિર્ક કુફ્ર છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૯)

૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : સૌથી વધુ નુકસાનદાયક (ઈજા પહોંચાડનાર) ચીજ શિર્ક છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૮)

૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જેણે ઈમાન વિષે શંકા કરી, તેણે શિર્ક કર્યુ. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૧૦)

૪. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : ઈમાનની આફત શિર્ક છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૭)

૫. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : તમામ વખાણ અલ્લાહ માટે છે કે જેણે આસ્માનો અને ધરતીનું સર્જન કર્યુ અને અંધકાર અને પ્રકાશને બનાવ્યા, તે છતા પણ જેઓએ કુફ્ર કર્યુ છે તેઓ પોતાના પરવરદીગારની સાથે સમોવડિયા / બરોબરીયાની ગોઠવણ કરે છે. (સૂરે અન્આમ, ૬ : ૧)

૬. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : (અય રસૂલ ! તેઓને) કહો કે : શું તમોએ કદી વિચાર પણ કર્યો કે તમે અલ્લાહ સિવાય કઈ ચીજને પુકારો છો ? તમે મને દેખાડો કે તેઓએ પૃથ્વી ઉપર કઈ ચીજ પેદા કરી છે ? અથવા તેઓ માટે આસ્માનમાં કોઈ હિસ્સો / ભાગ છે ખરો ? અગર તમે સાચા જ છો, તો મને આ પહેલાની એક કિતાબ લાવી આપો અથવા ઈલ્મની કોઈ નિશાની.

અને તેથી વધારે ગુમરાહ કોણ હોઈ શકે જે અલ્લાહ સિવાય એવાઓને પુકારે છે જે તેઓને કયામતના દિવસ સુધી જવાબ ન આપે અને તેઓની પુકારથી ગાફીલ પણ હોય ? (સૂરે અહકાફ, ૪૬ : ૪, ૫)

## 'મૂર્તિ પૂજા'

ઈસ્લામ ધર્મમાં મૂર્તિપૂજાની સખ્ત મનાઈ છે. શું એ વાતને કોઈ અક્કલમંદ ઈન્સાન સ્વીકારે ખરો કે જે મૂર્તિઓને ઈન્સાન પોતે જ બનાવતો હોય, તેજ મૂર્તિઓ માનવજગતનું સંચાલન કરી શકે ? નબીઓના અભિયાન (મિશન)નો એક હેતુ એ પણ હતો કે શિર્ક અને મૂર્તિપૂજાનો અંત આવી જાય.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : અય લોકો ! એક દ્રષ્ટાંતનું વર્ણન કરવામાં આવે છે તેને તમે ધ્યાનથી સાંભળી લો. બેશક અલ્લાહ સિવાય તમે જેને પોકારો છો, તેઓ એક માખીને પણ પેદા કરી શકતા નથી, ભલેને પછી તમે બધા તેના માટે એકઠા થઈ જાવ. અને અગર જો માખી તેમની પાસેથી કોઈ ચીજ લઈ જાય, તો પણ તેઓ તેની પાસેથી તે (વસ્તુ) છોડાવી શકતા નથી. (હકીકતમાં) માંગનાર અને જેની પાસે માંગવામાં આવ્યું છે તે (મૂર્તિઓ) (બંને) નબળા છે. (સૂરે હજ, ૨૨ : ૭૩)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને જેઓ તેની સિવાય જેને પણ પુકારે છે, તેઓ એક તણખલાની ઉપર પણ સત્તા ધરાવતા નથી.' (સૂરે ફાતીર, ૩૫ : ૧૩)

## પ્રકૃતિ પૂજા

### હવા

કેટલાક લોકો વાયુ (હવા)ને પોતાનો દેવ / ખાલિક માને છે અને તેની પુજા (ઈબાદત) કરે છે. જયારે કે વાયુ તો પોતે જ એક મખ્લુક છે અને તેને મોકલનાર અલ્લાહ પોતે છે. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'યુરસેલ રૈયાહ' એટલે કે 'તે વાયુઓને મોકલે છે.' (સૂરે રૂમ, ૩૦ : ૪૬)

વળી, અલ્લાહ 'મુસખ્ખેરી રૈયાહ' છે, એટલે કે હવા તેના તાબા અને કાબુમાં છે. (દોઆએ ઈફતેતાહ)

### સમુદ્ર

માછીમારો, નાવિકો અને અન્ય કેટલાક લોકો સમુદ્રને પોતાનો દેવ / ખાલિક માની તેની પુજા (ઈબાદત) કરે છે, તેને વીનવે છે, તેની સમક્ષ જૂકી જાય છે. જયારે કે સમુદ્ર પોતે જ એક મખ્લૂક છે અને તેનો સર્જક અલ્લાહ છે. તેની ઉપર અલ્લાહનો કાબુ છે. અલ્લાહ ફરમાવે છે : 'લેતજ્રેયલ ફુલ્કો બે અમ્રેહી' એટલે 'તેના હુકમથી વહાણો ચાલી શકે છે' (સૂરે રૂમ, ૩૦ : ૪૬)

'વ રબ્બલ બહરીલ મસ્જૂર' 'અને અય ઘૂઘવાતા સમુદ્રના પાલનહાર' (દોઆએ અહદ)

આપણે દોઆએ ઈફતેતાહમાં અલ્લાહને 'મુજરેયલ ફુલ્ક' તરીકે યાદ કરીએ છીએ, એટલે કે તે વહાણોને ચલાવનાર છે, તેના હુકમથી વહાણો ચાલે છે.

### વરસાદ

ખેડૂતો અને પશુપાલકો અને અન્ય કેટલાક લોકો વરસાદને પોતાના દેવ / વરુણ / ખાલિક તરીકે માન્ય રાખે છે, અને તેની પુજા (ઈબાદત) કરે છે, અને જો તે ન આવે તો પોતાની માન્યતા મુજબ વરુણદેવને રીઝવે, મનાવે, વીનવે છે કે જેથી તે જલ્દી આવી જાય. જયારે કે વરસાદ પોતે જ એક મખ્લૂક છે અને તેનો સર્જક અલ્લાહ છે. તેને મોકલનાર અલ્લાહ છે. અલ્લાહના હુકમ અને તેની ઈચ્છા વિના વરસાદ આવી શકતો નથી. તે અલ્લાહના હુકમને તાબે છે. તેની ઉપર અલ્લાહનો કાબુ છે. વળી, અલ્લાહની રહેમતના કારણે વરસાદ વરસે છે, નહિં કે વરસાદ / વરૂણદેવની ઈબાદત કરવાથી.

અલ્લાહ તઆલા ફરમાવે છે : 'અલ્લાહ જ છે કે જે વાયુઓને મોકલે છે કે જેથી તે વાદળને ઉંચે લઈ આવે છે (ખેંચી લાવે છે), પછી તે તેને આસ્માનમાં ઈચ્છે તે રીતે ફેલાવી દે છે અને તે (અલ્લાહ) તેને ટુકડામાં વિભાજન કરે

છે, પછી તુ તેની અંદરથી વરસાદને આવતો જુએ છે. પછી જયારે તે તેને પોતાના બંદાઓમાંથી ઈચ્છે તેની ઉપર લઈ આવે છે, તો તેઓ આનંદ ઉલ્લાસ કરવા લાગી જાય છે.' (સૂરે રૂમ, ૩૦ : ૪૮)

વરસાદના આગમનથી લોકો આનંદમાં આવી જાય છે. પરંતુ તેના આવવા પહેલા તેઓ નિરાશ જણાય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : 'પરંતુ એ અગાઉ કે તેઓ ઉપર વરસાદ ઉતરે તે પહેલા તેઓ ચોક્કસપણે નિરાશામાં ગૂંચવાઈ ગયા હતા.' (સુરે રૂમ, ૩૦ : ૪૯)

અલ્લાહ પોતાની રહમત વડે લોકોની નિરાશાને દૂર કરે છે, પણ તેઓ વરસાદ મોકલનારનો આભાર માનવાને બદલે વરસાદની ઈબાદત કરે છે !

## વૃક્ષો અને વનસ્પતિ

અલ્લાહ તઆલા 'મુખ્રેજન નબાત' છે એટલે કે તે 'વૃક્ષો અને વનસ્પતિને ઉગાડનાર' છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : 'શું તું નથી જોતો કે બેશક અલ્લાહ જ આસ્માનમાંથી પાણીને ઉતારે છે, પછી અમે તેના વડે જુદા–જુદા રંગોના ફળોને બહાર કાઢી લાવીએ છીએ.' (સૂરે ફાતીર, ૩૫ : ૨૭)

જવશને કબીરમાં વર્ણન છે કે, અલ્લાહ 'ફાલેકુલ હબ્બ' છે એટલે કે તે 'દાણાઓને ફાડનાર છે.'

કેટલાક લોકો વૃક્ષો અને વનસ્પતિની પૂજા કરે છે, ઈબાદત કરે છે, તેની ફરતે ફરે છે, ક્રિયાકાંડ કરે છે. પરંતુ જાણી લેવું જોઈએ કે વૃક્ષો અને વનસ્પતિ અલ્લાહની મખ્લૂક છે. તેઓને ઉગાડનાર, તેઓને વૃઘ્ધિ અને વિકાસ આપનાર, તેઓને ઉપયોગી બનાવનાર, તેઓ ઉપર ફળો ઉગાડનાર એકમાત્ર અલ્લાહ જ છે. સારાંશ કે વૃક્ષો અને વનસ્પતિ ઈબાદત / પૂજા / બંદગીને લાયક નથી. ફકત અલ્લાહ જ બંદગીને લાયક છે.

## સૂર્ય, ચંદ્ર, તારા

કેટલાક લોકો સૂર્યને પોતાનો દેવ / ખાલિક માને છે અને તેની પુજા (ઈબાદત) કરે છે. જયારે કે સૂર્ય પોતે જ અલ્લાહની મખ્લૂક છે. તે અલ્લાહના હુકમ મુજબ ઉગે છે અને આથમે છે. તો વળી કેટલાક લોકો ચંદ્ર કે તારાની ઈબાદત કરે છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને જયારે અંધારી રાત આવી, તો તેણે (હઝરત ઈબ્રાહીમે) તારો જોયો. તેણે કહયું, 'શું આ મારો પરવરદીગાર છે ?' પછી જયારે તે આથમી ગયો, તો તેણે કહયું, 'હું આથમી જનારને પસંદ નથી કરતો'

પછી જયારે તેણે ચંદ્રને ઉગતો જોયો, તો કહયું 'શું આ મારો પરવરદીગાર છે ?', પરંતુ જયારે તે આથમી ગયો, તો તેણે કહયું, 'અગર જો મારા પરવરદીગારે મને હિદાયત ન આપી, તો હું ચોકકસપણે ગુમરાહ લોકોની કૌમમાંથી થઈ જઈશ.'

અને જયારે તેણે (ઈબ્રાહીમે) સૂર્યને ઉગતો જોયો, તો તેણે કહયું, 'શું આ મારો પરવરદીગાર છે ? શું આ સૌથી મોટો છે ?' પછી જયારે તે આથમી ગયો, તો તેણે કહયું, ''અય મારી કૌમ ! બેશક હું તે તમામથી પર (દૂર) છું જે કોઈને તમે (અલ્લાહ સાથે) સંબંધ આપો છો.'

બેશક હું મારો રૂખ તેની તરફ કરૂં છું જેણે આસ્માનો અને જમીનને યોગ્ય રીતે પેદા કર્યા. અને હું શીર્ક કરનારાઓમાંથી નથી. (સૂરે અન્આમ, ૬ : ૭૬ થી ૭૯)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : (હુદહુદે કહયું) બેશક મેં તેણીને (બિલકીસને) અને તેણીની કૌમને અલ્લાહને મૂકીને સૂર્યને સજદો કરતા જોયા છે, અને શૈતાને તેઓ માટે તેઓના કાર્યોને શણગારી દીધા છે, અને તેણે તેઓને સત્યમાર્ગથી ગુમરાહ કરી દીધા છે તેથી તેઓ હિદાયત (માર્ગદર્શન) પામતા નથી. (સૂરે નમ્લ, ૨૭ : ૨૪)

સારાંશ કે, લોકો અલ્લાહને મૂકીને તેની મખ્લૂકની ઈબાદત કરે છે, પરંતુ સત્ય હકીકત એ છે કે તે સૌનો મઅબૂદ છે. આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે 'યા મન હોવ ઈલાહો કુલ્લે શય્અ' એટલે કે 'અય તે જે તમામ ચીજનો અલ્લાહ છે.'

## 'શિર્કે અસ્ગર'

રિયાકારી, દેખાવ, દેખાડો કરવો, લોકોને દેખાડવા માટે કે સંભળાવવા માટે કામ કરવું આ બધા કાર્યો 'શિર્કે અસ્ગર' એટલે કે 'નાનું શિર્ક' ગણાય છે. અગર ઈન્સાન પોતાને 'શિર્ક'થી પાક કરવા માંગતો હોય, તો તેણે પોતાના તમામ કાર્યોને ફકત અલ્લાહ માટે, તેની જ ખુશી મેળવવા માટે, તેની જ નજદીકી મેળવવા માટે (કુરબતન એલલ્લાહ) અંજામ આપવા જોઈએ. ઉપરાંત તેના કોઈપણ કામમાં આ સિવાયનો અન્ય કોઈ હેતુ ન હોવો જોઈએ. બલ્કે ત્યાં સુધી કે તેના કોઈપણ કામમાં અલ્લાહની સાથે અન્ય કોઈને પણ ખુશ કરવાનો ઈરાદો ન હોવો જોઈએ. ખાલિસ (શુધ્ધ) ઈરાદો ફકત અલ્લાહની નજદીકી મેળવવાનો રાખીએ, તોજ શિર્કથી બચવું શકય છે. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : બંદાની અલ્લાહ સુબ્હાનહુ પ્રત્યે નજદીકી તેની નિય્યતના ઈખ્લાસ વડે હોય છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પ્રકરણ : ૫, પેજ : ૧૫, હદીસ : ૨૩)

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જાણી લેજો કે થોડોમાત્ર દેખાવ (રીયા) પણ શીર્ક છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૨૧, પ્રકરણ : ૯૫, હદીસ : ૩)

૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : રીયાકારી (દેખાવ) ઈબાદતની આફત છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૧૧, પ્રકરણ : ઈબાદત, હદીસ : ૨૧)

૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : રીયાકારની ઝબાન ખુબસૂરત હોય છે અને તેના દિલમાં બિમારીનો પ્રવેશ હોય છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૨૧, પ્રકરણ : ૯૬, હદીસ : ૬)

૪. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : કોઈને દેખાડવા કે સંભળાવવાના હેતુ વિના કામ કરો, કારણ કે બેશક જે કોઈ અલ્લાહ સિવાય અન્ય કોઈ માટે કામ કરે છે, તેને અલ્લાહ તેના સહારે છોડી દે છે, જેના માટે તે અમલ કરતો હોય છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૨૧, પ્રકરણ : ૯૬, હદીસ : ૧)

૫. ઈન્સાન ઉપર વાજીબ છે કે માત્ર અલ્લાહની મરજી ઉપર અમલ કરવાની નિય્યતથી નમાઝ પઢે. માટે, જો કોઈ 'રીયાકારી' (દેખાવ) કરે, એટલે કે લોકોને દેખાડવા માટે નમાઝ પઢે, તો નમાઝ બાતીલ છે. ચાહે એ રીયાકારીમાં ફકત લોકોને દેખાડવા પૂરતો ઈરાદો હોય, યા નિય્યતમાં ખુદાની મરજી અને લોકોને દેખાડવાનો મિશ્રિત ઈરાદો હોય, તો પણ નમાઝ બાતિલ છે. (તવઝીહુલ મસાઈલ, મસઅલો : ૯૫૫, આયતુલ્લાહ સીસ્તાની સાહેબ)

૬. ...જો (કોઈ શખ્સ) નમાઝને લગતા અમુક કાર્યો લોકોના દેખાવ માટે અંજામ આપે, જેમ કે દેખાવ માટે મસ્જિદમાં પઢે, અથવા ખાસ સમયે પઢે, અથવા ખાસ રીતથી પઢે, જેમ કે જમાઅત સાથે પઢે, તો પણ નમાઝ બાતિલ છે. (તવઝીહુલ મસાઈલ, મસઅલો : ૯૫૬, આયતુલ્લાહ સીસ્તાની સાહેબ)

૭. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : દેખાવ (રીયા) માટે નેક અમલ (ખૈર) ન કરો અને ન તો હયા (શરમ–સંકોચ)ના લીધે તેને છોડી દો. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૧૭૭, પ્રકરણ : ૭૯, ખૈર, હદીસ : ૧૮)

## 'શિર્ક'નો ગુનાહ માફીને પાત્ર નથી

'શિર્ક' બહુ જ મોટો ગુનાહ છે. કુરઆનમાં તેનો ઉલ્લેખ 'ઝુલ્મુન અઝીમ' (બહુ મોટો ઝુલ્મ) તરીકે થયો છે. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને જયારે લુકમાને પોતાના દીકરાને ફરમાવ્યું અને તેણે તેને નસીહત કરી કે, અય મારા દીકરા ! અલ્લાહની સાથે કોઈને શરીક (ભાગીદાર / જોડીદાર) ન કરજે, બેશક શિર્ક ચોક્કસપણે બહુ જ મોટો ઝુલ્મ છે.' (સૂરે લુકમાન, ૩૧ : ૧૩)

'શિર્ક' સૌથી મોટો ગુનાહ છે. ગુનાહે કબીરાની યાદીમાં સૌપ્રથમ ક્રમે આવતો ગુનાહ 'શિર્ક' છે. તે ગુનાહ માફીને પાત્ર નથી.

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : તે ઝુલ્મ કે જેને કદી માફ કરવામાં નહિં આવે, તે અલ્લાહની સાથે શિર્ક કરવું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : 'બેશક અલ્લાહ એ કદી માફ નહિં કરે કે તેની સાથે શિર્ક કરવામાં આવે.' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૪)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : બેશક અલ્લાહ એ કદી માફ નથી કરતો કે તેની સાથે કોઈને શરીક કરવામાં આવે અને એ સિવાય તે જેને ચાહે તેને માફ કરી દે છે. અને જેણે અલ્લાહની સાથે કોઈને ભાગીદાર / જોડીદાર કર્યો, તો પછી ચોક્કસપણે તેણે બહુ જ મોટો ગુનાહ કર્યો. (સૂરે નિસાઅ, ૪ : ૪૮)

## 'શિર્ક'થી દૂર રહેવાના ઉપાયો

૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જેણે નિર્મળતાથી (ખુલુસની સાથે) કહયું, 'લા એલાહ ઈલ્લલ્લાહ', તો પછી તે શિર્કથી મુકત થઈ ગયો. અને જે દુનિયામાંથી એવી રીતે બહાર નીકળ્યો કે તેણે અલ્લાહની સાથે કોઈને શરીક ન કર્યો, તો તે જન્નતમાં દાખલ થઈ ગયો. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૬)

૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)એ (શહાદત પહેલા) ફરમાવ્યું : મારી વસીય્યત છે કે, તમો કદીપણ અલ્લાહની સાથે કોઈને શરીક ન કરતા. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૩)

૩. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : અલ્લાહે શિર્કથી પવિત્ર (પાક) થવા માટે ઈમાનને જરૂરી ફરજ કરેલ છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૨૫૬, પ્રકરણ : ૧૧૭, હદીસ : ૧)

# ૩. જો એકથી વધુ ખુદા હોત, તો..?!

સામાન્ય અને અશિક્ષિત વ્યકિત પણ એ વાતને સરળતાથી સમજી શકે છે કે, જો ઘરના બે માલિક હોય, તો નાનકડા એવા ઘરનું સંચાલન અને વ્યવસ્થાપન પણ શાંતિપૂર્વક થઈ શકતા નથી, તો પછી આ સૃષ્ટિનું સંચાલન, આ જગતની વ્યવસ્થા, ગ્રહો અને તારામંડળોનું સમયપાલન અને સુવ્યવસ્થા જે રીતે એકસમાન નિયમો મુજબ ચાલી રહયા છે, જો તેના વ્યવસ્થાપક અને સંચાલક એકથી વધુ હોય, તો આ નજરે પડતી સુવ્યવસ્થા, ક્રમબધ્ધતા અને એકસમાન નિયમોનું પાલન કદી પણ શકય ન બને.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'જો અલ્લાહ સિવાય તેઓમાં (આસ્માનો અને જમીનમાં) કોઈ બીજા પણ ખુદાઓ હોત, તો તે બન્ને (જમીન અને આસ્માન) જરૂર અસ્તવ્યસ્ત (અવ્યવસ્થિત) થઈ જાત, માટે તેઓ જે કાંઈ વર્ણવે છે તેનાથી અર્શનો પાલનહાર અલ્લાહ પાક છે.' (સૂરે અમ્બીયા, ૨૧ : ૨૨)

અલ્લાહ સિવાય બીજો કોઈ ખુદા નથી, અને તેનો કોઈ ભાગીદાર પણ નથી. જો તેનો કોઈ ભાગીદાર હોત, અથવા બીજો પણ કોઈ ખુદા હોત, તો તેની મર્યાદા આવી જાત, અને દરેક નિર્ણયમાં તે બીજા ખુદા / ભાગીદારનો મોહતાજ બની જાત, જેમ કે ભાગીદારી પેઢીના ભાગીદારો આ બાબતને સારી રીતે અનુભવતા હોય છે.

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : અને જાણી લે, અય બેટા ! ખરેખર જો તારા પરવરદીગાર માટે બીજો કોઈ શરીક (ભાગીદાર / જોડીદાર) હોત, તો ચોક્કસપણે તેના રસૂલો પણ આવ્યા હોત, અને તુ તેના રાજય (મુલ્ક) અને તેની બાદશાહતના ચિહ્નોને પણ જરૂર જોઈ લેત, અને તુ ચોક્કસપણે તેના કાર્યો અને તેના ગુણોને પણ ઓળખી લેત. પરંતુ અલ્લાહ તો એક જ છે એવી જ રીતે જેમ તેણે પોતાની ખાસિયતનું વર્ણન પોતે જ કર્યું છે. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૫, પ્રકરણ : ૪૦, તૌહીદ, હદીસ : ૭)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અ એલાહું મઅલ્લાહે કુલ હા તુ બુરહાનકુમ ઈન કુન્તુમ સાદેકીન' એટલે કે 'શું અલ્લાહની સાથે બીજો પણ કોઈ ખુદા છે ? કહો : અગર તમે સાચા જ છો, તો પુરાવો લઈ આવો.' (સૂરે નમ્લ, ૨૭ : ૬૪)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અલ્લાહે કહયું છે, તમો બે ખુદાઓને ન અપનાવો, તે ફકત એક જ અલ્લાહ છે, માટે તમો ફકત મારાથી જ ડરો.' (સૂર નહ્લ, ૧૬ : ૫૧)

## 'અલ્લાહ' ફકત એક જ છે

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'હો વલ્લાહો અહદ' 'તે અલ્લાહ એક જ છે' (સૂરે તૌહીદ, ૧૧૨ : ૧)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અલ્લાહ સિવાય બીજો કોઈ ખુદા નથી' (સૂરે આલે ઈમરાન, ૩ : ૬૨)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે :'બેશક તમારો અલ્લાહ ચોક્કસપણે એક જ છે.' (સૂરે સાફફાત, ૩૭ : ૪)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે :'માટે જાણી લે કે બેશક કોઈ ખુદા નથી સિવાય કે અલ્લાહ' (સૂરે મોહમ્મદ, ૪૭ : ૧૯)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને ન પુકારો અલ્લાહની સાથે બીજા કોઈ ખુદાને, તેની સિવાય બીજો કોઈ ખુદા નથી, તેની ઝાત સિવાય તમામ ચીજ નાશ પામનારી છે, હુકમ (ફૈસલો) તેનો છે, અને તમો બધા તેની જ તરફ પાછા ફેરવવામાં આવશો.' (સૂરે કસસ, ૨૮ : ૮૮)

'વ લા કાન મઅહૂ મિન એલાહીન ગય્રોહુ' 'અને તેની સાથે તેની સિવાય બીજો કોઈ ખુદા પણ નથી' (દોઆએ મશ્લૂલ)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'ઈલાહોકુમ ઈલાહું વાહીદ' 'તમારો અલ્લાહ એક જ અલ્લાહ છે' (સૂરે નહ્લ, ૧૬ : ૨૨)

## 'અલ્લાહ'નું કોઈ બહુવચન નથી

અલ્લાહ એક જ છે. તેનું કોઈ બહુવચન નથી. કુરઆનમાં અમુક સ્થળે અલ્લાહ માટે 'અમે' (ના, નહ્નો) સર્વનામનો શબ્દપ્રયોગ થયેલ છે, પરંતુ તે તેનું બહુવચન નથી, બલ્કે તે શબ્દ તેની સલ્તનત, મોટાઈ અને બાદશાહીનો નિર્દેશ કરે છે.

## ૪. ઈબાદતને લાયક ફકત અલ્લાહ છે

ઈબાદત ફકત અલ્લાહ માટે જ છે. અલ્લાહ સિવાય અન્ય કોઈની ઈબાદત કરનારને 'મુશ્રીક' કહેવામાં આવે છે. તમામ નબીઓનો ધર્મપ્રચાર એ વિચારવસ્તુ ઉપર કેન્દ્રીત હતો કે, 'ફકત અલ્લાહની જ ઈબાદત કરો, અને તેની સિવાય બીજો કોઈ ખુદા નથી', આ બાબતનું વર્ણન કુરઆનમાં અનેક સ્થળે જોવા મળે છે. ઉલ્લેખનીય અને રસપ્રદ વાત છે કે તમામ મુસલમાનો પોતાની નમાઝોમાં સૂરે હમ્દની તિલાવત વખતે આ ઈસ્લામી વિચારને દોહરાવે છે કે, 'ઈય્યાક નઅ્બોદો વ ઈય્યાક નસ્તઈન' એટલે કે, 'અમે ફકત તારી જ ઈબાદત કરીએ છીએ અને તારી જ પાસે મદદ માંગીએ છીએ.'

## ૫. અલ્લાહ છે, તો દેખાતો કેમ નથી ?

અલ્લાહને આપણે જોઈ શકતા નથી. કારણ કે આંખથી જોઈ શકવું તેનો અર્થ એ થયો કે તે એક શરીર ધરાવે છે, જેને મકાન, રંગ, સ્વરૂપ અને દિશાની જરૂરત પડે છે. અને આ તમામ ગુણધર્મો અને ખાસિયતો મખ્લૂકની છે, અને અલ્લાહ તે વાતથી પવિત્ર અને પાક છે કે તેનામાં મખ્લૂકના ગુણો જોવા મળે. જેને જોઈ શકાય છે તે એક શરીર અને આકાર ધરાવે છે અને જે શરીર અને આકાર ધરાવે છે તે મર્યાદિત અને નાશવંત હોય છે, જ્યારે કે સત્ય હકીકત એ છે કે અલ્લાહ આ બધી ખાસિયતોથી પાક અને પવિત્ર છે, તે કદી પણ જોઈ શકાતો નથી.

આમ, 'અલ્લાહને જોઈ શકાય છે' એવી માન્યતા રાખવી એટલે શિર્કના ગુનાહમાં સપડાઈ જવું. કારણ કે અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'દ્રષ્ટિઓ તેને પામી શકતી નથી, અને તે દ્રષ્ટિઓને પામી લે છે, અને તે 'લતીફ' અને 'ખબીર' છે.' (સૂરે અન્આમ, ૬ : ૧૦૩)

'દોઆએ ઈફતેતાહ'માં વર્ણન છે કે, 'અલ્લઝી બઅોદ ફલા યોરા વ કરોબ ફશહેદ ન્નજવા' એટલે કે, 'તે એટલો દૂર છે કે જોઈ પણ નથી શકાતો અને એટલો નજદીક છે કે દરેક ભેદનો સાક્ષી છે.'

## <u>હઝરત મુસા પયગમ્બરની કૌમે અલ્લાહને જોવાની માંગણી કરી</u>

બની ઈસ્રાઈલના બહાનાબાજ લોકોએ હઝરત મુસા (અ.સ.)ને ફરમાઈશ અને માંગણી કરી કે તમે અમને અલ્લાહના દર્શન કરાવો. તેઓએ હઝરત મુસા (અ.સ.)ને કહયું : 'અમે આપની ઉપર ત્યાં સુધી ઈમાન નહિં લાવીએ, જયાં સુધી અમે સ્પષ્ટ રીતે અલ્લાહને ન જોઈ લઈએ.'

ઉપરોકત પ્રસંગનું વર્ણન કુરઆનમાં સૂરે અઅરાફમાં જોવા મળે છે : ''અને જયારે મુસા અમારા આપેલા ચોકકસ સમયે આવી પહોંચ્યા, અને તેના પાલનહારે તેની સાથે વાત કરી. તેણે કહયું : અય મારા પાલનહાર ! તુ મને (તારા) દર્શન આપ કે જેથી હું તારી તરફ નજર કરૂં. તેણે (અલ્લાહે) કહયું : તુ મને હરગીઝ જોઈ શકીશ નહિં, પરંતુ આ પર્વતની તરફ નજર કર. પછી અગર જો તે (પર્વત) પોતાની જગ્યાએ સ્થિર રહયો, તો ટૂંક સમયમાં તુ મને જોઈશ. પછી જયારે તેના પાલનહારે પર્વત ઉપર પોતાનો મહિમા (નુરનો પ્રકાશ) ફેંકયો, તો તેણે તેના ચૂરે–ચૂરા કરી નાખ્યા અને હઝરત મુસા (ત્યાં જ) બેહોશીમાં ઢળી પડયા. પછી જયારે ભાનમાં આવ્યા, તો કહેવા લાગ્યા : (અય મારા પાલનહાર!) તુ પાક છો, હું તારી સમક્ષ તૌબા કરૂં છું (પાછો ફરૂં છું) અને હું ઈમાન લાવનારાઓમાં સૌથી પહેલો છું.'' (સૂરે અઅરાફ, ૭ : ૧૪૩)

<u>સમજૂતિ</u> : એક વખત હઝરત મુસા 'તુર' પહાડ ઉપર જવા લાગ્યા, તો તેમની કૌમના લોકોએ જીદ કરી કે અમને પણ સાથે લેતા જાવ. તે લોકોએ હઝરત મુસાને કહ્યું કે, જો તમે અમારી વાત અલ્લાહને નહિં કરો, તો અમે તમને મારી નાખીશું. આપની 'અલ્લાહને જોવાની વિનંતી'ના જવાબમાં અલ્લાહ તરફથી જવાબ મળ્યો : 'લન તરાની' એટલે કે 'મને કદીપણ જોઈ શકશો નહિં', એટલે કે દુનિયામાં પણ નહિં અને આખેરતમાં પણ નહિં. પછી અલ્લાહે એક નુર / વીજળી ચમકાવી, જે તેની પોતાની જ મખ્લુક (સર્જન) છે, વીજળી ચમકતા જ પર્વતના ફૂરચા ઉડી ગયા અને હઝરત મુસા બેહોશ થઈ ગયા. સર્જન (વીજળી)ના ચમકારાને સહન નથી કરી શકાતો, તો પછી સર્જક (ખાલિક)ને જોવાની આશા કઈ રીતે રાખી શકાય ? (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆનમાંથી ટૂંકાવીને સારાંશ, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

## <u>અલ્લાહને દિલની આંખોથી જોઈ શકાય છે</u>

કુરઆનની જે આયતો અને હદીસો કે રીવાયતોમાં અલ્લાહને જોવાનો ઉલ્લેખ થયો છે, ત્યાં તેનો ભાવાર્થ અને સમજૂતિ એ થાય છે કે, 'અલ્લાહને દિલની આંખો વડે જોઈ શકાય છે.'

એક શખ્સે ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)ને પ્રશ્ન કર્યો : અય અમીરૂલ મોઅમેનીન ! શું તમે તમારા પરવરદીગારને જોયો છે ?

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : 'શું હું તેની ઈબાદત કરૂં છું જેને મેં જોયો ન હોય ?!'

પછી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : 'આંખો તેને જાહેરી રીતે નથી જોઈ શકતી, પરંતુ દિલ તેને ઈમાનની હકીકત વડે પામી લે છે.'

## આંખોથી જોઈ ન શકાય તેવી ચીજો

અલ્લાહે ઘણી બધી એવી ચીજોનું પણ સર્જન કર્યુ છે, જેને આપણે જોઈ શકતા નથી, છતાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી તેનું અસ્તિત્વ અને વુજુદ સાબિત થઈ ચૂકયું છે, જેમ કે : હવા, અવાજના તરંગો, અણુના ભાગો, ગુરૂત્વાકર્ષણ બળ, લાગણી, દર્દ, દુઃખાવો વગેરે.

## બોહલૂલે અબુ હનીફાને સમજાવ્યું

એક વખત બોહલુલ દાના અબુ હનીફાને પોતાના વિધ્યાર્થીને એમ કહેતા સાંભળે છે કે, મેં ઈમામ જઅફર સાદીક (અ.સ.) પાસેથી ત્રણ બાબતો સાંભળી છે, જે મને એમ લાગે છે કે ખોટી છે :

૧. અલ્લાહને જોઈ ન શકાય. પરંતુ તે ખોટી વાત છે, કારણ કે અગર કોઈ ચીજ અસ્તિત્વ ધરાવે છે, તો તે દેખાવી જ જોઈએ.

૨. શૈતાનને જહન્નમમાં સજા આપવામાં આવશે, પરંતુ તે અર્થહીન બાબત છે, કારણ કે શૈતાનને આગમાંથી પેદા કરવામાં આવ્યો છે. આગ કઈ રીતે તેને ઈજા પહોંચાડી શકે જે પોતે જ આગમાંથી બનેલો હોય ?

૩. ઈન્સાન પોતાના કાર્યોને પોતાની ઈચ્છા અને શકિત વડે અંજામ આપે છે, અને તે પોતાના કાર્યો માટે જવાબદાર છે. પરંતુ તે સત્ય નથી, કારણ કે ઈન્સાનના કાર્યો અલ્લાહની ઈચ્છા અને શકિત વડે થાય છે અને ખરી રીતે અલ્લાહ તે કાર્યો માટે જવાબદાર છે.

બોહલુલ દાના એક માટીનું ઢેફુ ઉપાડે છે અને અબુ હનીફા તરફ ફેંકે છે. તે ઢેફુ તેના કપાળ ઉપર વાગે છે. તે દર્દના કારણે ચીસ પાડી ઉઠે છે. તેના વિધ્યાર્થીઓ બોહલુલને પકડી પાડે છે અને તેમને કાઝી (ન્યાયાધીશ) પાસે લઈ જાય છે. કાઝી ફરીયાદ સાંભળે છે અને બોહલુલને તે આક્ષેપો સાચા છે કે કેમ તે પૂછે છે.

બોહલુલ : અય કાઝી ! અબુ હનીફાનો આક્ષેપ છે કે તેને માથામાં ઢેફુ વાગવાના કારણે દર્દ થઈ રહયું છે. પરંતુ મને લાગે છે કે તે જુઠુ બોલી રહયો છે. હું આ વાત ત્યાં સુધી માન્ય નહિં રાખુ, જયાં સુધી હું તે દર્દને જોઈ ન લઉ.

અબુ હનીફા : તુ ખરેખર પાગલ છો ! હું તને મારૂં દર્દ કેવી રીતે બતાવી શકું ? શું કોઈએ દર્દને જોયુ છે ?

બોહલુલ : પરંતુ, અય કાઝી ! તેણે હમણા જ તેના વિધ્યાર્થીને શીખવ્યું છે કે, 'અગર કોઈ ચીજ અસ્તિત્વ ધરાવે છે, તો તે દેખાવી જ જોઈએ.' તેના પોતાના અકીદા (માન્યતા) મુજબ તે પોતાનું દર્દ દેખાડી ન શકતો હોવાથી મારૂં કહેવું એમ છે કે તે કોઈપણ દર્દથી પીડાઈ નથી રહયો.

અબુ હનીફા : અરે ! મારૂં માથુ દર્દથી ફાટી રહયું છે.

બોહલુલ : અય કાઝી ! એક બીજી વાત પણ મને હમણા જ યાદ આવી. તે પોતાના વિદ્યાર્થીને એમ પણ કહી રહયો હતો કે શૈતાનને આગમાંથી બનાવવામાં આવ્યો છે, તેથી જહન્નમની આગ તેને કોઈ ઈજા પહોંચાડી શકશે નહિં. કુરઆન મુજબ ઈન્સાન માટીથી બનેલો છે. અને મેં તેને માટીનું ઢેફુ માર્યુ છે. મને નવાઈ લાગે છે કે તે કઈ રીતે એ દાવો કરી શકે કે એક માટીના ઢેફાએ એક માટીથી બનેલા ઈન્સાનને ઈજા પહોંચાડી છે ?!

અબુ હનીફા : અય કાઝી ! બોહલુલ પોતાની વાક્છટા અને બોલવાની કળા વડે છુટી જવા માંગે છે. મહેરબાની કરીને તેની પાસે મારો બદલો લો.

બોહલુલ : અય કાઝી ! મને લાગે છે કે અબુ હનીફા મને ખોટી રીતે આ કોર્ટમાં લઈ આવ્યો છે. તે હમણા જ તેના વિદ્યાર્થીને શીખવી રહયો હતો કે, 'ઈન્સાનના તમામ કાર્યો અલ્લાહના મારફતે થાય છે અને અલ્લાહ તે કાર્યો બદલ જવાબદાર છે.' તો હવે તે મને શા માટે અહિં લઈ આવ્યો છે ? અગર સાચેજ તે માટીનું ઢેફું વાગવાથી દર્દ અનુભવી રહયો છે, તો તેણે અલ્લાહ વિરૂધ્ધ અદાલતી દાવો માંડવો જોઈએ, જેણે તેને આ માટીનું ઢેફુ મરાવ્યું છે. શા માટે મારી જેવા ગરીબ નિર્દોષ વ્યકિતને કોર્ટમાં લાવવામાં આવ્યો છે, જયારે કે જે કાંઈ મે અંજામ આપ્યું છે તે હકીકતમાં અલ્લાહ ધ્વારા થયુ છે ?' છેવટે, કાઝીએ બોહલુલને મુકત કરી દીધો. (વિણેલા મોતી, ભાગ : ૧)

## <u>શું અલ્લાહનું દેખાવું વધારે સારૂં ન હોત ?</u>

<u>પ્રશ્ન :</u> જો અલ્લાહ દેખાતો હોત, તો તેના અસ્તિત્વ બાબતે કોઈ ઝઘડો જ ન રહેત. તેણે શા માટે પોતાને હિજાબમાં રાખ્યો, અને નબીઓ મોકલ્યા ? જો તે પોતાની મખ્લૂકની સાથે રહેત, તો લોકોનું ઈમાન વધુ મજબુત થઈ જાત.

<u>જવાબ :</u> ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તેનું અદીઠ હોવું (જોઈ ન શકાવું) તેના દ્રશ્યમાન થવાને રોકી નથી શકતું.' 'તે દ્રશ્યમાન હોવા છતા ગુપ્ત છે અને ગુપ્ત હોવા છતા દ્રશ્યમાન છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૯૫)

ઈમામ હુસૈન (અ.સ.)એ શીખવેલી અરફાના દિવસે પઢવાની દોઆમાં વર્ણન છે : 'શું કોઈ વસ્તુ તારાથી પણ વધારે જાહેર છે કે તે તારા માટે દલીલ બનીને તને જાહેર કરે, અરે તું કયારે અમારાથી ગાયબ છે કે તને જાહેર કરવામાં દલીલની યા રહેનુમાઈની જરૂરત પડે, અને કયારે તુ અમારાથી દૂર છે કે કોઈ વસ્તુઓ તારી બારગાહ સુધી પહોંચાડવા માટે કારણ બને, તે આંખો આંધળી છે જે તને પોતાની હિફાઝત કરનાર નથી સમજતી' 'તુ કેવી રીતે છુપી શકે ? જયારે કે દરેક વસ્તુમાં તુ દેખાય છે, અને કેમ કરી તુ ગાયબ રહે ? જયારે કે દરેકના સામે રહીને આમાલને જોઈ રહયો છો'

## સુન્ની માન્યતા

એહલે સુન્નતના સમૂહની માન્યતા છે કે, 'અલ્લાહને કયામતના દિવસે જોઈ શકાશે', કેટલાક લોકો એવી ગલત માન્યતા ધરાવે છે કે, કયામતના દિવસે ઈન્સાનને બીજી આંખો મળશે અથવા તેને એટલી સંવેદનશીલતા (શકિત) મળી જશે કે તે અલ્લાહને જોઈ શકશે. પરંતુ તેનો જવાબ એ છે કે ખુદાને શરીર નથી, અને તે કોઈ ભૌતિક ચીજ પણ નથી કે તેને જોઈ શકાય. તો શું કયામતના દિવસે અલ્લાહની પવિત્ર ઝાત કોઈ ભૌતિક વજુદમાં ફેરવાઈ જશે ?! અને શું તેનું અમર્યાદિત હોવું મર્યાદામાં આવી જશે ? અથવા શું કયામતના દિવસે તેને શરીર આવી જશે ?

આ માન્યતા પાયા વગરની અને બિનતાર્કીક છે. સુન્ની લોકો માન્યતા ધરાવે છે કે, 'કયામતના દિવસે મોઅમીનો અલ્લાહને જોઈ શકશે' તેનું કારણ એ છે કે, તેઓની ભરોસાપાત્ર કિતાબોમાં આ માન્યતા કેટલીક હદીસો ધ્વારા વર્ણન થયેલી છે, જેના કારણે તેઓ આ માન્યતાને જાળવી રાખવા માંગે છે. પરંતુ તેઓ માટે બહેતર એ છે કે તેઓ આ હદીસોને અક્કલની દ્રષ્ટિએ ચકાસી જુએ. તેમ કરવાથી તેઓ માટે સ્પષ્ટ થઈ જશે કે આ પ્રકારની હદીસો બનાવટી અને પાયા વગરની છે. અથવા તો પછી તેઓ માટે એક માર્ગ એ પણ છે કે તેઓ આ પ્રકારની હદીસોનું અર્થઘટન અને સમજણ દિલની આંખોથી જોવાના અર્થમાં કરવા લાગે.

<u>પ્રશ્ન :</u> સુન્ની લોકો 'અલ્લાહને કયામતના દિવસે જોઈ શકાશે' એ માન્યતાના પુરાવા રૂપે કુરઆનની કેટલીક આયતો રજૂ કરે છે, જેમ કે : 'વોજુવ્હું યવ્મએઝી નાઝેરતુન, એલા રબ્બેહા નાઝેરતુન' એટલે કે, 'તે દિવસે કેટલાક ચહેરા તેજસ્વી (ચમકદાર) હશે, પોતાના પાલનહારની તરફ નજર કરતા' (સૂરે કયામત, ૭૫ : ૨૨, ૨૩)

- એહલેબૈત (અ.સ.)નો દામન છોડી દેવાના કારણે તેઓ કુરઆનની આયતોની સાચી સમજૂતિને મેળવી નથી શકયા. ઉપરોકત આયતના અર્થઘટન (સમજૂતિ)માં જણાવવાનું કે નજર કરવાની વાત છે તે અલ્લાહ તરફ નહિં, બલ્કે અલ્લાહની નેઅમતો તરફ છે.
- કુરઆનની એક આયત બીજી આયતની વિરૂધ્ધ ન હોઈ શકે. કુરઆનમાં અન્ય ઠેકાણે સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે અલ્લાહને કયારેય જોઈ શકાશે નહિં. (લન તરાની)
- એહલેબૈત (અ.સ.)એ 'અલ્લાહને જોઈ શકાય છે' એવી ગલત માન્યતા અપનાવવાની સખત મનાઈ ફરમાવી છે, જેના વિષેની અનેક હદીસો અને રીવાયતો જોવા મળે છે.
- ઈસ્લામી સાહિત્યમાં જયાંપણ અલ્લાહને જોવાની વાત આવે છે, ત્યાં તેનું સહી અર્થઘટન 'દિલની આંખોથી જોવા'ના અર્થમાં થાય છે.

- આંખોની ખાસિયત છે કે તે ફકત તેવી જ ચીજોને જોઈ શકે છે, જેમાં રંગ અને કૈફીયત હોય, જયારે કે અલ્લાહ તેનાથી પાક છે, બલ્કે તે પોતે જ રંગ અને કૈફીયતનો સર્જક છે.

## ૬. અલ્લાહ કયાં રહે છે ?

### શું અલ્લાહ અર્શ ઉપર છે ?

કેટલાક લોકો, ખાસ કરીને સુન્ની સંપ્રદાયના અમુક લોકો કહે છે કે અલ્લાહ 'અર્શ' ઉપર છે. તેઓ પોતાની દલીલમાં કુરઆનની આ આયત રજૂ કરે છે : 'અર્રહમાનો અલલ અર્શીસ્તવા' જેનો શાબ્દિક અર્થ એ થાય છે કે ' રહમાન (અલ્લાહ) અર્શ ઉપર દ્રઢતાથી બેઠો છે' (સૂરે તાહા, ૨૦ : ૫)

સમજૂતિ : અલ્લાહને કોઈ મખ્લૂક, સ્થળ કે શરીરની જરૂરત નથી. બલ્કે તમામ મખ્લૂક તેની મોહતાજ છે. જે લોકો એમ કહે છે કે, અલ્લાહ અર્શ ઉપર બેઠો છે, તે ખોટું છે. તેણે પ્રત્યેક વસ્તુને ઘેરેલી છે. તે માત્ર સર્જક જ નથી, બલ્કે દરેક વસ્તુ ઉપર તેની સત્તા છે. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ, ૨૦ : ૫ ની તફસીરનો સારાંશ)

એહલેબૈત (અ.સ.)નો દામન છોડી દેવાના કારણે તેઓ કુરઆનની સાચી સમજૂતિ (તફસીર) મેળવી ન શકયા અને મુતશાબેહ (છુપા અર્થોવાળી) આયતોના ફકત જાહેરી અર્થને અને મરજી મુજબના અર્થઘટનને ઘ્યાનમાં લીધો. જેના કારણે તેઓ આ પ્રકારની માન્યતામાં સપડાઈ ગયા.

### શું અલ્લાહ મસ્જિદમાં રહે છે ?

પ્રશ્ન : આપણે ઘણી વખત સાંભળીએ છીએ કે, મસ્જિદ અલ્લાહનું ઘર છે. તો શું તેનો અર્થ એ થયો કે અલ્લાહ મસ્જિદમાં રહે છે ?

જવાબ : મસ્જિદ અલ્લાહની ઈબાદત માટેનું ખાસ અને સન્માનનીય સ્થળ છે. મસ્જિદમાં અલ્લાહની ઈબાદત અને બંદગી થાય છે, તેથી તેને 'અલ્લાહનું ઘર' કહેવામાં આવે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે અલ્લાહ ફકત મસ્જિદમાં જ રહે છે, અને જે રીતે આપણું એક ઘર હોય છે તેમ અલ્લાહનું ઘર મસ્જિદ છે. સત્ય હકીકત એ છે કે અલ્લાહનું કોઈ ઘર, પત્નિ, પુત્ર, સગાસંબંધીઓ કે કુટુંબ નથી.

### શું અલ્લાહ આકાશમાં રહે છે ?

પ્રશ્ન : મુસલમાનો દોઆ કરતી વખતે પોતાના હાથોને આસ્માનની તરફ ઉંચા કરે છે, કુનુતમાં પણ આજ રીતે હાથોને ઉંચા કરીને દોઆ કરવામાં આવે છે. તો શું તેનો અર્થ એ થયો કે અલ્લાહ આકાશમાં રહે છે ?

<u>જવાબ :</u> આપણને અલ્લાહ પાસે દોઆ અને માંગણી કરવાની રીત એ બતાવવામાં આવી છે કે જયારે તેની પાસે માંગીએ, તો આપણા હાથોને આસ્માનની તરફ ઉંચા કરીએ. દોઆ કરવાની આ રીત બાબતે મુસલમાનોના તમામ સમૂહો અને સંપ્રદાયો એકમત છે. પરંતુ તેનો અર્થ એ નથી કે અલ્લાહ આકાશમાં રહેતો હોવાથી મુસલમાનો હાથોને બુલંદ કરે છે. તે દોઆ અને માંગણીની એક રીત છે જેને મુસલમાનો અનુસરે છે.

વળી, આપણે દોઆ કરતી હાથોને ઉંચા કરીને અલ્લાહને આપનાર અને પોતાને માંગનાર બતાવીએ છીએ. હાથોને બુલંદ કરવા એ તેની પાસે માંગણી કરવાની નિશાની છે. અલ્લાહની મહાનતા અને આપણી કમતરી તથા તેની સમક્ષ સમર્પણની ભાવના સ્વરૂપે પણ આપણે હાથોને બુલંદ કરીએ છીએ.

શૈખે સદુક (અ.ર.)ની કિતાબ 'ખેસાલ'માં વર્ણન છે કે, ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)એ ફરમાવ્યું : 'ઈઝા ફરગ અહદોકુમ મેનસ્સલાતે ફલયરફઓ યદય્હે એલ સ્સમાએ વલમનસ્સબ ફી દદોઆએ' એટલે કે 'જયારે તમારામાંથી કોઈ નમાઝ પઢી લે, પછી તેણે પોતાના હાથને આસ્માનની તરફ બુલંદ કરવા અને દોઆ (માંગણી)માં વ્યસ્ત થઈ જવું.'

એક શખ્સે ઈમામ (અ.સ.)ને તે સમયે પૂછયું : 'અય અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ! શું અલ્લાહ દરેક જગ્યાએ મૌજૂદ નથી ?'

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : 'હા! દરેક જગ્યાએ મૌજૂદ છે.'

તે શખ્સે કહયું : 'તો પછી બંદાઓ પોતાના હાથોને આકાશની તરફ શા માટે ઉંચા કરે છે ?'

ઈમામ (અ.સ.)એ જવાબમાં સૂરે ઝારેયાતની બાવીસમી આયત તિલાવત ફરમાવી : 'વ ફીસ્સમાએ રીઝકોકુમ વ મા તુવઅદૂન' એટલે કે 'અને આકાશમાં તમારી રોઝી છે અને જે કાંઈ તમને વાયદો કરવામાં આવ્યો છે તે (પણ)' (ખેસાલ, લેખક : શેખ સદુક અ.ર.)

લોકો માટે ઘણી બધી રોઝી આસ્માનમાં છે, જેમ કે વરસાદ, જે આસ્માનમાંથી આવે છે. સૂર્યનો પ્રકાશ જે તેના કિરણો મારફતે જમીન ઉપર આવે છે. હવા જે આકાશમાં હોય છે. આ રીતે જોઈએ તો આકાશ એ મોટાભાગની રોઝીનું કેન્દ્રસ્થાન છે.

ઘણી બધી દોઆઓ અને આ'માલની અદાયગીની રીતમાં આપણને મકાનની છત કે અગાસી ઉપર અથવા ખુલ્લા મેદાનમાં આસ્માનની નીચે જે–તે દોઆ કે આ'માલને બજાવી લાવવાની સૂચના આપવામાં આવી છે, જેનું વર્ણન દોઆઓની કિતાબોમાં જોવા મળે છે.

આમ, ઉપરોકત કેટલાક કારણોસર આપણે રોઝીના માલિક અલ્લાહ પાસે દોઆ કરતી વખતે આપણા હાથોને આસ્માનની તરફ ઉંચા કરીએ છીએ. સારાંશ કે અલ્લાહ ફકત આસ્માનમાં નથી.

## <u>અલ્લાહને શા માટે કોઈ મકાન / સ્થળની જરૂર નથી ?</u>

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા ‘લા મકાન’ છે, એટલે કે તે કોઈ સ્થળ / મકાનનો મોહતાજ નથી, કારણ કે મકાનની જરૂરત તેને હોય છે, જે શરીર ધરાવે છે અને અલ્લાહને શરીર કે અવયવો નથી. અને જો તેને કોઈ સ્થળ / મકાન હોય, તો તે મર્યાદિત બની જાય, જયારે કે સત્ય હકીકત એ છે કે તે અમર્યાદિત અને અસીમ છે.

## <u>અલ્લાહ દરેક જગ્યાએ હાજર છે</u>

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા દરેક જગ્યાએ મૌજૂદ છે. કોઈ એવી જગ્યા નથી, જયાં તે હાજર ન હોય. એવું કોઈ સ્થળ નથી, જયાં તમે જતા રહો કે જેથી તે તમને ન જોઈ શકે. તે કોઈ જગ્યા કે સ્થળ પૂરતો મર્યાદિત નથી. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘તે તમારી સાથે છે, તમે જયાંપણ હોવ.’ (સૂરે હદીદ, ૫૭:૪)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘વ નહનો અકરબો ઈલય્હે મીન હબ્લીલ વરીદ’ ‘ અને અમે ધોરી નસથી પણ વધુ તેની નજદીક છીએ’ (સૂરે કાફ, ૫૦ : ૧૬)

## ૭. અલ્લાહ ઉંઘતો નથી

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘લા તઅ્ખોઝોહુ સેનતું વલા નવ્મ’ એટલે કે ‘ ઝોલુ / ઝોકુ કે ઉંઘ તેને આવતા નથી’ (સૂરે બકરહ, ૨ : ૨૫૫, આયતુલ કુરસી)

<u>સમજૂતિ :</u> એક વખત હઝરત મુસા (અ.સ.)ને કેટલાક લોકોએ કહયું કે, આપ અલ્લાહને પૂછો કે, ‘તે સુવે છે કે નહિં ?’ હઝરત મુસાએ અલ્લાહની બારગાહમાં લોકોનો આ પ્રશ્ન રજૂ કર્યો. અલ્લાહે એક ફરીશ્તાને બે કાચની બોટલ લઈને મોકલ્યો અને હઝરત મુસાને કહયું કે, આ બન્ને બોટલ બન્ને હાથોમાં પકડીને બે રાત સુધી નિયમિત જાગતા રહો. પરંતુ, ખ્યાલ રાખજો કે આ બંને ટકરાઈ ન જાય. હઝરત મુસા અલ્લાહના હુકમ મુજબ પહેલી રાત્રે જાગતા હતા, પરંતુ રાતના છેલ્લા ભાગમાં બંને બોટલ (ઉંઘના કારણે) એકબીજા સાથે ટકરાઈ ગઈ. હઝરત મુસાને અલ્લાહ તરફથી વહી થઈ કે, ‘અય મુસા ! જો હું સૂઈ જાવ, તો જગતનો વ્યવહાર કોણ સંભાળે ?’ (સૃષ્ટિસંચાલન અસ્તવ્યસ્ત થઈ જાય)

યહુદીઓએ આજ સવાલ હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ને કર્યો હતો, જેના જવાબમાં આયતુલ કુરસી નાઝીલ થઈ.

પછી યહુદીઓએ આપ (સ.અ.વ.)ને પૂછયું : શું જન્નતના રહેવાસીઓ ઉંઘશે ખરા ?

આપ (અ.સ.)એ ફરમાવ્યું : ઉંઘ મૌતની બહેન છે, ન તો જન્નતીને અને ન તો જહન્નમીને ઉંઘવાનું હશે. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

આપણે 'જવશને કબીર'માં પઢીએ છીએ કે,'યા કય્યુમલ લા યનામો' એટલે કે 'અય કાયમી / અનંત કે જે કદી ઉંઘતો નથી'

'દોઆએ મશ્લૂલ'માં અલ્લાહ માટે વર્ણન છે : 'લમ તનમ' 'તે કદી ઉંઘતો નથી'

## ૮. અલ્લાહને મૌત નથી

અલ્લાહ અવિનાશી છે. તેના માટે ફના નથી. તેને મૌત નથી. તે સદાય જીવંત અને હયાત છે. આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા હય્યલ લા યમૂત' એટલે કે 'અય જીવંત કે જે કદી મરતો નથી' અને 'યા બાકેયલ લા યફના' એટલે કે, 'અય બાકી રહેનાર કે જે કદી નાશ પામનાર નથી' અને 'યા દાએમન લા યફૂત' એટલે કે 'અય હંમેશા રહેનાર જે કદી પસાર નથી થઈ જતો' અને 'યા મન કુલ્લો શય્ઈન હાલેકુન ઈલ્લા વજહહ' એટલે કે 'અય તે કે દરેક ચીજ નાશ પામનારી છે સિવાય તેની ઝાત'

તે 'હય્યુલ કય્યુમ' છે, એટલે કે તે સદા હયાત અને સદા મૌજુદ છે. તેના માટે કોઈ સમય, કાળ કે ઉંમરનું બંધન નથી. તે હંમેશાથી છે અને હંમેશા રહેશે. તેનું અસ્તિત્વ કાયમી છે. એજ રીતે તેના માટે સ્થળની કોઈ કૈદ નથી. એવો કોઈ સમય ન હતો કે જયારે તે ન હતો, અને એવો કોઈ સમય નથી, જયારે તે નહિં હોય. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે દરેક સ્થળે અને દરેક પળે મૌજુદ છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૯૫)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તેનું અસ્તિત્વ સમયની પહેલાથી છે, અને તેનું અસ્તિત્વ શૂન્યની પણ પહેલાથી છે, અને તેનું હંમેશાથી હોવું આરંભની પહેલાથી છે.' 'તેના અસ્તિત્વના સૂર્યનો કોઈ અસ્ત નથી.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'કુલ્લો શય્ઈન હાલેકુન ઈલ્લા વજ્હહ' 'તેની સિવાય તમામ ચીજ નાશ પામનારી છે' (સૂરે કસસ, ૨૮ : ૮૮)

### <u>'અલ્લાહ' કદીમ છે</u>

અલ્લાહ કદીમ છે, એટલે કે તે હંમેશાથી છે અને હંમેશા રહેશે. તેનું અસ્તિત્વ હંમેશાથી છે અને સદાયને માટે છે. તેના અસ્તિત્વનો કોઈ પ્રારંભ નથી અને અંત પણ નથી. કુરઆનમાં વર્ણન છે કે, 'હોવલ અવ્વલો વલ આખિર' એટલે કે 'એજ પહેલો છે અને એજ અંતિમ છે.' (સૂરે હદીદ, ૫૭ : ૩)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તેની પહેલા કંઈ હોવાનો સવાલ નથી, નહિંતર એ પણ કદીમ અને બીજો ખુદા થઈ જાત.' 'તે દુનિયાના નાશ પછી પણ બાકી રહેનાર છે અને તેની સાથે રહેનાર કોઈ નથી, જેમ કે આરંભમાં પણ એમ જ હતું અને અંતમાં પણ એમ જ થનાર છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

'વ યા હય્યન હીય્ન લા હય્ય' 'અને અય ત્યારે પણ જીવંત કે જયારે કોઈ જીવંત ન હતું' (દોઆએ અહદ)

અલ્લાહ 'કદીમ' છે. રિવાયતોમાં અને દોઆઓમાં 'કદીમ'ના નજદીકના અર્થો અથવા તો સમાનાર્થી શબ્દો તરીકે 'સરમદી', 'અઝલી', અને 'અબદી' શબ્દોનો ઉપયોગ થયો છે, જેનો ભાવાર્થ પણ એજ થાય છે કે, અલ્લાહ હંમેશાથી છે અને હંમેશા રહેશે' તે પહેલેથી જેવો છે તેવો જ આજે પણ છે. તેમાં કોઈ ફેરફાર નથી. શરૂથી અંત સુધી તેમાં કોઈ બદલાવ થવાનો નથી.

ઈમામ હુસૈન (અ.સ.)એ શીખવેલી અરફાના દિવસે પઢવાની દોઆમાં આપણે પઢીએ છીએ કે, 'તુ ત્યારે પણ જીવતો રહીશ, જયારે કોઈ જીવતુ નહિં હોય'

દોઆએ અદીલામાં વર્ણન છે કે :

'હય્યુન અહદિય્યુન' એટલે કે 'એકમાત્ર સદાય જીવંત'

'મવજૂદુન સરમદીયુન' એટલે કે 'હંમેશા હાજર'

'વોજૂદોહૂ કબ્લલકબ્લે ફી અઝલિલ આઝાલ'

તેની હસ્તિ અનંતકાળમાં તમામની પહેલા પણ હતી

'વ બકાઓહૂ બઅદલ બઅદ મિન ગયરે ઈનતેકાલિન વલા ઝવાલ'

અને તેનું બાકી રહેવું સ્થળાંતર અને પડતી વિના તમામની પછી પણ છે. (દોઆએ અદીલા)

## ૯. અલ્લાહ ખાતો નથી

અલ્લાહ ખાતો નથી. તેને ભોજન લેવાની જરૂરત નથી. તે ખોરાકનો મોહતાજ નથી. આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા સમદલ લા યુત્અમો' એટલે કે 'અય બેનિયાઝ / બેપરવા જે ખાતો નથી'

'વ યુત્એમો વલા યુત્અમ' 'અને તે બધાને ખવરાવે છે, અને નહિં કે તેને ખવરાવવામાં આવતો હોય' (દોઆએ ઈફતેતાહ)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'વ યુત્એમો વલા યુત્અમ' 'અને તે (બધાને) ખવરાવે છે, અને તેને ખવરાવવામાં આવતો નથી' (સૂરે અન્આમ, ૬ : ૧૪)

## ૧૦. અલ્લાહ કોઈ ચીજનો બનેલો નથી

અલ્લાહ 'મુરક્કબ' નથી, એટલે કે તે કોઈ ચીજનો બનેલો નથી. તે કોઈ ચીજ કે પદાર્થનું મિશ્રણ, સંયોજન કે સંયુકત રચના નથી. જો કોઈ એમ વિચારે છે, તો તે ગલત છે, કારણ કે જો તેમ હોય તો પછી તે એ પદાર્થ / ચીજનો મોહતાજ થઈ જશે, જેના વડે તે બન્યો છે. જયારે કે હકીકત એ છે કે તે 'ગની' છે, તે કોઈનો પણ મોહતાજ નથી. તેને કોઈની પણ જરૂરત નથી.

## ૧૧. અલ્લાહ કોઈનો મોહતાજ નથી

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અલ્લાહુ સ્સમદ', એટલે કે 'અલ્લાહ બેનિયાઝ અને બેપરવા છે' (સૂરે તૌહીદ, ૧૧૨ : ૨)

અલ્લાહ કોઈનો મોહતાજ, આશ્રિત, અવલંબિત કે જરૂરતમંદ નથી. તે દરેક રીતે 'ગની' છે, જેમ કે ઈલ્મ, શકિત, સત્તા વગેરે. કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ દ્રષ્ટિએ અને કોઈપણ રીતે તે કોઈનો જરૂરતમંદ નથી. તેને પોતાના અસ્તિત્વ માટે કોઈ માધ્યમની પણ જરૂર નથી. તે કોઈની ઉપર આધારિત કે નિર્ભર નથી. તેને કોઈની જરૂર નથી.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અય લોકો ! તમો બધા અલ્લાહના મોહતાજ (જરૂરતમંદ) છો, અને અલ્લાહ તો 'ગની' (બેપરવા) અને 'હમીદ' (વખણાયેલ) છે.' (સૂરે ફાતીર, ૩૫ : ૧૫)

આપણા ગુનાહોથી તેનું કોઈ નુકસાન નથી થતું. વળી, તેને કોઈની ઈબાદતની પણ જરૂર નથી. બલ્કે દરેક નેક અમલ કરવા માટેની તૌફીક (મદદ અને સાધનો) તે અતા કરે છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'ફઈન્નલ્લાહ ગનીય્યું અનિલ આલમીન' એટલે કે 'તો પછી બેશક અલ્લાહ બેનિયાઝ છે દુનિયાઓ(ની કોઈપણ જરૂરત)થી' (સૂરે આલે ઈમરાન, ૩ : ૯૭)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને મુસાએ કહયું : અગર તમે નાશુક્રી કરશો, તમે અને જેઓ ધરતી ઉપર છે તેઓ બધા ભેગા મળીને, તો પણ બેશક અલ્લાહ 'ગની' (બેનિયાઝ) અને 'હમીદ' (વખાણને પાત્ર) છે' (સૂરે ઈબ્રાહીમ, ૧૪ : ૮)

અલ્લાહ કોઈ વજીર, મંત્રી, સલાહકાર કે સહાયકનો પણ મોહતાજ નથી. 'વ લા કાન મઅહૂ વઝીર, વલત્તખઝ મઅહૂ મુશીર, વલહ્તાજ એલા ઝહીર' 'અને ન તો તેનો કોઈ વજીર છે, અને ન તો તેણે કોઈ સલાહકારને અપનાવ્યો છે, અને ન તો તે કોઈ સહાયકનો મોહતાજ છે' (દોઆએ મશ્લૂલ)

## દરેક ચીજ અલ્લાહની મોહતાજ છે

દરેક ચીજ અલ્લાહની મોહતાજ છે. તે કોઈનો મોહતાજ નથી.

## તે 'ગની' છે અને 'ગની કરનાર' છે

અલ્લાહ 'ગની' છે, તેને કોઈની જરૂર નથી. બલ્કે તે 'ગની કરનાર' છે. તે 'મુગ્નેયલ ફકીર' છે એટલે કે તે 'ફકીરોને તવંગર કરનાર' છે. અલ્લાહનું એક નામ 'મુગ્નેયો' પણ છે, એટલે કે 'ગની કરનાર'

# ૧૨. અલ્લાહને શરીર નથી

અલ્લાહને કોઈ શરીર નથી. તેનું કોઈ સ્વરૂપ, આકાર કે માળખુ પણ નથી અને તે અવયવો કે અંગો પણ ધરાવતો નથી. અગર કોઈ તેમ માને છે, તો તે ગલત છે, કારણ કે દરેક શરીર મર્યાદિત, મોહતાજ અને નાશવંત હોય છે. જયારે કે અલ્લાહ આ બધી ખાસિયતોથી પાક અને પવિત્ર છે. તેની પવિત્ર ઝાત અવિનાશી અને અમર્યાદિત છે. તે કોઈનો પણ મોહતાજ નથી.

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે ન તો અવયવો ધરાવે છે, ન તો અંગો અને ઉપાંગો ધરાવે છે.' 'તે વાત કરે છે પણ જીભ અને તાળવાની મદદથી નહિં અને સાંભળે છે પણ કાનના સુરાખ અને સાધનથી નહિં, તે બોલે છે પણ શબ્દોથી નહિં, અને દરેક ચીજને યાદ રાખે છે પણ યાદશકિત વડે નહિં' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

## અલ્લાહનું કોઈ ચિત્ર નથી

અલ્લાહનો કોઈ આકાર નથી. તેને ન તો માપી શકાય છે અને ન તો તેનું વજન કરી શકાય છે. તેનું કોઈ ચિત્ર કે આકૃતિ પણ નથી, ત્યાં સુધી કે તે કલ્પના, વિચાર, અનુમાન, ભ્રમ, ખ્યાલ, ધારણા કે આભાસમાં પણ આવી શકતો નથી અને ઈસ્લામી માન્યતા મુજબ તેમ કરવાની સખ્ત મનાઈ છે. કારણ કે તમે જે વિચારો છો અથવા કલ્પના કરો છો, તે એક મખ્લૂક છે, અને ખાલિક તેના મખ્લૂક જેવો ન હોઈ શકે. જયારે એવું પૂછવામાં આવે કે, 'તો પછી તે કેવો છે ?' તો તેનો જવાબ એ છે કે, 'લય્સ કમીસ્લેહી શય્અ' એટલે કે 'તેની જેવું બીજુ કોઈ નથી' અને 'વ લમ યકુલ લહુ કુફુવન અહદ' એટલે કે 'તેનો કોઈ સમોવડીયો / બરોબરીયો નથી.'

કુરઆન આપણને પ્રશ્ન પૂછે છે : 'હલ તઅલમો લહુ સમીય્યા' એટલે કે 'શું તમે એવા કોઈને જાણો છો જે તેની જેવો હોય ?' (સૂરે મરિયમ, ૧૯ : ૬૫)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'કલ્પનાઓ તેને પામી નથી શકતી કે તેનું પ્રમાણ નક્કી કરે, અને ડહાપણ તેની કલ્પના નથી કરી શકતું કે તેનું ચિત્ર દોરે' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

## 'એહલે તજ્સીમ' સમૂહની માન્યતા

'તજ્સીમ' એ અરબીના 'જીસ્મ' ઉપરથી બનેલો શબ્દ છે, જેનો અર્થ 'શરીર' કે 'બોડી' થાય છે. 'એહલે તજ્સીમ' સમૂહના લોકો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાને શરીરનો સંબંધ આપીને તેને તેની મખ્લૂકની સાથે સરખાવે છે. તેઓ અલ્લાહને મખ્લૂકનું એક કાલ્પનિક શરીર આપે છે. આ સમૂહના લોકો 'મુજસ્સેમહ' અથવા **ANTHROPOMORPHISTS** તરીકે પણ ઓળખાય છે.

## 'એહ્લે તશ્બીહ' સમૂહની માન્યતા

'તશ્બીહ' એ અરબીના 'શબીહ' ઉપરથી બનેલો શબ્દ છે, જેનો અર્થ 'એકરૂપતા', 'પ્રતિકૃતિ' કે 'સામ્યતા' થાય છે. 'એહલે તશ્બીહ' સમૂહના લોકો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની સરખામણી કાલ્પનિક રીતે અન્ય ચીજની સાથે કરે છે. આ રીતે તેઓ અલ્લાહને તેની મખ્લૂકની સાથે સરખાવે છે. આ સમૂહના લોકો 'મુશબ્બેહા' તરીકે પણ ઓળખાય છે. તેઓને પણ 'એહલે તજ્સીમ'ની જેમ **ANTHROPOMORPHISTS** તરીકે ઓળખવામાં આવે છે.

## 'એહલે તજ્સીમ' અને 'એહ્લે તશ્બીહ' સમૂહની કેટલીક અંગત બાબતો

આ બંને સમૂહના લોકો સામાન્ય રીતે અલ્લાહના આકાર કે કદ બાબતે કોઈ ચોક્કસ વર્ણન આપતા નથી. તેઓ એવું માને છે / કલ્પના કરે છે કે અલ્લાહ એક મહાન રાજાની જેમ એક વિશાળ ખુરશી / સિંહાસન ઉપર છે. તેઓ એવું માને છે કે અલ્લાહે સાતમા આસ્માનની ઉપર પોતાનું સ્થાન ગ્રહણ કરેલ છે અને તે અવયવો ધરાવે છે, જેમ કે, હાથ, આંગળીઓ, ચહેરો, પગ, આંખ, ઝાંઘ વગેરે. (મઆઝલ્લાહ) પરંતુ તેઓ આ અવયવોની ચોક્કસ માપ સાઈઝનું વર્ણન નથી આપતા. તેઓ એ પણ માને છે કે અલ્લાહ પોતાની રજવાડી ખુરશી / સિંહાસન ઉપર બેઠો છે, તે હરેફરે છે, આવે છે અને જાય પણ છે. તેઓ માને છે કે અલ્લાહ આ બધા કાર્યો શારિરિક રીતે અંજામ આપે છે.

એકંદરે 'એહલે તજ્સીમ' અને 'એહ્લે તશ્બીહ' સમૂહના લોકો મૂર્તિપૂજકો જેવા જ છે, કારણ કે મૂર્તિપૂજકો એ મૂર્તિઓની પૂજા (ઈબાદત) કરે છે જેને તેઓએ શિલ્પીકામ કરીને બનાવી હોય છે, જયારે કે 'એહલે તજ્સીમ' અને 'એહ્લે તશ્બીહ' સમૂહના લોકો એ ચિત્ર, આકૃતિ કે આકારની ઈબાદત કરે છે, જેને તેઓએ કલ્પનામાં બનાવી હોય છે.

## 'એહ્લે તજ્સીમ'ની દલીલોનો જવાબ

<u>પ્રશ્ન :</u> 'એહ્લે તજ્સીમ' સમૂહના લોકો પોતાની માન્યતાને સાબિત કરવા માટે કુરઆનની આયતો રજૂ કરે છે, જેમ કે : 'યદુલ્લાહે ફવ્ક અય્દીય્હીમ' એટલે કે 'તેઓના હાથો ઉપર અલ્લાહનો હાથ છે.' (સૂરે ફત્હ, ૪૮:૧૦), તો શું ખરેખર અલ્લાહને હાથ છે ?

<u>જવાબ :</u> એહલેબૈત (અ.સ.)નો દામન છોડવાનું પરિણામ એ આવ્યું કે લોકો કુરઆનને સહી રીતે સમજી ન શકયા અને મુતશાબેહ (છુપા અર્થોવાળી) આયતોને તરજુમા ઉપરથી અને પોતાની મરજી મુજબ સમજવા લાગ્યા, જેના પરિણામસ્વરૂપે તેઓ અનેકવિધ ગલત માન્યતાઓનો શિકાર થઈ ગયા. ઉપરોકત આયતમાં શબ્દ 'યદ'નો ભાવાર્થ 'હાથ' નથી બલ્કે અલ્લાહની કુદરત, કુવ્વત અને તાકત છે જે બધા ઉપર છવાયેલી છે.

## ૧૩. અલ્લાહને પત્નિ, સંતાનો, પિતા કે સગાસંબંધીઓ નથી

અલ્લાહને કોઈ પિતા, પુત્ર, પત્નિ કે સગા–સંબંધીઓ નથી. તેનો કોઈ કુટુંબ કે કબીલો નથી. તે કોઈને જન્મ આપતો નથી. તેને કોઈએ જન્મ આપેલ નથી.

'વ લમ યત્તખીઝ સાહેબતં વલા વલદા' 'અને તેણે પત્નિ કે પુત્રને નથી અપનાવ્યા' (દોઆએ ઈફતેતાહ)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'લમ યલિદ, વ લમ યુવ્લદ' એટલે કે 'તે કોઈને જન્મ આપતો નથી અને તેને કોઈએ જન્મ આપેલ નથી' (સૂરે તૌહીદ, ૧૧૨ : ૩)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને કહો કે તમામ વખાણ અલ્લાહના જ છે જેણે પુત્રને અપનાવેલ નથી અને રાજયશાસન (મુલ્ક)માં તેનો કોઈ ભાગીદાર પણ નથી અને એવું પણ નથી કે નામોશી (બદનામી)થી બચવા તેણે કોઈ સહાયક (મદદગાર)ને લીધો હોય. માટે તુ મોટાઈ વર્ણવ તેના મહાન હોવાની.' (સૂરે બની ઈસ્રાઈલ, ૧૭ : ૧૧૧)

'વ લમ યકુન લહુ સાહેબહ' 'અને તેને પત્નિ નથી' (દોઆએ મશ્લૂલ)

## ૧૪. હુલૂલ નથી

- <u>હુલૂલ :</u> સ્થાન ફેરબદલીકરણ, સ્થાન ફેરબદલી, સ્થાનાધિકાર પરિવર્તન, સ્થાનાપન્નતા
- <u>હુલૂલ :</u> એક ચીજનું બીજી ચીજમાં એવી રીતે દાખલ થઈ જવું કે બંનેમાં તફાવત પારખી ન શકાય, બંને એક જ બની જાય, એકીકરણ થઈ જાય.
- <u>મઝહબે હોલૂલ (હુલૂલીય્યહ) :</u> **IMMANENTISM, PANTHEISM, مذهب حلول**
- <u>હુલૂલ નથી :</u> કોઈ વસ્તુ અલ્લાહમાં પ્રવેશી શકતી નથી. અને ન તો અલ્લાહ કોઈ વસ્તુમાં કે કોઈના શરીરમાં પ્રવેશે છે.
- <u>ઈત્તેહાદ :</u> ખુદા અને અન્ય કોઈ ચીજનું એક થઈ જવું, એકીકરણ થઈ જવું, બંનેનું એક જ અસ્તિત્વ બની જવું.
- <u>ઈત્તેહાદ નથી :</u> કોઈ ચીજ ખુદાની સાથે ભળીને એક થઈ શકતી નથી. શિયા ઈસ્ના અશરી (ઈમામીયા) પંથની સ્પષ્ટ માન્યતા છે કે, 'અલ્લાહ માટે 'ઈત્તેહાદ' નથી.'
- શિયા ઈસ્ના અશરી (ઈમામીયા) પંથની સ્પષ્ટ માન્યતા છે કે, અલ્લાહ 'હુલૂલ' નથી કરતો, એટલે કે તે કોઈપણ વ્યકિતના શરીરમાં સ્થાન લેતો નથી, પછી ભલેને તે વ્યકિત મહાત્મા, મહાપુરૂષ, આરીફ, આલિમ, સંત કે પછી નબી કે ઈમામ જ કેમ ન હોય.
- ખ્રિસ્તી લોકો (ક્રિસ્ચન્સ) એ માન્યતા ધરાવે છે કે, અલ્લાહે હઝરત ઈસા (અ.સ.)માં હુલૂલ કરેલ છે, સ્થાન ગ્રહણ કરેલ છે.
- સુફી લોકોમાં પણ મોટેભાગે આ પ્રકારની માન્યતા જોવા મળે છે. તેઓ માને છે કે અલ્લાહે તેઓના પીરોમાં હુલૂલ કરેલ છે. તેઓ એમ પણ કહે છે કે અલ્લાહ 'આરીફો'ના શરીરમાં હુલૂલ કરે છે. ત્યાં સુધી કે તેઓ તો એમ પણ કહે છે કે,'દરેક મૌજુદ ખુદા છે.'
- સુફી સંતો અને સુફી આરીફો જયારે એમ માનવા લાગે છે કે અલ્લાહે તેમનામાં હુલૂલ કરેલ છે (સ્થાન મેળવેલ છે), તો તેઓ શરીઅતના હુકમોનું પાલન કરવાનું પણ છોડી દે છે, જેમ કે નમાઝ વગેરે. આ માટે તેઓ કહે છે કે જયારે અલ્લાહને જ પામી લીધો, અલ્લાહ પોતાની અંદર જ છે, તો પછી નમાઝની શી જરૂર ? મકસદને પ્રાપ્ત કરી લીધા પછી સાધન (માધ્યમ)ની શી જરૂર ?
- હિન્દુ ધર્મના લોકોની 'અવતાર'ની માન્યતા પણ 'હુલૂલ'ની માન્યતા સાથે સામ્યતા ધરાવે છે. તેઓ કહે છે કે વિષ્ણુ ઈશ્વરના 'અવતાર' છે. એટલે કે ઈશ્વરે વિષ્ણુના શરીરમાં સ્થાન પ્રાપ્ત કરી 'અવતાર' લીધેલ છે.

* 'ગુલાત' (અતિશયોક્તિ કરતા) સમૂહના કેટલાક લોકો એવી માન્યતા ધરાવે છે કે, અલ્લાહ કયારેક ઈમામોના શરીરમાં પણ સ્થાન પામે છે. પરંતુ તે સાચી માન્યતા નથી, કારણ કે અલ્લાહ માટે 'હુલૂલ' નથી.
* 'ગુલાત' સમૂહના લોકો 'તનાસુખ'માં પણ માન્યતા ધરાવે છે, જે શિયા ઈસ્ના અશરી (ઈમામીયા) પંથ મુજબ સહી માન્યતા નથી. 'તનાસુખ' એટલે : 'રૂહનું એક શરીરમાંથી બીજા શરીરમાં પ્રવેશવું'. હિંદુ ધર્મમાં પણ આ માન્યતા 'પુનરજન્મ' તરીકે પ્રચલિત છે.
* 'હુલૂલ' એક પ્રકારનો ગલત અને બાતીલ અકીદો છે અને તે પાયા વગરની માન્યતા છે. અલ્લાહ વિષે 'હુલૂલ' માં માન્યતા ધરાવતા લોકો છેવટે 'શિર્ક'માં સપડાઈ જાય છે અને ઈસ્લામી વિચારવર્તુળની બહાર ફેંકાઈ જાય છે. અલ્લાહ માટે 'હુલૂલ'ની માન્યતા સ્વીકાર્ય બની શકે નહિં, કારણ કે 'હુલૂલ' માટે કોઈ સ્થાન કે ચીજની જરૂરત ઉભી થાય છે, અને એ રીતે અલ્લાહ મકાન, આધાર, ફેરફાર અને જરૂરત વગેરેનો મોહતાજ બની જાય. જયારે કે સત્ય હકીકત એ છે કે અલ્લાહ 'ગની' છે, અને તે કોઈનો પણ મોહતાજ નથી.
* સર્વસામાન્ય વાત છે કે 'હુલૂલ' માટે કોઈ સ્થાન / શરીરની જરૂરત ઉભી થાય છે, અને અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા કોઈપણ જરૂરતનો મોહતાજ નથી. ઉપરાંત 'હુલૂલ'ની માન્યતા અક્કલની દ્રષ્ટિએ પણ સાબિત થઈ શકે તેમ નથી.
* 'હુલૂલ'ની માન્યતા પ્રાથમિક દ્રષ્ટિએ એ પરિણામ અને તારણ આપે છે કે એક અસ્તિત્વ બીજા અસ્તિત્વ મારફતે પ્રસ્થાપિત થાય / ટકી રહે. અને આ બાબત અલ્લાહ માટે શકય નથી.
* ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'જેને તેણે ઉત્પન્ન કર્યા છે, તે તેની ઝાતમાં કઈ રીતે ભળી શકે છે ?! એમ થાત તો તેની ઝાત પણ ફેરફાર થનારી બની જાત. અને તેની હકીકત પણ પૃથકરણને પાત્ર બની જાત.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)
* ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે કોઈપણ સ્થિતિમાં ફરતો / બદલાતો નથી.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)
* ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે ન તો વસ્તુઓની અંદર પ્રવેશેલ છે અને ન તો તેની બહાર છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)
* અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાનો શુક્ર છે કે એહલેબૈતનો દામન પકડી રાખવાના કારણે શિયા ઈસ્ના અશરી (ઈમામીયા) પંથના અનુયાયીઓ 'હુલુલ' અને 'ઈત્તેહાદ'ની બાતિલ માન્યતાથી બચીને પાક રહી શકયા છે.

## ૧૫. અલ્લાહ જેવો બીજો કોઈ નથી

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની હસ્તિ અજોડ અને બેમિસાલ છે. તેની કોઈ જોડ કે મિસાલ નથી. તેને કોઈની પણ સાથે સરખાવી ન શકાય. કોઈ ચીજનું ઉદાહરણ આપીને કે તેની સાથે સામ્યતા બતાવીને તેને સમજાવી ન શકાય. તે મખ્લૂક જેવો નથી. તે મખ્લૂકની ખાસિયતોથી પાક અને પવિત્ર છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'લય્સ કમીસ્લેહી શયૂઅ' એટલે કે 'કોઈ પણ ચીજ તેના જેવી નથી.' (સૂરે શુરા, ૪૨ : ૧૧)

જવશને કબીરમાં આપણે પઢીએ છીએ કે, 'યા મન લય્સ અહદુન મિસ્લહુ' એટલે કે 'અય તે કે તેના જેવી કોઈ એકપણ મિસાલ નથી'

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'વ લમ યકુલ્લહુ કુફુવન્ અહદ' એટલે કે'તેનો કોઈ સમોવડીયો / બરોબરીયો નથી.' (સૂરે તૌહીદ, ૧૧૨ : ૪)

અલ્લાહ તઆલા ફરમાવે છે : 'હલ તઅલમો લહુ સમીય્યા' એટલે કે 'શું તમે એવા કોઈને જાણો છો જે તેની જેવો હોય ?' (સૂરે મરિયમ, ૧૯ : ૬૫)

'વ લા શબીય્હું યોશાકેલોહુ' 'અને ન તો એવો બીજો કોઈ છે, જે તેને મળતો આવે' (દોઆએ ઈફતેતાહ)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'ન તો તેનો કોઈ જોડ છે કે ન તો કોઈ સમોવડીયો જે તેની હરીફાઈ કરે' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

'લા શબીહ લહુ ફી અઝમતેહી' 'તેની મોટપ / મોટાઈમાં તેની જેવો બીજો કોઈ નથી' (દોઆએ ઈફતેતાહ)

## ૧૬. અલ્લાહ થાકતો નથી

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને ચોક્કસપણે અમે આસ્માનો અને જમીન અને જે કાંઈ તે બંનેની વચ્ચે છે તેને છ દિવસોમાં સર્જન કર્યા, અને અમને કોઈ થાક / પરિશ્રમે સ્પર્શ પણ નથી કર્યો.' (સૂરે કાફ, ૫૦ : ૩૮)

<u>સમજૂતિ :</u> યહુદીઓ પોતાની ખોટી માન્યતા મુજબ કહેતા હતા કે અલ્લાહે આસ્માનો અને જમીનને છ દિવસોમાં સર્જન કર્યા અને તે થાકી ગયો, તેથી શનિવારના દિવસે અર્શ ઉપર બેસીને તેણે આરામ કર્યો. જયારે યહુદીઓએ અલ્લાહ વિષે આવી વાત કરી, તો હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)નો ચહેરો બદલાઈ ગયો. તે સમયે

યહુદીઓની આ ગલત માન્યતાના જવાબમાં ઉપરોકત આયત નાઝીલ થઈ, જેમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે અલ્લાહ માટે થાક / પરિશ્રમ જેવુ કંઈ નથી. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆનમાંથી સારાંશ, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તેણે લોકોને કલ્પના અને વિચાર કરીને નથી બનાવ્યા અને ન તો તેણે થાકવાના કારણે તેની મદદ લીધી છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૯૫)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'એ માલિકને કોઈ ચીજ બનાવવામાં કોઈ તકલીફનો સામનો નથી કરવો પડયો અને તેને કોઈ ચીજનું સર્જન કે રચના થકવી પણ નથી શકી.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે આ વિશ્વનો નાશ કરી દેશે, પણ એટલા માટે નહિં કે તે (હવે) તેની વ્યવસ્થા અને ઉપયોગથી લાચાર થઈ ગયો છે, અને ન તો એટલા માટે કે હવે તે આરામ કરવા માંગે છે અથવા એટલા માટે નહિં કે તેના પર કોઈ ખાસ વસ્તુનો ભાર પડે છે, અથવા એટલા માટે નહિં કે વિશ્વના લાંબા સમયથી રહેવાએ તેને થકવી દીધો છે, તેથી હવે તેને હટાવી દેવા માગે છે' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

## ૧૭. અલ્લાહનો કોઈ વિરોધી નથી

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'અને તેના વસ્તુઓ વચ્ચે ભિન્નતા (જુદાપણું / તફાવત) બનાવવાથી જાણવા મળ્યું કે તેની કોઈ ઝિદ (વિરોધી) નથી' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

'લા મોઝાદ્દ લહુ ફી મુલ્કેહી' 'તેની સત્તા / શાસનમાં તેનો કોઈ વિરોધી નથી' (દોઆએ ઈફતેતાહ)

## ૧૮. અલ્લાહનો કોઈ ભાગીદાર નથી

અલ્લાહ એક જ છે. તેનો કોઈ ભાગીદાર નથી. જેનો ભાગીદાર હોય છે, તેની મર્યાદા આવી જાય છે. તે સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકતો નથી. તે બીજા ભાગીદારની સંમતિ અને પરવાનગીનો મોહતાજ રહે છે. વળી, ભાગીદારની જરૂર તેને પડે છે, જે કોઈ ક્ષેત્રમાં કમી ધરાવતો હોય. જેમ કે, વેપારમાં નાણાની અછત હોય ત્યારે ભાગીદારને શોધવામાં આવે છે. અલ્લાહની પવિત્ર ઝાત દરેક રીતે સંપૂર્ણ અને અમર્યાદિત છે, તેનામાં કોઈ કમી,

ઉણપ કે ઓછપ નથી. તે કોઈપણ ભાગીદાર કે સહાયકનો મોહતાજ નથી. એવુ કોઈ કામ નથી જેને તે એકલો અંજામ ન આપી શકે.

આપણે દરરોજ નમાઝ દરમ્યાન તશહહુદમાં આજ વાતને દોહરાવતા રહીએ છીએ : 'વહ્દહુ લા શરીક લહુ' 'અને તે એક જ છે, તેનો કોઈ ભાગીદાર નથી'

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'વ લમ યકુન લહુ શરીકુન ફીલ મુલ્ક' 'તેની સત્તા / શાસનમાં તેનો કોઈ ભાગીદાર નથી' (સૂરે બની ઈસ્રાઈલ, ૧૭ : ૧૧૧)

'લા શરીક લહુ ફી ખલ્કેહી' 'તેના સર્જનમાં તેનો કોઈ ભાગીદાર નથી' (દોઆએ ઈફ્તેતાહ)

## ૧૯. અલ્લાહમાં કોઈ ફેરફાર નથી થતો

માનવશરીરમાં સતત ફેરફારો આવતા રહે છે. જન્મથી મૃત્યુ સુધીમાં તે અનેક હાલતોમાંથી પસાર થાય છે, અનેક બદલાવ અને ફેરફારોને અનુભવે છે. પરંતુ અલ્લાહ માટે આ બાબત લાગુ નથી પડતી. અલ્લાહમાં કોઈ ફેરફાર નથી થતો. તે પહેલેથી જેવો છે તેવો જ આજે પણ છે અને સદાય રહેશે. તેમાં કોઈ ફેરફાર કે બદલાવ થયો નથી અને થવાનો નથી. સમય કે સંજોગો તેનામાં બદલાવ લાવી શકતા નથી. કોઈ પણ પરિસ્થિતમાં તેનામાં કોઈપણ ફેરફારની શકયતાનો અવકાશ નથી.

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે કોઈપણ સ્થિતિમાં ફરતો / બદલાતો નથી' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'રાત દિવસ તેને જૂનો નથી કરી શકતા અને અંધકાર તથા પ્રકાશ તેમાં ફેરફાર નથી કરી શકતા' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

## ૨૦. અલ્લાહને સ્પર્શી કે અનુભવી શકાતો નથી

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'ઈન્દ્રીયો તેને સમજી નથી શકતી કે તેનો અનુભવ કરે અને હાથ તેને સ્પર્શી નથી શકતો કે તેને અડી લે' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

## ૨૧. અલ્લાહ 'સાંભળનાર' અને 'જોનાર' છે

અલ્લાહ 'સમીઅ' અને 'બસીર' છે. શાબ્દિક અર્થ જોઈએ તો 'સમીઅ' એટલે 'સાંભળનાર' અને 'બસીર' એટલે 'જોનાર' થાય છે. મખ્લૂક સાંભળવા માટે કાનની અને જોવા માટે આંખની મોહતાજ હોય છે, પરંતુ અલ્લાહ કાન વિના સાંભળે છે અને આંખ વિના જુએ છે. તે શરીર, અંગો કે અવયવોનો મોહતાજ નથી.

અલ્લાહના આ બંને ગુણોનો ઉલ્લેખ કુરઆનમાં અનેક જગ્યાએ જોવા મળે છે. જેમ કે, 'વલ્લાહો બેમા તઅમલુન બસીર' એટલે કે 'અને તમે જે કાંઈ કરો છો અલ્લાહ તેને જોનાર છે.' (સૂરે હદીદ, ૫૭ : ૪)

દોઆઓમાં અલ્લાહને 'અસ્મઉ સ્સામેઈન' (સૌથી વધુ સાંભળનાર) અને 'અબ્સરૂ ન્નાઝેરીન' (સૌથી વધુ જોનાર) તરીકે યાદ કરવામાં આવ્યો છે. તે સર્વશ્રેષ્ઠ સાંભળનાર છે. એવો કોઈ શબ્દ નથી કે જેને તે ન સાંભળે. કીડીના ચાલવાનો અવાજ પણ તે સાંભળે છે. જવશને કબીરમાં છે કે તે 'સામેઅલ અસ્વાત' એટલે કે 'અવાજોનો સાંભળનાર' અને 'સામેઅ શ્શકાયા' એટલે કે 'શિકાયતોનો સાંભળનાર' છે.

અલ્લાહને એક અવાજ બીજા અવાજથી ગાફીલ કે વ્યસ્ત નથી રાખી શકતો. જવશને કબીરમાં છે કે, 'યા મન લા યશ્ગલોહુ સમ્ઉન અન સમ્ઈન' એટલે કે 'અય તે કે જેને એક અવાજ બીજા અવાજથી મશ્ગૂલ (વ્યસ્ત) નથી કરતી.'

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'અલ્લાહને એક અવાજ બીજી અવાજથી ગાફીલ નથી બનાવી શકતી.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૯૫)

### અલ્લાહ બંદાની પુકાર અને દોઆને સાંભળે છે

અલ્લાહ બંદાઓની દોઆ અને પુકારને સાંભળે છે. દોઆએ કુમૈલમાં વર્ણન છે કે, 'યા સમીઅ દદોઆ' એટલે કે 'અય દોઆના સાંભળનાર', કુરઆનમાં પણ છે કે,'ઈન્નક સમીઉ દદોઆઅ' એટલે કે 'બેશક તુ દોઆનો સાંભળનાર છો' (૩ : ૩૮), માટે બંદાએ નિરાશ ન થવું જોઈએ અને માંગણી પૂરી ન થાય તો એ બદગુમાન ન કરવું જોઈએ કે અલ્લાહ તેની દોઆને નથી સાંભળી રહયો, બલ્કે દોઆ પૂરી ન થવા માટેના અવરોધકો એટલે કે ગુનાહો તર્ક કરી અલ્લાહ પાસે દોઆ અને માંગણી કરતા રહેવી જોઈએ.

### હોંશિયાર કોણ ?

એક આલિમના શિક્ષણ વર્ગમાં સદાય હજારો વિદ્યાર્થીઓ હાજર રહેતા હતા અને તેમાં કેટલાક વિદ્યાર્થીઓ એવા પણ હતા, જેમણે પોતાની જીંદગીનો એક મોટો ભાગ શિક્ષણ લેવામાં વિતાવ્યો હતો.

તે વિદ્યાર્થીઓમાં એક નાની વયનો વિદ્યાર્થી પણ હતો. ઉસ્તાદ સાહેબ બીજા વિદ્યાર્થીઓની તુલનામાં તેની પર વધારે મહેરબાન હતા, અને તેનું માન જાળવતા હતાં. ઉસ્તાદની આ મહેરબાની કેટલાક સીનીયર (જૂના) વિદ્યાર્થીઓને પસંદ ન આવી અને તેમણે ઉસ્તાદને આ વાતની શિકાયત કરી.

ઉસ્તાદે એક દિવસ બધા વિદ્યાર્થીઓને એકઠા કર્યા અને હુકમ આપ્યો કે, કાલે તમે બધા એક–એક મુરઘી એવા સ્થળે ઝબ્હ કરીને લેતા આવજો, જયાં તમને જોવાવાળું કોઈ પણ ન હોય.

વિદ્યાર્થીઓએ ઉસ્તાદના કહેવા પ્રમાણે કોઈ ને કોઈ એકાંત સ્થળે મુરઘી ઝબ્હ કરી. બીજા દિવસે કાપેલી મુરઘી સહિત બધા વિદ્યાર્થીઓ ઉસ્તાદ પાસે હાજર થયા.

પરતુ તે નાની વયનો વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓની સરખામણીમા થોડો મોડો આવ્યો અને તેના હાથમાં જીવતી મુરઘી હતી.

ઉસ્તાદે તેને પૂછયું : બધા વિદ્યાર્થીઓ તો એકાંતમાં મુરઘીઓ ઝબ્હ કરીને લાવ્યા છે, પરંતુ તે મુરઘી કેમ ન કાપી ?

તેણે કહયું : માનનીય ઉસ્તાદ સાહેબ ! હું લાચાર હતો, કારણ કે આપે ફરમાવ્યું હતું કે મુરઘી એવા સ્થળે કાપવામાં આવે, જયાં કોઈ જોવાવાળો ન હોય. હું મુરઘી લઈને લાંબા સમય સુધી અહીં તહીં ભટકતો રહ્યો. પરંતુ જયાં પણ જતો, ત્યાં ખુદા મૌજૂદ હતો અને તે મને જોઈ રહયો હતો એટલે હું મુરઘી ઝબ્હ ન કરી શકયો.

ઉસ્તાદે વિદ્યાર્થીની પીઠ થાબડી, શાબાશી આપી અને બીજા વિદ્યાર્થીઓને કહયું : હવે તમને સમજાયું ? આ નાનકડા બાળકનું મારી નજરમાં માન અને ઈઝ્ઝત તેના સાચા ઈમાનને કારણે છે. (વિણેલા મોતી, ભાગ : ૧)

## ૨૨. અલ્લાહ ખાલિક (સર્જનહાર) છે.

### સર્જક અલ્લાહ છે

૧. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : અને અગર તમે તેઓને પ્રશ્ન કરશો કે,' આસ્માનો અને જમીન કોણે પેદા કર્યા ?', તો તેઓ ચોક્કસ કહેશે કે, 'અલ્લાહે', કહો કે 'હમ્દ' (વખાણ) અલ્લાહ માટે છે, પરંતુ તેઓમાંથી મોટાભાગના જાણતા નથી. (સૂરે લુકમાન, ૩૧ : ૨૫)

૨. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અલ્લાહ તમામ ચીજનો સર્જક છે' (સૂરે ઝુમર, ૩૯ : ૬૨)

૩. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અલ્લાહે તમને સર્જન કર્યા છે અને જેને તમે બનાવો છો તેને પણ' (સૂરે સાફફાત, ૩૭ : ૯૬)

૪. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'શું અલ્લાહ સિવાય પણ બીજો કોઈ ખાલિક છે જે તમને આસ્માન અને જમીનમાંથી રોઝી આપે છે ?' (સૂરે ફાતીર, ૩૫ : ૩)

૫. 'દોઆએ ઈફતેતાહ'માં વર્ણન છે કે, 'અલહમ્દો લીલ્લાહીલ્લઝી યખ્લોકો વ લમ યુખ્લક' એટલે કે 'તમામ વખાણ અલ્લાહ માટે છે જે સર્જન કરે છે અને તેને કોઈએ પણ સર્જન કરેલ નથી.' (દોઆએ ઈફતેતાહ)

૬. જવશને કબીરમાં વર્ણન છે કે : 'યા ખાલેક કુલ્લ મખ્લૂકીન' એટલે કે 'અય તમામ મખ્લૂકનો સર્જનહાર' (જવશને કબીર)

## સર્જન કરવાની રીત

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'લા તબ્દીય્લ લેખલ્કી લ્લાહ' એટલે કે ' અલ્લાહના સર્જન (સૃષ્ટિસર્જનના નિયમ)માં કાંઈ પણ ફેરફાર થવો શકય નથી.' (સૂરે રૂમ, ૩૦ : ૩૦)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તેણે લોકોને કલ્પના અને વિચાર કરીને નથી બનાવ્યા અને ન તો તેણે થાકવાના કારણે તેની મદદ લીધી છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૯૫)

## અલ્લાહના સર્જનમાં હિકમત સમાયેલી છે

અલ્લાહના દરેક સર્જન પાછળ કોઈને કોઈ હેતુ અને મકસદ સમાયેલો છે. તેનું કોઈ સર્જન વ્યર્થ કે નકામુ નથી. ઈન્સાન કયારેક કેટલીક મખ્લૂકને જોઈએ વિચાર કરે છે કે અલ્લાહે આ બધી મખ્લૂક શા માટે બનાવી છે, જેમ કે ઉંદર, વંદો, માખી, ગરોળી વગેરે. પરંતુ આ દરેક સર્જનની પાછળ કોઈને કોઈ કારણ કે હેતુ સમાયેલો છે. શકય છે કે ઈન્સાન તે દરેક કારણ કે હેતુને જાણી ન શકે. જેમ કે, રિવાયત મુજબ માખીનું સર્જન કોઢથી બચવા માટે અને એક રિવાયત મુજબ અભિમાનીઓને પોતાની અસલિયત સમજાવવા માટે થયેલ છે. જવશને કબીરમાં વર્ણન છે કે, 'યા મન હોવ ફી સુન્એહી હકીમ' એટલે કે 'અય તે કે જે પોતાની બનાવટ / કારીગરીમાં હકીમ (સમજદાર) છે.'

## અલ્લાહના સર્જનમાં બારીકાઈ રહેલી છે

અલ્લાહના સર્જનમાં સુક્ષ્મતા, બારીકાઈ અને ઝીણવટ જોવા મળે છે. અલ્લાહ પોતાના સર્જનમાં લતીફ છે. આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા લતીફ સ્સુન્એ' એટલે કે 'અય બનાવટમાં સુક્ષ્મ' કીડી અને માખીના પાચનતંત્ર અને તેની મગજરચના તરફ નજર કરો, કેટલી બારીકાઈ અને સુક્ષ્મતા રહેલી છે, અને તે છતાંપણ તેના દરેક અંગો યોગ્ય અને આયોજનબધ્ધ કાર્યરત છે. નિરિક્ષણ કરો, તમને બે કીડી એકસરખી જોવા નહિં મળે, થોડાઘણા અંશે તફાવત અને ભિન્નતા જરૂર જોવા મળશે. જેટલી કીડીઓ તેટલા પ્રમાણમાં ભિન્ન રચના !

## અલ્લાહ સર્વશ્રેષ્ઠ સર્જક છે

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘ફતબારકલ્લાહો અહ્‌સનુલ ખાલેકીન’ એટલે કે ‘તો કેવો બરકતવાળો છે અલ્લાહ (જે) સર્જકોમાં સર્વશ્રેષ્ઠ છે’ (સૂરે મોઅમેનૂન, ૨૩ : ૧૪)

‘ન તો કોઈ તેના જેવી વસ્તુ બનાવી શકે છે, તેણે બેમીસાલ વસ્તુઓ બનાવી છે, અને પોતાની હિકમતથી દરેક વસ્તુને અનોખી અને સુંદર બનાવી છે’ (અરફાના દિવસે પઢવાની ઈમામ હુસૈન અ.સ. એ શીખવેલી દોઆ)

## ૨૩. અલ્લાહ ‘કાદિર’ છે

અલ્લાહ ‘કાદિર’ છે, એટલે કે કોઈ ચીજ તેના કાબુ / કુદરતની બહાર નથી. તે દરેક ચીજ ઉપર કુદરત ઘરાવે છે. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘ઈન્નલ્લાહ અલા કુલ્લે શય્ઈન કદીર’ એટલે કે ‘ બેશક અલ્લાહ તમામ ચીજ ઉપર કુદરત / કાબુ ઘરાવે છે.’

અલ્લાહ સંપૂર્ણ કુદરત ઘરાવે છે. તેની કુદરતમાં કોઈ ખામી, ખોડ કે ઉણપ નથી. જવશને કબીરમાં આપણે પઢીએ છીએ કે, ‘યા ઝલ કુદરતીલ કામેલહ’ એટલે કે ‘અય કામિલ કુદરતના માલિક’

અલ્લાહની કુદરતની કોઈ મર્યાદા, સરહદ કે સીમા નથી. તે ‘કાદેરુન અઝલિય્યુન’ છે, એટલે કે તે ‘અનંત કુદરતવાળો’ છે. (દોઆએ અદીલા)

## ૨૪. અલ્લાહ બઘુ જ જાણે છે.

### યા અલીમો

૧. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘બેશક તારો પરવરદીગાર ચોકકસપણે જાણે છે, જે કાંઈ તેઓ પોતાના દિલોમાં છુપાવી રાખે છે અને જે કાંઈ તેઓ જાહેર કરે છે’ (સૂરે નમ્લ,૨૭:૭૪)

૨. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ‘દોઆએ કુમૈલ’માં ફરમાવે છે : ‘વ બે ઈલ્મેક લ્લઝી અહાત બે કુલ્લે શયઅ’ એટલે કે ‘અને તારા ઈલ્મ (ના વાસ્તા) થી કે જેણે દરેક ચીજને ઘેરી લીઘેલ છે.’ (દોઆએ કુમૈલ)

૩. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ‘અને અલ્લાહ તમે જે કાંઈ કરો છો તેનાથી માહિતગાર છે’ (સૂરે બકરહ, ૨ : ૨૩૪)

૪. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'બેશક અલ્લાહ તમે જે કાંઈ કરો છો તેની જાણકારી ધરાવે છે' (સૂરે નહલ, ૧૬ : ૯૧)

૫. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તમે જે કાંઈ કરો છો, તેનાથી અલ્લાહ ગાફીલ નથી' (સૂરે મુલ્ક, ૬૭ : ૧૩)

૬. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તમે તમારી વાતને છુપાવો કે પછી જાહેર કરો, બેશક તે તમારા દિલોની પ્રકૃતિથી માહિતગાર છે' (સૂરે બકરહ, ૨ : ૮૫)

૭. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'બેશક કોઈ ચીજ અલ્લાહથી છુપી નથી, ધરતી ઉપર કે આસ્માનમાં' (સૂરે આલે ઈમરાન, ૩ : ૫)

૮. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તમે જે કાંઈ ભલાઈ કરો છો, અલ્લાહ તેને જાણે છે' (સૂરે બકરહ, ૨ : ૧૯૭)

૯. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અલ્લાહ જાણે છે, જે કાંઈ તમે છુપાવો છો અને જે કાંઈ તમે જાહેર કરો છો' (સૂરે નહલ, ૧૬ : ૧૯)

૧૦. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તે તમારી છુપી બાબત અને તમારા જાહેરને જાણે છે તેમજ તમે જે કાંઈ કમાણી કરો છો, તેને (પણ) જાણે છે' (સૂરે અન્આમ, ૬ : ૩)

૧૧. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'અલ્લાહ સિવાય દરેક આલિમ મોતઅલ્લીમ (તઅલીમ મેળવનાર / મેળવેલ) હોય છે' (તજલ્લીયાતે હિકમત, પ્રકરણ : ૧૫૧, હદીસ : ૯૦)

૧૨. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અય અમારા પરવરદીગાર ! બેશક તુ તે (બધુ જ) જાણો છો જે કાંઈ અમે છુપાવીએ છીએ અને જે કાંઈ જાહેર કરીએ છીએ અને જમીન તથા આસ્માનમાંની કોઈ ચીજ અલ્લાહથી છુપી નથી' (સૂરે ઈબ્રાહીમ, ૧૪ : ૩૮)

૧૩. 'વ કાન અલીમન કબ્લ ઈજાદિલ ઈલ્મે વલ ઈલ્લતે' એટલે કે 'અને ઈલ્મ અને ઈલ્લત (કારણો)ની શોધ પહેલા પણ તે આલિમ હતો.' (દોઆએ અદીલહ)

૧૪. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'આલેમુલ ગયબે વ શ્શહાદહ' : 'છુપા અને જાહેરનો જાણકાર' (અલ્લાહ છે) (સૂરે હશ્ર, ૫૯ : ૨૨)

૧૫. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'યા આલેમન લા યોઅલ્લમ' : 'અય આલિમ કે જેને કદી શીખવવામાં નથી આવતું' (દોઆએ કુમૈલ)

૧૬. ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે પરવરદીગાર રણના જાનવરોની ફરિયાદને પણ જાણે છે અને બંદાઓના એકાંતના ગુનાહોને પણ. તે ઉંડા સમુદ્રની માછલીઓની આવન–જાવનને પણ જાણે છે અને તેજ અને તુંદ હવાને કારણે ઉપસ્થિત થતા તોફાનોને પણ' (નહજુલ બલાગાહ, ખૂત્બોઃ૧૯૮)

## ૨૫. જીંદગી અને મૌત આપનાર અલ્લાહ છે

જીંદગી અને મૌત અલ્લાહની મખ્લૂક છે. અલ્લાહે તેને બંદાઓના ઈમ્તેહાન માટે સર્જન કર્યા છે. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તે કે જેણે મૃત્યુ અને જીવનનું સર્જન કર્યુ કે જેથી તે તમોને અજમાવે કે તમારામાંથી કોનો અમલ સૌથી સારો છે, અને તે 'અઝીઝ' અને 'ગફુર' છે.' (સૂરે મુલ્ક, ૬૭ : ૨)

આપણે જવશને કબીરમાં પણ પઢીએ છીએ કે, 'યા મન હોવ યબ્કા વ યફ્ના કુલ્લો શય્અ' એટલે કે 'અય તે કે જે બાકી રાખે છે અને ફના કરે છે તમામ ચીજને' અને 'યા મુહ્યેયલ મવ્તા' એટલે કે 'અય મૃત્યુ પામેલાઓને સજીવન કરનાર' અને 'યા મન અમાત વ અહ્યા' એટલે કે 'અય તે કે જે મૌત આપે છે અને જીવાડે છે'

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'માટે તુ નજર કર અલ્લાહની રહમતની નિશાનીઓ તરફ, (કે) કઈ રીતે તે ધરતીને તેની મૌત પછી જીવંત કરે છે, બેશક મૃત્યુ પામેલાઓને જીવંત કરનાર પણ તેજ છે, અને તે તમામ ચીજો ઉપર કાબુ ધરાવનાર છે.' (સૂરે રૂમ, ૩૦ : ૫૦)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'આસ્માનો અને જમીનની સત્તા તેની છે, તે જીવાડે છે અને તે મૌત આપે છે, અને તે તમામ ચીજ ઉપર કુદરત (કાબુ) ધરાવે છે.' (સૂરે હદીદ, ૫૭ : ૨)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'જયારે ઈબ્રાહીમે કહયું : મારો પરવરદીગાર એ છે જે જીંદગી આપે છે અને મૌત આપે છે. તો તેણે (નમરૂદે) કહયું : હું પણ જીંદગી આપુ છું અને મૌત આપુ છું. ઈબ્રાહીમે કહયું : તો પછી બેશક અલ્લાહ સૂર્યને પૂર્વ દિશામાંથી ઉગાડે છે, માટે તુ તેને પશ્ચિમમાંથી ઉગાડી લાવ, તેથી તે કે જે માનતો ન હતો, ગૂંચવાઈ ગયો. અને અલ્લાહ કદીપણ ઝાલિમોને માર્ગદર્શન નથી આપતો' (સૂરે બકરહ, ૨ : ૨૫૮)

<u>સમજૂતિ :</u> આ આયતમાં નમરૂદનું વર્ણન છે. તે બાદશાહ હતો. તેણે ખુદાનો ઉપકાર માની ઈમાન લાવવું જોઈતુ હતું, પરંતુ તે સત્તાના નશામાં ખુદાઈનો દાવો કરી લોકો પાસે સજદો કરાવતો હતો.

હઝરત ઈબ્રાહીમ પયગમ્બર ખુદા પરસ્ત હતા. નમરૂદે હઝરત ઈબ્રાહીમને બોલાવ્યા અને પોતાને સજદો કરવા કહયું. હઝરત ઈબ્રાહીમે તેની વાત ઠુકરાવી દીધી અને કહયું કે, હું ફકત મારા રબની જ ઈબાદત કરૂં છું.

નમરૂદે કહયું : ખુદા તો હું છું. હઝરત ઈબ્રાહીમે કહયું : હું બાદશાહને ખુદા નથી માનતો. નમરૂદે કહયું : તમારો ખુદા કોણ છે તે કહો ? હઝરત ઈબ્રાહીમે કહયું : જે સર્વશકિતમાન હસ્તિના કબ્જામાં સજીવન કરવું અને મૌત આપવું છે, તેજ મારો પરવરદીગાર છે.

નમરૂદ બેવકૂફ આ વાતને સમજયા વિના બોલ્યો : આ કામ તો હું પણ કરી શકું છું. પછી તેણે બે કૈદીઓને બોલાવ્યા અને તેમાંથી એક જે કતલને પાત્ર ગુનેહગાર હતો, તેને મુકત કરી દીધો અને બીજાને મારી નાખ્યો. પછી બોલ્યો : 'જોયું ? હું ચાહું તેને મારૂં છું અને ચાહું તેને જીવાડું છું.'

હઝરત ઈબ્રાહીમે જોયું કે નમરૂદ ગુનેહગારને છોડી દેવાને જીવાડવું સમજે છે અને માથુ ઉડાવી દેવાને મારવું સમજે છે. જયારે કે સત્ય હકીકત એ છે કે જીવાડવું એટલે નિર્જીવને સજીવન કરવું અને મારવું એટલે પોતાના અધિકારથી રૂહ ખેંચી લેવી.

જયારે આ સ્પષ્ટ વાત સમજવાની પણ નમરૂદમાં લાયકાત ન જોઈ, તો હઝરત ઈબ્રાહીમ પયગમ્બરે તે વાતને પડતી મૂકી અને દલીલ આપી કે, મારો ખુદા તો સૂર્યને પૂર્વમાંથી ઉગાડે છે, માટે તું તેને પશ્ચિમમાંથી ઉગાડી બતાવ. પરંતુ આ દલીલ સાંભળી તે નાસ્તિક ચૂપ થઈ ગયો. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

## ૨૬. રોઝી આપનાર અલ્લાહ છે

અલ્લાહ 'રાઝીક' છે, તે 'રોઝી આપનાર' છે. તે 'રાઝેકલ એબાદ' છે, તે 'બંદાઓને રોઝી આપનાર' છે. તે 'ખય્રૂર રાઝેકીન' છે, તે 'સૌથી શ્રેષ્ઠ રોઝી આપનાર' છે.

૧. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને પૃથ્વી પર ચાલનારા કેટલાય એવા છે કે જેઓ પોતાની રોઝી ઉંચકીને ફરતા નથી, પણ અલ્લાહ જ તેમને રોઝી પહોંચાડે છે અને તમને પણ, અને એજ મોટો સાંભળનાર અને જાણનાર છે.' (સૂરે અન્કબુત, આયત : ૬૦)

૨. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને પૃથ્વી પર કોઈ એવું ચાલનાર પ્રાણી નથી કે જેની રોઝી અલ્લાહના શીરે ન હોય અને એજ તેના રહેવાનું સ્થાન તથા તેને સોંપવાનું જાણે છે, લવ્હે મહફૂઝમાં દરેક બાબતનું વર્ણન આપેલ છે.' (સૂરે હુદ, આયત : ૬)

૩. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તે એજ છે જે તમને પોતાની નિશાનીઓ દેખાડે છે અને આકાશ પરથી તમારા માટે રોઝી ઉતારે છે, અને તેઓજ બોધ ગ્રહણ કરે છે કે જે (તેની તરફ) વારંવાર રજૂ થાય છે.' (સૂરે મોઅમીન, આયત : ૧૩)

૪. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'એમાં કોઈ શક નથી કે અલ્લાહ જ રઝઝાક (રોઝી આપનાર), શકિતશાળી અને બળવાન છે.' (સૂરે ઝારિયાત, આયત નં. ૫૮)

૫. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : જેણે જમીનને તમારા માટે બીછાનું બનાવ્યું તથા આકાશને એક છત, અને જેણે આકાશમાંથી પાણી ઉતાર્યુ, પછી તે વડે તમારી રોઝી માટે ફળો પેદા કર્યા. (સૂરે બકરહ, આયત : ૨૨)

૬. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'ઈમાન લાવનારાઓ ! જે પાક વસ્તુઓની અમોએ તમને રોઝી આપી છે તેમાંથી ખાઓ પીઓ અને અલ્લાહનો આભાર માનો અગર તમે તેના જ નિઃસ્વાર્થ બંદા હો' (સૂરે બકરહ, આયત : ૧૭૨)

૭. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : જયારે–જયારે ઝકરીયા નબી તે બાળા (જનાબે મરિયમને જોવા માટે) મસ્જિદમાં પ્રવેશતા, તો જનાબે મરિયમની પાસે (કોઈ ને કોઈ) ખાવાની ચીજ (આવી ગયેલી) જોતા, આમ થવાથી તેઓ આશ્ચર્ય પામતા અને તેણીને પૂછતા કે :

અય મરિયમ ! આ (ખાવાની) વસ્તુઓ તારી પાસે કયાંથી (આવી પહોંચી) ?!

જનાબે મરિયમ જવાબ આપતા કે (આ બધુ) અલ્લાહ તરફથી છે, બેશક અલ્લાહ જેને ઈચ્છે તેને બેહિસાબ રોઝી અતા કરે છે. (સૂરે આલે ઈમરાન, આયત : ૩૭)

## ૨૭. ઈઝ્ઝત આપનાર અલ્લાહ છે

અલ્લાહનું એક નામ 'મોઈઝઝો' પણ છે, એટલે કે તે ઈઝઝત આપનાર છે. કુરઆન પોતે કહે છે કે, 'વ તોઈઝઝો મન તશાઓ' એટલે કે 'તે ચાહે છે તેને ઈઝઝત આપે છે.' અલ્લાહ ચાહે તેને જ ઈઝઝત મળે છે. તે ચાહે તેનું જ નામ માનવંત અને બાકી રહે છે.

અલ્લાહ 'રાફેઉદ્દ દરજાત' છે, એટલે કે તે દરજજાને બુલંદ કરનાર છે. તે ચાહે તેને નામાંકિત બનાવે છે. અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અમે તમારા ઝીક્રને બુલંદ કરી દીધો' (સૂરે ઈન્શેરાહ, આયત નંબર : ૪)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને ચોકકસપણે નુહે અમને પોકાર્યો અને ખરેખર અમે જ સૌથી શ્રેષ્ઠ જવાબ આપનારા છીએ. અને અમોએ તેને તથા તેના ઘરવાળાઓને તે મોટા સંકટમાંથી ઉગાર્યા હતાં. અને અમોએ જ તેના વંશવેલાને બાકી રાખ્યો. અને અમોએ જ પછી આવનારા લોકોમા તેની ભલી યાદ બાકી રાખી' (સૂરે સાફફાત, ૩૭ : ૭૫ થી ૭૮)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'કહો કે અય અલ્લાહ ! અય મુલ્કના માલિક, તુ ચાહો છો તેને મુલ્ક (રાજયસત્તા) અતા કરો છો અને ચાહો છો તેની પાસેથી લઈ લે છો, અને તુ ચાહો છો તેને ઈઝઝત અતા કરો છો અને તુ ચાહો છો તેને ઝલીલ કરો છો, ભલાઈ તારા હાથમાં છે, બેશક તુ તમામ ચીજો ઉપર (સંપુર્ણ) કુદરત ધરાવો છો. તુ રાતને દિવસમાં પલ્ટાવી નાખો છો અને તુ દિવસને રાતમાં ફેરવી નાખો છો, અને તુ મુર્દાઓમાંથી જીવતાને બહાર કાઢો છો અને તુ જીવંતમાંથી મુર્દાને બહાર કાઢો છો અને તુ ચાહો છો તેને બેહિસાબ રોઝી અતા કરો છો.' (સૂરે આલે ઈમરાન, ૩ : ૨૬, ૨૭)

## <u>ઈઝઝત અલ્લાહ માટે છે. અલ્લાહ જ ઈઝઝતદાર છે</u>

અલ્લાહની ઈઝઝત દાએમી છે. આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા ઝલ ઈઝઝતિ દદાએમહ' એટલે કે 'અય હંમેશા રહેનારી ઈઝઝતના માલિક' તેની ઇઝઝતમાં કોઈ ઘટાડો કે પડતી નથી આવતી.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆને કરીમમાં ફરમાવે છે : 'તેઓ કે જેઓ મોઅમીનોને મૂકીને કાફિરોને મિત્રો બનાવે છે, શું તેઓ તેમની પાસે ઈઝઝત શોધે છે ? કારણ કે બેશક તમામ ઈઝઝત અલ્લાહ માટે જ છે' (સૂરે નિસાઅ, ૪ : ૧૩૯)

ઈમામ હસન (અ.સ.)ની વીટીના નંગ ઉપર લખેલુ હતું : 'અલ ઈઝઝતો લીલ્લાહે' (ઈઝઝત અલ્લાહ માટે છે.) (તહઝીબુલ ઈસ્લામ, ઉર્દુ, પેજ નં.૪૨)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'અલ્લાહ તઆલાની સિવાય દરેક અઝીઝ (ઈઝઝતદાર) અપમાનિત છે અને તેની સિવાય દરેક કવી (શકિતશાળી) ઝઈફ (કમજોર) છે' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૩૨૨, પ્રકરણ : ૧૪૬, ઈઝઝત, હદીસ : ૩)

'અને ઈઝઝતના તલબગાર તારી ઈઝઝત થકી ઈઝઝત મેળવે છે. ખુદાયા ! તારી સામે મહારાજાઓ ઝીલ્લતનો તૌક પોતાના ગળામાં પહેરીને ઉભા છે અને તારા દબદબાથી ધ્રુજી રહયા છે.' (અરફાના દિવસે પઢવાની ઈમામ હુસૈન અ.સ.એ શીખવેલી દોઆ)

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆને કરીમમાં ફરમાવે છે : 'વ લમ યકુન લહુ વલીય્યું મેન ઝ્ઝુલ્લે' 'અને એવું પણ નથી કે નામોશી (બદનામી)થી બચવા તેણે કોઈ સહાયક (મદદગાર)ને લીધો હોય' (સૂરે બની ઈસ્રાઈલ, ૧૭ : ૧૧૧)

## ૨૮. સત્તા / બાદશાહી / માલિકી અલ્લાહની છે

'યા સય્યેદ સ્સાદાત' : 'અય સરદારોના સરદાર' (જવશને કબીર)

'યા ઈલાહ કુલ્લ શય્ઈન વ મલીકહુ' : 'અય તમામ ચીજનો ખુદા અને માલિક' (જવશને કબીર)

અલ્લાહની સત્તા અને સલ્તનત કાયમી છે, તેની બાદશાહી હંમેશાથી છે અને હંમેશા રહેશે. તેની સત્તા અને સામ્રાજય સર્વવ્યાપી છે. તે 'માલેકલ મુલ્ક' છે. તે દરેક ચીજનો માલિક છે. તેની હુકુમતની બહાર કોઈ ચીજ નથી. તેનો હુકમ દરેક જગ્યાએ અમલી છે. દરેક ચીજ ઉપર તેનો કબ્જો છે.

'લમ યઝલ સુલ્તાનન ઈઝ લા મમ્લકત વલા માલ' એટલે કે 'અગર કોઈ સત્તા કે સંપત્તિ ન હોય, તો પણ તેની સલ્તનતનો અંત આવી શકતો નથી' (દોઆએ અદીલા)

આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા મન હોવ ફી સુલ્તાનેહી કદીમ' : 'અય તે કે જે પોતાની સલ્તનતમાં કાયમી છો.' અને 'યા મલેકલ યા યઝૂલ' : 'અય માલિક જે કદી પસ્ત નથી થતો'

તે સંપૂર્ણ સત્તાવાન છે. તેની સત્તા ઉપર બીજા કોઈની સત્તા નથી. તેની સત્તામાં તેનો બીજો કોઈ ભાગીદાર પણ નથી. તેની સત્તા કોઈ ઉપર આધારિત કે અવલંબિત પણ નથી.

## ૨૯. સ્વરૂપ અને આકાર આપનાર અલ્લાહ છે

અલ્લાહનું એક નામ 'મુસવ્વીર' પણ છે, એટલે કે તે 'સ્વરૂપ અને આકાર આપનાર' છે, તે 'તસ્વીર / સૂરત બનાવનાર' છે. ગણી ન શકાય તેટલી સંખ્યામાં માનવો આ જગત ઉપર જોવા મળે છે, પરંતુ નવાઈની વાત તો એ છે કે, કોઈ બે ચહેરા પણ એકસમાન જોવા નથી મળતા. ત્યાંસુધી કે જુડવા ભાઈઓમાં પણ થોડો ઘણો તફાવત જોવા મળે છે. દરેક ચહેરો અને દરેક આકાર કુદરતની એક અનોખી કૃતિ અને વિશિષ્ટ સર્જન છે. તેની દરેક રચનામાં અને પ્રત્યેક સર્જનમાં અનેકવિધ વિશિષ્ટતાઓ, ખૂબીઓ અને વિવિધતા જોવા મળે છે. તેની દરેક કૃતિ અને પ્રત્યેક સર્જન સર્વશ્રેષ્ઠ અને યથાયોગ્ય જોવા મળે છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તે કે જેણે તમને ગર્ભાશયોમાં જેવી રીતે ચાહયું તમને સ્વરૂપ / આકાર આપ્યો, કોઈ અલ્લાહ નથી સિવાય કે તે સર્વશકિતમાન (અને) સૌથી વધુ સમજદાર / ડહાપણવાળા' (સૂરે આલે ઈમરાન, ૩ : ૬)

<u>સમજૂતિ :</u> અલ્લાહ માતાના પેટમાં જેવી ચાહે તમારી સુરત બનાવે છે. તે વિર્યબિંદુના ટીપામાંથી અનેક આકાર આપે છે. પછી તેમાં રૂહ નાખી તેને સજીવન કરે છે. આ કુદરતનો કરિશ્મો છે, જેને તેના સિવાય બીજુ કોણ અંજામ આપી શકે ? ચિત્રકાર જયારે ચિત્ર બનાવે છે, તો સ્થિર જગ્યાએ બનાવે છે, અસ્થિર અને હલનચલન કરતી જગ્યાએ તે ચિત્ર બનાવી શકતો નથી. એજ રીતે તે અંધકારમાં ચિત્ર નહિં બનાવી શકે, તેથી તે પૂરતા પ્રકાશ અને ઉજાસવાળી જગ્યાએ ચિત્ર બનાવશે. ખરેખર વખાણને પાત્ર છે તે 'મુસવ્વીર' અલ્લાહ જેણે ઈન્સાનની તસ્વીર, આકાર અને સૂરત અનેક અંધારામાં બનાવ્યા, અને દેહરૂપી શરીર અસ્તિત્વમાં આવ્યું. નોંધનીય અને નવાઈ પમાડનારી વાત એ છે કે માનવશરીરમાંથી એક નાનકડો વાળ તૂટી જાય, તો તેને ફરી તે સ્થળે લગાવી શકાતો નથી. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆનમાંથી સારાંશ, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

## ૩૦. અલ્લાહ ચાહે તે કરે છે

અલ્લાહ 'મુરીદ' છે. એટલે કે તે ઈરાદો કરે છે તે કરે છે. તે ઈચ્છે તેમ કરે છે. તે પોતાના નિર્ણયમાં કોઈનો મોહતાજ નથી. તેને પોતાના કોઈપણ કામ માટે કોઈપણ પ્રકારની ફરજ પાડવામાં નથી આવતી. પરંતુ એ ન ભૂલવું જોઈએ કે તેના પ્રત્યેક કાર્યમાં કોઈ હેતુ અને ડહાપણ (હીકમત) સમાયેલા છે, ત્યાં સુધી કે આ સૃષ્ટિની સૌથી નાનકડી ચીજ પણ વ્યર્થ અને નિરર્થક રીતે કાર્યરત નથી, બલ્કે કોઈને કોઈ હેતુની પરીપૂર્ણતા માટે કામ કરી રહી છે.

અલ્લાહ તમામ ચીજોનો સર્જનહાર છે. તે 'માલેકુલ મુલ્ક' છે. તેને કોઈની રજા લેવાની જરૂર નથી. તેને ન તો પોતાના કામમાં કોઈ સલાહ સૂચનની જરૂર છે, અને ન તો તે કોઈ સલાહકાર કે વજીરનો મોહતાજ છે. તે ચાહે તે કરે છે. તે 'કાદિર' છે. કુરઆનમાં આ પ્રકારની ઘણી આયતો જોવા મળશે, જેમ કે, 'તે ચાહે તેની રોઝી વિશાળ કરે છે કે અને ચાહે તેની રોઝી તંગ કરે છે.', 'તે ચાહે તેને ઈઝઝત આપે છે અને ચાહે તેને અપમાનિત કરે છે.'

પરંતુ એ ન ભૂલવું જોઈએ કે અલ્લાહ જે કરે છે, તે યોગ્ય જ કરે છે. અલ્લાહ તેના બંદાને ચાહે છે અને હંમેશા તેનું ભલુ ઈચ્છે છે. અલ્લાહનો નિર્ણય બંદાની ભલાઈ અને બહેતરી માટે હોય છે, ભલેપછી જાહેરી રીતે તેમ ન લાગે. અલ્લાહના ઘણાબધા નિર્ણયો અને કાર્યોને ઈન્સાન સમજી શકતો નથી અથવા ઘણા સમય પછી તે બાબતો સ્પષ્ટ થાય છે. ઘણી વખત એવું બને છે કે આપણે અલ્લાહના નિર્ણયને સમજી નથી શકતા. પરંતુ સત્ય હકીકત એ છે કે અલ્લાહના દરેક કાર્યો ન્યાયી અને વાજબીપણાની સાથે હોય છે. બલ્કે તે મોટેભાગે ફઝલ અને લુત્ફની સાથે વર્તન કરે છે, જે ન્યાયથી પણ ઉચ્ચ સ્તરની કક્ષા છે. તે મોટેભાગે માફ કરી દે છે, તે બંદાઓને ભૂલોને મોટેભાગે દરગુઝર કરી દે છે, તે ઓછા અમલનો પણ વધારે સવાબ અને અજ્ર અતા કરે છે.

ઈન્સાન ચાહે છે કે તેની ઈચ્છા અને આયોજન મુજબ થાય, પરંતુ થાય છે તો એજ જે અલ્લાહ ચાહે છે. એક ઈરાદો ઈન્સાન કરે છે અને એક ઈરાદો અલ્લાહ કરે છે, પરંતુ થાય છે તો એજ જે અલ્લાહનો ઈરાદો હોય છે, કારણ કે તે 'મુરીદ' છે. તે કોઈના દબાણમાં આવીને કામ નથી કરતો. ઘણી વખત ઈન્સાન સમજી નથી શકતો કે કયો નિર્ણય અને કઈ બાબત તેના માટે યોગ્ય છે.

## ૩૧. અલ્લાહ આપણી ખામીઓને છુપાવે છે

અલ્લાહ 'સત્તારલ ઓયુબ' છે, તે 'સાતેરલ અવ્રાત' છે, એટલે કે તે ઐબો અને ખામીઓને છુપાવી દેનાર છે. જવશને કબીરમાં આપણે પઢીએ છીએ કે 'યા સાતેર કુલ્લ મઅ્યુબ' એટલે કે 'અય તમામ ખામીઓ અને ઐબોને છુપાવી દેનાર.'

અલ્લાહ ખામીઓને છુપાવનાર છે, અને તેણે આપણને પણ હુકમ આપ્યો છે કે આપણે બીજાઓની ખામીઓ, ભૂલો અને ઉણપોને છુપાવીએ, તેને જાહેર ન કરીએ. અલ્લાહ નથી ઈચ્છતો કે બંદાઓ એકબીજાની સામે અપમાનિત થાય.

## ૩૨. અલ્લાહ તૌબાને કબૂલ કરે છે

અલ્લાહ 'કાબેલત્તવ્બાત' છે, એટલે કે તે પોતાના બંદાઓની 'તૌબાને કબૂલ કરનાર' છે. અલ્લાહ તૌબા કરનારને પસંદ કરે છે, તેથી આપણે ભૂલો અને ગુનાહો બદલ તૌબા કરી લેવી જોઈએ અને ફરી તે ભૂલ કે ગુનાહ ન કરવાનો મક્કમ નિર્ધાર કરી લેવો જોઈએ.

## ૩૩. અલ્લાહ ખૂબ જ માફ કરનાર છે

અલ્લાહ 'ખય્રૂલ ગાફેરીન' છે, એટલે કે તે 'સૌથી શ્રેષ્ઠ માફ કરનાર' છે. તે 'ગાફેરઝ્ ઝમ્બ' છે, એટલે કે તે પોતાના બંદાના 'ગુનાહને માફ કરી દેનાર' છે. અલ્લાહનો ફઝલ છે કે તે ઘણુ બધુ માફ કરી દે છે. વિચાર કરો કે અગર તે દરેક ગુનાહની સજા આપે, તો આપણી શું હાલત થાય ?!

## ૩૪. અલ્લાહ બિમારોને સાજા કરે છે

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને જયારે હું બિમાર થઈ જાવ છું, તો તે જ મને શિફા (રોગમુકિત) આપે છે.' (સૂરે શોઅરા, ૨૬ : ૮૦)

આપણે જવશને કબીરમાં અલ્લાહને 'યા શાફી' કહીને પુકારીએ છીએ અને કહીએ છીએ કે 'યા મન યશફીલ મરઝા' એટલે કે 'અય તે કે જે મરીઝોને શિફા આપે છે'

## ૩૫. અલ્લાહ સૌનો પાલનહાર છે

આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે 'યા મન હોવ રબ્બો કુલ્લ શય્અ' એટલે કે 'અય તે જે તમામ ચીજનો પાલનહાર છે.'

'તારી સિવાય બીજો કોઈ પરવરદીગાર નથી' (ઈમામ હુસૈન અ.સ.એ શીખવેલી અરફાના દિવસે પઢવાની દોઆ)

આપણે દરરોજ નમાઝમાં સૂરે હમ્દમાં પઢીએ છીએ : 'અલહમ્દો લીલ્લાહે રબ્બીલ આલમીન' 'અય (તમામ) જગતોના પાલનહાર' (સૂરે હમ્દ, ૧ : ૧)

## ૩૬. અલ્લાહ જ સૌથી પહેલો છે અને તેજ સૌથી અંતિમ છે

'યા મન હોવ કબ્લ કુલ્લ શય્અ, વ યા મન હોવ બઅદ કુલ્લ શય્અ' એટલે કે 'અય તે જે તમામ ચીજની પહેલા છો અને અય તે જે તમામ ચીજની પછી છો.' (જવશને કબીર)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે :'તે 'અવ્વલ' (સૌથી પહેલો) છે અને તે 'આખીર' (સૌથી અંતિમ) છે અને તેજ 'જાહેર' છે અને તેજ 'બાતીન' છે. અને તે તમામ ચીજનો સંપૂર્ણ જાણકાર છે.'' (સૂરે હદીદ, ૫૭ : ૩)

'યા અવ્વલલ અવ્વલીન, વ યા આખેરલ આખેરીન' 'અય પહેલાઓમાં સૌથી પહેલો અને અય છેલ્લાઓમાં સૌથી અંતિમ' (દોઆએ કુમૈલ)

## ૩૭. અલ્લાહ દરેકનો ખુદા છે

અલ્લાહ દરેક મખ્લૂકનો ખુદા છે. એવું નથી કે ને ફકત ઈન્સાનોનો જ ખુદા છે અથવા ફકત ફરીશ્તાઓનો જ ખુદા છે. દરેક મખ્લૂક તેની ખુદાઈ હેઠળ છે. તેની સિવાય બીજો કોઈ ખુદા નથી. એવું પણ નથી કે તે ફકત મુસલમાનોનો જ ખુદા છે. તે તમામ ઈન્સાનોનો ખુદા છે. અને એવું પણ નથી કે તે ફકત આ દુનિયા પુરતો જ ખુદા છે અને બીજી દુનિયામાં કોઈ બીજો ખુદા છે. 'યા ઈલાહલ આલમીન' 'અય તમામ દુનિયાઓના ખુદા'

'યા ઈલાહ કુલ્લ શય્ઈન વ મલીકહુ' એટલે કે 'અય તમામ ચીજના ખુદા અને તેના માલિક' (જવશને કબીર)

## ૩૮. અલ્લાહ સિવાય બીજુ કોઈ ફાયદો કે નુકસાન પહોંચાડી શકે એમ નથી

અલ્લાહના નામોમાંથી અન્ય નામો 'યા ઝાર્રો' અને 'યા નાફેઓ' પણ છે, જેનો ઉલ્લેખ 'જવશને કબીર'માં જોવા મળે છે, જેનો ભાવાર્થ અને સારાંશ એ થાય છે કે 'અલ્લાહ સિવાય અન્ય કોઈ ફાયદો કે નુકસાન ન પહોંચાડી શકે'

અલ્લાહ 'કાશેફઝ્ ઝુર્ર' છે, એટલે કે તે 'નુકસાનને દૂર કરનાર' છે. આપણે અરફાના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)એ શીખવેલી દોઆએ અરફામાં પઢીએ છીએ કે, 'અય જંગલમાં યુસુફ નબી માટે કાફલાને રોકનાર અને તેમને કુવામાંથી બહાર કાઢીને ગુલામીમાંથી બાદશાહ બનાવનાર, અય યાકુબની આંખો રોવાના કારણે સફેદ થવા પછી તેમને યુસુફથી મુલાકાત કરાવનાર, અય અય્યુબની બલાઓ અને મુસીબતોને દૂર કરનાર, અય ઈબ્રાહીમના બુઢાપામાં તેમનો હાથ પકડીને ઝબ્હના ઈમ્તેહાનથી રોકનાર, અય ઝકરીયાની દોઆ કબૂલ કરીને યહયા જેવો ફરઝંદ આપનાર અને તેમને તન્હાઈ અને લાવારીસીથી બચાવનાર, અય યુનુસને માછલીના પેટમાંથી બહાર કાઢ નાર, અય દરીયામાં રસ્તા બનાવીને બની ઈસ્રાઈલને નજાત દેનાર અને ફીરઓન તથા તેના લશ્કરને ડુબાડી દેનાર'

સારાંશ કે તકલીફો અને મુસીબતોમાં તેજ આપણો સહારો છે અને આપણા દરેક ગમ, રંજ, તકલીફ અને મુસીબતને દૂર કરનાર પણ તેજ હોય છે.

અગર અલ્લાહ નફો પહોંચાડવા ચાહે, તો કોઈ અટકાવી નથી શકતું અને અગર અલ્લાહ વંચિત રાખે, ઈમ્તેહાન લે, ગુનાહોના કારણે સજા આપે, તો કોઈ તેના માર્ગમાં અવરોધક બની તે વાતને અટકાવી નથી શકતું. નફો અને નુકસાન અલ્લાહના હાથમાં છે. માટે તમામ આશાઓ અને મીટ તેની જ તરફ માંડવી જોઈએ.

## ૩૯. અલ્લાહ ધીરજવાળો છે, તે સજા આપવામાં ઉતાવળ નથી કરતો

અલ્લાહનું એક નામ 'હલીમ' પણ છે. એટલે કે તે ધીરજવાળો છે, તે સજા આપવામાં ઉતાવળ નથી કરતો. તે રાહ જુએ છે કે તેનો બંદો તેની તરફ પાછો ફરી જાય, તૌબા કરી લે, પસ્તાવો કરી લે, માફી માંગી લે, ફરી ગુનાહ ન કરવાનો નિર્ધાર કરી લે. તેની રહેમત તેના પ્રકોપ અને ક્રોધની આગળ છે. જવશને કબીરમાં વર્ણન છે કે, 'યા મન હોવ બેમન અસાહો હલીમ' એટલે કે, 'અય તે જે ગુનેહગારની સાથે ધીરજથી કામ લેનાર છે' અને 'યા મન સબકત રહમતોહુ ગઝબહૂ' એટલે કે, 'અય તે કે જેની રહેમત તેના ક્રોધની આગળ છે.'

## ૪૦. અલ્લાહ સૌથી સાચો છે

અલ્લાહ 'સાદીક' છે, એટલે કે તે સાચો છે. બલ્કે તે સૌથી સાચો છે. 'વ હોવ અસ્દકુ સ્સાદેકીન' 'અને તે સાચાઓમાં સૌથી સાચો છે' તે કદી જૂઠ નથી બોલતો. તે કદી વાયદાની વિરૂઘ્ઘ નથી કરતો. તેણે જે કાંઈ નેઅમતો અને જઝાના વાયદા કર્યા છે, તેને તે જરૂર પૂરા કરશે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'ઈન્નલ્લાહ લા યુખ્લેફુલ મીઆદ' 'બેશક અલ્લાહ કદીપણ વાયદા ખિલાફી નથી કરતો' (સૂરે આલે ઈમરાન, ૩ : ૯)

## ૪૧. અલ્લાહના નામ અને તેના ગુણો

'અલ્લાહ' શબ્દ 'અલ્લાહ તઆલા'નું અસલ અને સૌથી મોટુ નામ છે. આ નામ કોઈ ખાસ સિફત કે ગુણ નથી બતાવતુ, બલ્કે તે તેની તમામ સિફતોને રજૂ કરે છે. બાકી જેટલા નામો છે, તે અલ્લાહનો કોઈને કોઈ ચોક્કસ ગુણ દર્શાવે છે. આ બધા નામો 'અસ્માએ હુસ્ના' તરીકે ઓળખાય છે. 'અસ્માએ હુસ્ના' અલ્લાહની સિફતો / ગુણોને જાહેર કરે છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અલ્લાહ, કે કોઈ ખુદા નથી સિવાય તેના, તેના સર્વશ્રેષ્ઠ નામો (અસ્માઉલ હુસ્ના) છે.' (સૂરે તાહા, ૨૦ : ૮)

<u>મરજી પ્રમાણે અલ્લાહના નામ ન રાખો</u>

અલ્લાહના નામો વિષે માહિતી આપતા કુરઆને મજીદ જણાવે છે : 'અને 'અસ્માએ હુસ્ના' (સર્વશ્રેષ્ઠ નામો) અલ્લાહના છે, માટે તમે તેને તેના વડે પોકારો. અને જેઓ તેના નામોની પવિત્રતાને ભ્રષ્ટ / વિકૃત કરે છે, તેઓને છોડી દો. તેઓ જે કાંઈ કાર્ય કરતા હતાં તેનો બદલો તેઓને થોડા જ સમયમાં આપી દેવામાં આવશે.' (સૂરે અઅરાફ, ૭ : ૧૮૦)

<u>સમજૂતિ :</u> કાફિરો ખુદાને એ નામોથી યાદ કરતા ન હતા, જે નામોથી ખુદાને યાદ કરવાની શરીઅતે રજા આપી છે. જેમ કે, અરબો અલ્લાહને 'અબુલ મકારેમ' કહીને દોઆ માંગતા હતા અને ખ્રિસ્તી લોકો (ઈસાઈઓ) ખુદાને 'અબુલ મસીહ' કહેતા હતા. અથવા તો તેઓ ખુદાના નામની સાથે કંઈક મેળવીને નામ રાખી લેતા હતા, જેમ કે : 'અલ્લાહ' ઉપરથી 'લાત' અને 'અઝીઝ' ઉપરથી 'ઉઝ્ઝા' નામ બનાવતા હતા. કહેવાનો મતલબ એ કે ઈન્સાન પોતાની મરજી મુજબ ફાવે તેમ અલ્લાહનું નામ ન રાખી શકે. તેનું એક કારણ એ છે કે ઈન્સાનની બુધ્ધિ અધુરી છે, તેથી તે તેનું નામ પોતાની અકકલ અને સ્વાર્થ પ્રમાણે રાખશે.

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ફરમાવે છે : હું તારી પ્રશંસાને ઘેરી શકતો નથી, તારા વખાણ એજ નામો થકી કરૂં છું, જેના થકી તે પોતે પોતાની સના (પ્રશંસા) કરી છે.

ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે : ખુદાની કસમ ! એ 'અસ્માએ હુસ્ના' અમો છીએ, જેની મઅરેફત (સાચી ઓળખ) વિના કોઈ નેકી કબૂલ થતી નથી. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

## <u>એકમાત્ર અલ્લાહના જુદા–જુદા નામો</u>

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : ''..અલ્લાહ પોકારો કે રહમાન પોકારો, તમે જે કાંઈ પણ (નામથી) પોકારો, શ્રેષ્ઠ નામો તેના જ છે..'' (સૂરે બની ઈસ્રાઈલ, ૧૭ : ૧૧૦)

<u>સમજૂતિ :</u> હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) એક વખત સજદામાં 'યા રહમાન, યા રહીમ' પઢી રહયા હતા, તો કાફિરો કહેવા લાગ્યા કે, અમને તો તૌહીદની દા'વત આપે છે અને પોતે બે જણાને (રહમાનને અને રહીમને) પુકારે છે. તે સમયે આ આયત નાઝીલ થઈ કે, આ બધા અલ્લાહના જ નામ છે, તેની ઝાત એક જ છે, તમે તેને જે કોઈપણ નામથી યાદ કરો, અને તે 'અસ્માઉલ હુસ્ના' (શ્રેષ્ઠ નામો) તે એકના જ છે. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆનમાંથી ટૂંકાવીને સારાંશ, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

## <u>અલ્લાહના ગુણોને મખ્લૂકના ગુણો સાથે ન સરખાવો</u>

આપણે એ બાબતની ખાસ તકેદારી રાખવી જોઈએ કે આપણે કદીપણ અલ્લાહના ગુણોને મખ્લૂકના ગુણો સાથે સરખાવવાની કોશિશ ન કરવી જોઈએ. તેના તમામ ગુણો અને ખાસિયતો અમર્યાદિત રીતે સંપૂર્ણ છે અને

તેનો કોઈપણ ગુણ મખ્લૂકના ગુણની જેમ મર્યાદિત, અપૂર્ણ કે ઉણપવાળો નથી. અલ્લાહના ગુણો દરેક પ્રકારની અધૂરાશ, ખામી અને ઉણપથી મુકત અને પાક છે.

## અલ્લાહના કેટલાક નામો 'કુરઆન'માં

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તે અલ્લાહ કે જેના સિવાય કોઈ મઅબૂદ નથી, છુપા અને જાહેરનો જાણકાર, તે 'રહમાન' (અને) 'રહીમ' છે.'

'તે અલ્લાહ કે જેના સિવાય કોઈ મઅબૂદ નથી, 'મલેક' (સર્વસત્તાધીશ), 'કુદદુસ' (અત્યંત પવિત્ર), ' સલામ' (સલામતી આપનાર), 'મોઅમીન' (પનાહ આપનાર), 'મોહયમીન' (રક્ષણ કરનાર), 'અઝીઝ' (મહાસમર્થ), 'જબ્બાર' (સર્વશકિતશાળી), 'મુતકબ્બીર' (મોટાઈવાળો) છે, જે કાંઈ તેઓ શિર્ક કરે છે તેનાથી અલ્લાહ પાક છે.'

'તે અલ્લાહ કે જે 'ખાલિક' (પેદા કરનાર), 'બારેઅ' (બનાવનાર), 'મુસવ્વીર' (આકાર આપનાર) છે,' અસ્માએ હુસ્ના' (સર્વશ્રેષ્ઠ નામો) તેના જ છે, જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે તે (તમામ) તેની તસ્બીહ કરે છે, અને તે અઝીઝ (મહાસમર્થ) છે, હકીમ (હીકમતવાળો) છે.' (સૂરે હશ્ર, ૫૯ : ૨૨, ૨૩, ૨૪)

## અલ્લાહના કેટલાક ગુણો મખ્લૂક માટે નથી

અલ્લાહના કેટલાક ગુણો એવા છે, જે ફકત તેના પોતાના માટે જ મખ્સુસ છે. મખ્લૂકને તેમાં પ્રવેશવાની કે તે ગુણને અપનાવવાની મંજૂરી નથી આપવામાં આવી. જેમ કે, 'કિબ્ર' એટલે કે 'મોટાઈ અથવા મોટપ', ફકતે તે જ 'મુતકબ્બીર' છે, તેજ મોટાઈ અને મોટપને લાયક છે. ઈન્સાનને 'તકબ્બુર'ની એટલે કે ઘમંડ, ગુરૂર, અભિમાન, ખુદપસંદી વગેરેની સખત મનાઈ કરવામાં આવી છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને આસ્માનોમાં અને ધરતીમાં મોટાઈ / મોટપ (ફકત) તેના માટે છે, અને તે 'અઝીઝ' અને 'હકીમ' છે' (સૂરે જાસેયહ, ૪૫ : ૩૭)

## અલ્લાહના નામ કેટલા ?

શિયા–સુન્ની બંને સંપ્રદાયમાં એ મશ્હુર હદીસ જોવા મળે છે કે, 'અલ્લાહના નવ્વાણું નામ છે.' પરંતુ એનો અર્થ એ નથી કે અલ્લાહના ફકત નવ્વાણું જ નામ છે. કુરઆનમાં અલ્લાહના અંદાજે ૧૨૮ નામોનું વર્ણન થયેલ છે. મઅસૂમીન (અ.સ.)એ શીખવેલી દોઆઓમાં પણ અલ્લાહના જુદા–જુદા નામોનું વર્ણન જોવા મળે છે. 'જવશને કબીર'માં અલ્લાહના એક હજાર એક (૧૦૦૧) નામો બયાન થયા છે.

## અલ્લાહના નામ ગ્રામરની દ્રષ્ટિએ

અરબી ગ્રામરની દ્રષ્ટિએ જોઈએ તો અલ્લાહના ઘણા બઘા નામો 'ઈસ્મ' (નામ) સ્વરૂપે છે, તો કેટલાક નામોને 'ફેઅલ' (ક્રિયાપદ) ઉપરથી લેવામાં આવ્યા છે. જેમ કે, 'વ નહનો અકરબો મીન હબ્લીલ વરીદ' વાકયમાં ક્રિયાપદ 'અકરબો' (નજદીકી ઘરાવીએ છીએ) ઉપરથી 'કરીબ' નામ લેવામાં આવ્યું છે. એજ રીતે 'વ ઈઝા મરીઝ્તો ફ હોવ યશ્ફીન' વાકયમાં ક્રિયાપદ 'યશ્ફીન' (તે શિફા આપે છે) ઉપરથી 'શાફી' (શીફા આપનાર) નામ લેવામાં આવ્યું છે. કેટલાક નામો કુરઆનની આયતોના અર્થ ઉપરથી પણ લેવામાં આવ્યા છે. જેમ કે, 'હોવલ અવ્વલો વલ આખેરો' (તેજ પહેલો છે અને તેજ અંતિમ છે)ના અર્થ ઉપરથી 'કદીમ' (અનંત, અવિનાશી, અચળ, અમર્યાદિત) નામ આવ્યું છે.

## ઈસ્મે અઅઝમ

અલ્લાહના નામોમાં 'ઈસ્મે અઅઝમ' (સૌથી મહાન નામ) પણ છે, જેને પ્રાપ્ત કરવાથી ઈન્સાનની દોઆ તરત જ કબૂલ થાય છે. પરંતુ તેમાં નફસ (આત્મા) સાથે જેહાદ કરવાની જરૂરત રહે છે. ખુદાના રંગમાં રંગાઈ જવું પડે છે. પોતાને પાક–પવિત્ર ઈન્સાન બનાવવો પડે છે. ઈન્સાન સતત સદ્ગુણો પ્રાપ્ત કરે અને બુરાઈઓથી બચતો રહે ત્યારે તે ઈસ્મ મેળવી શકે છે. દાખલા તરીકે, અલ્લાહનો એક ગુણ 'સાદિક' (સાચો) છે. પરંતુ 'યા સાદેકો,યા સાદેકો...'ની રટ લગાડવાથી કે જપ કરતા રહેવાથી ઈન્સાન સાચો થઈ જતો નથી. સત્યને શરીરમાં ઉતારવું પડે છે. માથાથી પગ સુધી એ ગુણ તેનામાં હોવો જોઈએ. આંખમાં સચ્ચાઈ હોવી જોઈએ, અસત્ય સામે ન આવે. કાનમાં સચ્ચાઈ ભરેલી હોવી જોઈએ, જૂઠ ત્યાં ગુંજે નહિં, ઝબાન અને દિલમાં સચ્ચાઈ હોવી જોઈએ. જો આ રીતે નફસ સાથે જેહાદ થઈ શકે, તો જ ઈન્સાનના કલામમાં દોઆની કબુલીયતની અસરો પેદા થઈ શકે છે. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, ૭ : ૧૮૦ ની તફસીર)

## ઈસ્મે અઅઝમના ફાયદા અને ફઝીલત

'ઈસ્મે અઅઝમ' વિષેની રિવાયતો અને પ્રસંગો ઉપરથી એ તારણ નીકળે છે કે 'ઈસ્મે અઅઝમ' ઘરાવનાર વ્યકિતની દોઆ કબૂલ થાય છે, એટલુ જ નહિં તે આ 'ઈસ્મે અઅઝમ' વડે આ દુનિયાની ઘણી બઘી ચીજોમાં દખલ અને હસ્તક્ષેપ કરી શકે છે તેમજ મુકત રીતે વર્તન કરી શકે છે. ઉપરાંત તે અચરજમાં નાખી દે તેવા કામોને અંજામ આપી શકે છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'કિતાબનું થોડું જ્ઞાન ઘરાવનાર બોલ્યો કે હું તે (સિહાંસન) તારી પલક ઝબકે તે પહેલા તારી સમક્ષ લઈ આવીશ. પછી જયારે તેણે (હઝરત સુલયમાને) તેને (સિંહાસનને) પોતાની પાસે જોયુ, તો ફરમાવ્યું કે આ મારા પરવરદીગારનો ફઝલ (કૃપા અને મહેરબાની) છે, એ

માટે કે તે મને અજમાવે કે હું શુક્ર કરૂં છું કે કુફ્ર કરૂં છું. અને જેણે શુક્ર કર્યો, તેણેપોતાના જ નફસ ઉપર ઉપકાર કર્યો અને જેણે કુફ્ર કર્યો, તો પછી બેશક મારો પરવરદીગાર ગની (અને) કરીમ છે.' (સૂરે નમ્લ, ૨૭ : ૪૦)

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ફરમાવે છે : અલ્લાહ તઆલાનું ઈસ્મે અઅઝમ તોંતેર (૭૩) અક્ષરોમાં છે. આસીફ બીન બરખીયા પાસે તેમાંથી માત્ર એક અક્ષર હતો, જેને તેમણે મોંઢામાંથી ઉચ્ચાર્યો અને તેમની તથા બિલ્કીસના શહેર વચ્ચેની જમીનની તનાબી ખેંચાઈ ગઈ (અંતર ટૂંકુ થઈ ગયું) અને તેમણે તખ્તને પોતાના હાથોમાં પકડી લીધો. ફરી જમીન પલક ઝપકે તે પહેલા પોતાના મૂળ સ્વરૂપમાં આવી ગઈ.

અમો (એહલેબૈત અ.સ.)ની પાસે તેમાંથી બોંતેર (૭૨) અક્ષરો છે અને એક અક્ષર અલ્લાહ તઆલાની પાસે છે, જેના લીધે ઈલ્મે ગૈબને તેણે પોતાની ઝાત માટે પસંદ કરી અને તે (એક અક્ષર) પોતાની પાસે જ રાખ્યો છે. અને દરેક પ્રકારની તાકત અને કુવ્વત ફકત તેની જ પાસે છે. (મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ–૪, હદીસ નંબર : ૮૯૨૬, પેજ નંબર : ૯૧૬)

ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે : અલ્લાહ તઆલાએ પોતાનું ઈસ્મે અઅઝમ તોંતેર (૭૩) અક્ષરોમાં રાખ્યું છે, તેમાંથી પચ્ચીસ (૨૫) અક્ષરો આદમ (અ.સ.)ને, આઠ (૮) અક્ષરો ઈબ્રાહીમ (અ.સ.)ને, ચાર (૪) અક્ષરો મુસા (અ.સ.)ને અને બે (૨) અક્ષરો ઈસા (અ.સ.)ને અતા કરવામાં આવ્યા છે. ઈસા (અ.સ.) આ બે અક્ષરોની મદદથી મુર્દાઓને જીવંત કરતા, આંધળા અને કોઢવાળા લોકોને રોગમુકિત (શિફા) આપતા હતાં. હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.)ને બોંતેર (૭૨) અક્ષરો આપવામાં આવ્યા છે, ફકત એક અક્ષર તેમનાથી છુપો રાખવામાં આવ્યો છે, જેથી તેઓ પોતાના અને લોકોના દિલોની હાલતને ન જાણી શકે. (મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ–૪, હદીસ નંબર : ૮૯૨૭, પેજ નંબર : ૯૧૬, ૯૧૭)

## 'ઈસ્મે અઅઝમ' કયુ છે ? તે કઈ રીતે મળે ?

'ઝીક્ર'ની દ્રષ્ટિએ જોઈએ તો 'ઈસ્મે અઅઝમ'ને છુપુ રાખવામાં આવ્યું છે. અલ્લાહના કયા નામમાં 'ઈસ્મે અઅઝમ' છુપાયેલુ છે તેની જાણ નથી કરવામાં આવી, જેથી કરીને ઈન્સાન અલ્લાહને દરેક નામથી યાદ કરતો રહે. આમછતાં મઅસૂમીન (અ.સ.)ની હદીસોમાં કેટલીક બાબતો તરફ ઈશારો કરવામાં આવ્યો છે. જેમ કે, ઈમામ હસન અસ્કરી (અ.સ.) ફરમાવે છે : ' આંખની કાળાશ તેની સફેદીથી એટલી નજદીક નથી, જેટલુ 'બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ' ઈસ્મે અઅઝમની નજદીક છે.' (મીઝાનુલ હિકમત, ઉર્દુ, ભાગ–૪, હદીસ નંબર : ૮૯૨૪, પેજ નંબર : ૯૧૫)

અલ્લાહના નામોમાંથી કયુ નામ 'ઈસ્મે અઅઝમ' છે, તે વિષે ઈસ્લામી વિદ્વાનોએ ઘણા વર્ણનો આપેલા છે, અને આ વિષય ઉપર ચર્ચાઓ પણ ચાલતી રહે છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે અલ્લાહના ગુણો દર્શાવતા તેના નામોના અર્થને સમજીને તેને પોતાની અંદર ઉતારી લેવાથી અને વ્યવહારૂ રીતે તેને અપનાવવાથી ઈન્સાનની

રૂહાનીય્યતમાં વધારો થાય છે અને ઈન્સાનનું વ્યકિતત્વ પ્રભાવશાળી, પ્રતિભાશાળી અને અસરકારક પણ બને છે. આપણે પોતાની અંદર એ બધા સદ્‌ગુણોને વિકસાવવા જોઈએ અને પોતાના વ્યકિતત્વને તેના વડે શણગારવું જોઈએ. કારણ કે એ શકય નથી કે ગુનાહોમાં સપડાયેલો શખ્સ 'ઈસ્મે અઅઝમ'નું ઈલ્મ પ્રાપ્ત કરીને એવો બની જાય કે તેની દોઆ કબૂલ થવા લાગે.

ઈતિહાસ સાક્ષી છે કે 'બલઅમ' નામનો શખ્સ 'ઈસ્મે અઅઝમ'નું ઈલ્મ ધરાવતો હતો, પરંતુ પછી તે આ ઈલ્મને ગુમાવી બેઠો. આનો મતલબ જ એ થાય છે કે તેણે આ રૂહાની સ્થાનને ઈમાન, નેક કાર્યો, તકવા અને પરહેઝગારી વડે પ્રાપ્ત કર્યુ હતુ. અને તેથી જ તેની દોઆ કબૂલ થઈ જતી હતી. પરંતુ તે પોતાની ભૂલો વડે અને પોતાના સમયના ફીરઔનની મદદ અને પોતાની ઈચ્છાઓની ઈતાઅતના કારણે આ રૂહાની દરજ્જાને ખોઈ બેઠો.

નબીઓ અને ઈમામો 'ઈસ્મે અઅઝમ'ના ઈલ્મથી માહિતગાર હોય છે. જયારે આપણે તેમની જીવનશૈલી ઉપર નજર કરીએ છીએ, તો તેમની અંદર અલ્લાહના નામો અને ગુણોની હકીકત દ્રશ્યમાન થાય છે. તેથી 'ઈસ્મે અઅઝમ' મેળવવા ઈચ્છુક દરેક વ્યકિત માટે નબીઓ અને ઈમામોના જીવનપથ ઉપર ચાલવું જરૂરી બની જાય છે.

'ઈસ્મે અઅઝમ'નું ઈલ્મ મેળવવા માટે વહનશકિત, સબ્ર, સહનશીલતા અને અમાનતદારીના ગુણો હોવા જરૂરી છે. આ વિષેના ત્રણ પ્રસંગોનો અભ્યાસ કરવાથી થોડા અંશે એ ખ્યાલ આવી શકશે કે 'ઈસ્મે અઅઝમ' મેળવવા માટે કયા ગુણો વિકસાવવા જરૂરી છે :

## <u>પ્રસંગ : ૧</u>

કહેવાય છે કે ઝુન્નુન મિસરી પાસે 'ઇસ્મે અઅઝમ' હતુ. યૂસુફ બિન હસન કહે છે કે મને યકીન થઈ ગયુ કે ઝુન્નુનની પાસે અલ્લાહ તઆલાનુ 'ઇસ્મે અઅઝમ' મૌજૂદ છે. હુ મિસ્ર ગયો અને પુરૂ એક વરસ ઝુન્નુનની સેવા કરતો રહયો અને વરસ પુરૂ થવા પછી મે તેને કહયું :

''મે આખુ વરસ આપની ચાકરી કરી છે. આખર આપ પર મારો હક થાય છે. અને આપને મારી એટલી જ વિનંતી છે કે આપ મને 'ઇસ્મે અઅઝમ'ની તાલીમ આપો. આપને મારા જેવો સેવા કરનાર શિષ્ય બીજો કોઈ નહીં મળે.''

તેણે માથુ ધુણાવ્યું. હુ સમજી ગયો કે ઉસ્તાદ મને 'ઇસ્મે અઅઝમ' જરૂર શિખવશે.

હું બીજા છ મહિના સુધી તેની સેવા કરતો રહયો. એકવાર તેમણે મને એક ઢાંકેલુ વાસણ સોંપ્યુ અને કહયું કે, 'ફલાણા શખ્સના ઘરે ચાલ્યા જાઓ અને મારી આ અમાનત તેને પહોચાડી દયો.'

મેં તે વાસણ ઉપાડયું અને પૂરે રસ્તે એ વિચારતો રહયો કે આખર ઝુન્નુન મિસ્રીએ શું ચીજ મોકલી છે ? અંતે મારા પર કુતુહલ ચડી બેઠું. મે વાસણ ખોલ્યું, તો તેમાથી એક જીવતો સલામત ઊંદર નિકળ્યો. વાસણનું જેવું ઢાંકણુ ઉપાડયું, ઊંદર કુદીને બહાર નિકળી ગયો.

મને મારા ઉસ્તાદ પર અત્યંત ગુસ્સો ચડયો કે, તેણે મને ઊંદર પહોચાડવા માટે મોકલ્યો. હુ નારાઝ થઈને ઝુન્નુનની પાસે પાછો ફર્યો, તો તેણે મારા ચહેરાના હાવભાવ જોઈને જ અનુમાન કરી લીઘુ કે હું તેને શું કહેવાનો છું. હું કંઈ કહુ એ પહેલા જ તેમણે કહયુ : અય મુર્ખ ! બેવકૂફ ! મેં તને એક ઊંદરનો 'અમીન' બનાવ્યો, તો એમા પણ તે વિશ્વાસઘાત કર્યો, ભલા એવા શખ્સને અલ્લાહના 'ઈસ્મે અઅઝમ'નો અમીન કેવી રીતે બનાવી શકું ?
(વીણેલા મોતી, ગુજરાતી, ભાગ : ૧, પ્રકરણ : અમાનતની હિફાઝત, કિસ્સો : ૫)

## પ્રસંગ : ૨

એક શખ્સ માટે મશહૂર હતુ કે તેની પાસે 'ઈસ્મે અઅઝમ' છે. બીજો એક શખ્સ તેની પાસે ગયો અને 'ઈસ્મે અઅઝમ' શીખવવાની માંગણી કરી.

તેણે કહ્યું : તુ મળસ્કે શહેરના દરવાજે જજે અને ત્યાં જે કંઈ જુએ તે મીઠુ મરચુ ભભરાવ્યા વગર મને આવી બતાવજે.

ઉસ્તાદના હુકમ પ્રમાણે શિષ્ય શહેરના દરવાજા પર ગયો, તો જોયુ કે એક વયોવૃઘ્ઘ માણસ માથા પર લાકડાનો ભારો ઉપાડી દરવાજામાં દાખલ થયો. દરવાજા પર ઊભેલા સિપાહીએ કહ્યું : આ ભારો તુ મને આપી દે.

વૃઘ્ઘે કહ્યું : એ શરત પર આ ભારો તને સોંપી શકુ છું કે તુ મને એની કિંમત આપી દે.

સિપાહીએ કહયું : હું તને કંઈ નહીં આપુ. વૃઘ્ઘે લાકડા આપવાનો ઈન્કાર કરી દીઘો. સિપાહીએ બળજબરીથી તે ભારો વૃઘ્ઘ પાસેથી આંચકી લીઘો. વૃઘ્ઘે ઓછોવત્તો વિરોઘ કર્યો તો સિપાહીએ તેને ખૂબ પીટી નાખ્યો. તેના માથામાંથી ખૂન વહીને તેના મોંઢા ઉપર વહેવા લાગ્યું.

વૃઘ્ઘની મઝલૂમી જોઈને એ શખ્સને ઘણી દયા આવી અને દિલમાં કહયું : 'કાશ ! આ સમયે મારી પાસે ' ઈસ્મે અઅઝમ' હોત, તો હું તેની અસરથી ઝાલિમ સિપાહીને બાળીને ભસ્મીભૂત કરી દેત.'

મુરીદના મોઢે ઉસ્તાદે આ બનાવ સાંભળ્યો અને મુરીદની લાગણી પણ સાંભળી તો કહયું :

બેટા ! દરેક શખ્સ પાસે અમાનત ન રાખવી જોઈએ અને દરેક શખ્સ વિશ્વાસુ બનવાને પાત્ર નથી હોતો. મળસ્કે જે વૃઘ્ઘને તે સિપાહીના હાથે લોહી લુહાણ થતા જોયો તે વૃઘ્ઘ 'ઈસ્મે અઅઝમ'માં મારો ઉસ્તાદ છે. મેં તેની પાસેથી 'ઈસ્મે અઅઝમ' શીખ્યું છે. તેણે સિપાહીના ઝુલ્મને સહી લીઘો અને તેના અત્યાચારને ઉપેક્ષિત કર્યો જયારે કે તેની પાસે 'ઈસ્મે અઅઝમ' પણ હતુ. પણ તેણે સિપાહીને બદદોઆ દેવાથી દૂરી અપનાવી. જેને પણ હકના

રહસ્યોની તાલીમ આપવામા આવી, તો તેના મોંને બંધ કરી તેના હોઠો સીવી લેવામાં આવ્યા. (વીણેલા મોતી, ગુજરાતી, ભાગ : ૧, પ્રકરણ : અમાનતની હિફાઝત, કિસ્સો : ૭)

## પ્રસંગ : ૩

ઉમર બિન હન્ઝલાએ ઈમામ બાકિર (અ.સ.)ની સેવામાં હાજર થઈ અરજ કરી કે મારૂં માનવું છે કે આપની નજરમાં મારૂં એક સ્થાન અને માન છે અને હંમેશા હું આપની કૃપાદ્રષ્ટિ નીચે રહયો છું.

ઈમામ (અ.સ.)મે ફરમાવ્યું : હા, ખરૂં છે, તો તેણે અરજ કરી તો પછી આપ મારા પર ઉપકાર કરો અને મને 'ઈસ્મે અઅઝમ' શિખવો.

આ સાંભળી ઈમામ (અ.સ.)મે ફરમાવ્યું : શું તમે 'ઈસ્મે આ'ઝમ'ને સહન કરી શકશો ?

ઉમર બિન હન્ઝલાએ કહયું : જી હા.

ઈમામે આલી મકામે ફરમાવ્યું : સામેના ઓરડામાં ચાલ્યો જા. ઉમર કહે છે કે, હું તે ઓરડામાં ગયો. થોડીવાર પછી ઈમામ (અ.સ.) પણ એ ઓરડામાં પધાર્યા અને આપે હાથ જમીન પર માર્યો તો પૂરો ઓરડો અચાનક અંધારીયો થઈ ગયો. અને કયાંયથી પ્રકાશનું એક બિંદુ પણ ન દેખાણું. એ સમયે મારી આંખોની સામે અંધારૂં છવાઈ ગયું અને મારા શરીરનું રોમેરોમ કાપવા લાગ્યું.

ઈમામ (અ.સ.)મે ફરમાવ્યું : હવે બતાઓ 'ઈસ્મે અઅઝમ'ને સહી શકશો ?

તો મેં કહયું : ફરઝંદે રસૂલ ! હું સહન નથી કરી શકતો.

પછી આપે જમીન પરથી હાથ ઉપાડયો, તો ઓરડો ઝાકઝમાળ થઈ ગયો અને મારા અંગો ઉપાંગોની કંપારી પણ ખતમ થઈ ગઈ. (વીણેલા મોતી, ગુજરાતી, ભાગ : ૧, પ્રકરણ : અમાનતની હિફાઝત, કિસ્સો : ૮)

## ૪૨. અલ્લાહના ગુણો અલ્લાહ સિવાયનું અલગ અસ્તિત્વ નથી

જયારે આપણે પોતાની તરફ નજર કરીએ છીએ, તો ખબર પડે છે કે શરૂઆતમાં કેટલાક ગુણો આપણી અંદર ન હતા, જે હાલમાં જોવા મળે છે. જન્મ સમયે આપણી પાસે ન તો ઈલ્મ હતું, ન તો તાકત હતી અને ન તો બોલવાની શકિત હતી. ધીમે ધીમે ક્રમશઃ આ બધી ખાસિયતો આપણે પ્રાપ્ત કરી. અને શકય છે કે એક સમય એવો પણ આવે કે જયારે વૃઘ્ધાવસ્થામાં આપણું અસ્તિત્વ તો હોય, પરંતુ આપણી તાકત, સાંભળવાની શકિત, યાદશકિત વગેરે બાકી ન રહે. આમ, આપણે સ્પષ્ટ રીતે અનુભવીએ છીએ કે આપણું અસ્તિત્વ અને આપણા ગુણો બંને એકબીજાથી અલગ અસ્તિત્વ ધરાવતી જુદી–જુદી બાબતો છે.

પરંતુ, આજ બાબત અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા માટે નથી. તેની હસ્તિ અને તેના ગુણો બંને અલગ રીતે અસ્તિત્વમાં નથી, બલ્કે બંને એક જ છે. જેવી રીતે અલ્લાહની ઝાત અનંત, અપાર, અસીમ અને અમર્યાદિત છે તેવી જ રીતે તેના તમામ ગુણો, જેમ કે ઈલ્મ, કુદરત વગેરે અનંત, અપાર, અસીમ અને અમર્યાદિત છે. અને એવું પણ નથી કે આ ગુણો તેનામાં પહેલા ન હતા, અને પછી તેણે મેળવ્યા. તેજ રીતે એવું પણ નથી કે કેટલાક ગુણો ભવિષ્યમાં તેની પાસે જોવા નહિં મળે. સારાંશ કે અલ્લાહની ઝાત અને સિફત એક જ છે, બંનેનું અલગ, સ્વતંત્ર, સેપરેટ અસ્તિત્વ નથી.

## ૪૩. દહરીય્ય (નાસ્તિક)

દહરીય્ય – دهري : **athiest, infidel, unbeliever, free thinker,** નાસ્તિક, નિરીશ્વરવાદી, ઈશ્વરમાં ન માનનાર

### ઈમામ સાદીક (અ.સ.)નો નાસ્તિકને જડબાતોડ જવાબ

હિશામ બિન હકમ કહે છે કે હું ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની સેવામા હાજર થયો. થોડી વાર પછી મશહૂર નાસ્તિક ઈબ્ને અબીલ અવજાઅ ઈમામની સેવામાં હાજર થયો. તેણે ખુદા એક હોવાના પ્રશ્ન વિશે આપ (અ.સ.)ની સાથે ચર્ચા શરૂ કરી.

ઈમામ (અ.સ.)એ તેને ફરમાવ્યું : શું તારો કોઈ બનાવનાર પણ છે ખરો ? અને શું તુ કોઈ કારીગરની કળા છો ? કે પછી તુ વગર બનાવે જ બની ગયો છો ? એટલે કે શું તને કોઈએ બનાવીને આ જગતમા મોકલ્યો છે, કે પછી તુ કોઈના બનાવ્યા વગર ખુદ પોતે જ પેદા થઈ ગયો છો ?

ઈબ્ને અબીલ અવજાએ કહયું : મને કોઈએ નથી બનાવ્યો.

આ સાંભળી ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : ભલે, ત્યારે એ બતાવ કે જો તને કોઈએ બનાવ્યો હોત, તો પછી તારો રંગ રૂપ, દેખાવ અને ઢંગ કેવા હોત ? અર્થાત તારા આ રૂપ રંગમા શું ફેરફાર હોત ?

નાસ્તિક ઈબ્ને અબીલ અવજા આ સવાલનો કોઈ જવાબ ન આપી શકયો અને શરમાઈને બહાર ચાલ્યો ગયો. (વિણેલા મોતી, ભાગ : ૧)

### નાવિક વિના ચાલતુ વહાણ !

અલી બિન મય્સમ જે બે સંબંધોથી હઝરત મય્સમે તમ્મારના વંશમાંથી હતા. અને પોતાના સમયના અત્યંત બુધ્ધિશાળી અને વિધ્વાન ઈન્સાન હતા. એક દિવસ તેઓ મામુન રશીદના વઝીર ફઝલ બિન સુહૈલની બેઠકમા

ગયા. તો તેમણે ત્યા જોયું કે એક નાસ્તિક ભૌતિકવાદી મજલિસના એક અગ્ર ભાગમા ઉંચા સ્થાને બેઠેલો છે અને બાકી બધા લોકો તેનાથી નીચેના સ્થાને બેઠેલા છે. અને એ શખ્સ ખુદાનો છડેચોક ઇન્કાર કરી રહયો હતો. અને હાજર લોકો ઘણા ધ્યાનપુર્વક તેની વાતો સાંભળી રહયા હતા. આ દ્રશ્ય જોઈને અલી બિન મય્સમને ઘણું દુઃખ થયુ અને એ નાસ્તિકની વાત કાપતા તેમણે વઝીરને સંબોધીને કહયું : માનનીય વઝીર ! આજે મેં આપના ઘરની બહાર એક વિચિત્ર દ્રશ્ય જોયું.

વઝીરે અચરજથી પૂછયું : આપે શુ જોયું ?

અલી બિન મયસમે કહયું : મે એક વહાણને જોયું, જેમાં કોઈ નાવિક ન હતો, પણ તે વહાણ કોઈ ડ્રાઈવરની સહાય વગર આપો આપ કિનારા પર આવીને લાગી ગયુ. અને ત્યાંથી સવારોને પોતાની અંદર સવાર કર્યા પછી વહાણ ચાલી નિકળ્યું. અને લોકોને આપના ઘરની પાસે ઉતાર્યા પછી અહીંથી સવારો ઉઠાવી અને પોતાની મંઝિલે ચાલી નિકળ્યું અને તેણે ત્યાં બધા મુસાફરોને ઉતાર્યા.

વઝીર જવાબ આપે એ પહેલા જ તે નાસ્તિક બોલી પડયો અને કહયું : માનનીય વઝીર ! આ શખ્સની અક્કલમાં ખરાબી આવી ગઈ છે. અને આ શખ્સ પાગલ જેવી વાતો કરી રહયો છે. અને આ શખ્સ અશકય અને અસંભવિત વાતોનો દાવો કરે છે. તમે પોતે વિચારો કે નાખુદા વગર વહાણ દરિયાની સફર કેવી રીતે કરી શકે છે ? અને ડ્રાઈવર વગર પોતાના ધાર્યા સ્થળે કેવી રીતે પહોચી શકે છે ! ?

નાસ્તિકની આ વાત સાંભળી અલી બિન મય્સમે કહયુ : મુર્ખ હું નથી, બલ્કે તુ છો. જયારે કોઈ વહાણ નાખુદા વગર એક દરિયાને આપો આપ ઓળંગી શકતુ નથી, તો અસ્તિત્વનો આ અગાધ સમંદર જે તને દેખાય છે તેમા અસ્તિત્વો કેવી રીતે સફર કરી શકે છે ?! નાખુદા વગર નાવ પણ નથી ચાલી શકતી, તો ભલા ખુદા વગર આ વિશ્વ કેવી રીતે ચાલી શકે છે ? આ હજારો આકાશગંગાઓ, તારાઓ, ગ્રહો પોતપોતાની ધરી પર કોઈ પણ સર્જનહાર અને સંચાલક વગર કેવી રીતે સફર કરી શકે છે ? હવે તુ પોતે બતાવ કે મે અશકય વતાનો દાવો કર્યો છે કે તે ?

નાસ્તિક આ પ્રશ્નનો કોઈ જવાબ ન આપી શકયો અને અત્યંત લજ્જિત થયો અને તેને ખાતરી થઈ ગઈ કે અલી બિન મય્સમે તેને પરાજિત અને લાજવાબ કરવાના હેતુથી વહાણની દાસ્તાન ઘડી છે. એટલે તે શરમાઈને બહાર ચાલ્યો ગયો. વઝીર ફઝલ બિન સુહયલ આ વાર્તાલાપ સાંભળી ઘણો પ્રભાવિત થયો. (વિણેલા મોતી, ભાગ : ૧)

## <u>નાસ્તિકવાદનો જવાબ કુરઆનથી</u>

કુરઆનમાં નાસ્તિકોની માન્યતાનું વર્ણન અને તેનો જવાબ આ મુજબ જોવા મળે છે : 'અને તેઓ કહે છે કે દુનિયાની અમારી (આ) જીંદગી સિવાય બીજુ કંઈ જ નથી. અમે જીવીએ છીએ અને મૃત્યુ પામીએ છીએ, અને કાળ

(સમયચક્ર) સિવાય અમારો અંત કોઈ લાવતું નથી. અને તેઓને આ વિષેનું કંઈ જ જ્ઞાન નથી, તેઓ ફકત અટકળ (અનુમાન) કરે છે.' (સૂરે જાસેયહ, ૪૫ : ૨૪)

ઉપરોકત આયત બતાવે છે કે નાસ્તિકો પાસે પોતાની માન્યતાનો કોઈ નક્કર પુરાવો કે દલીલ નથી, તેઓની માન્યતા ફકત અટકળ અને અનુમાનને આધારે જ છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તમામ વખાણ અલ્લાહ માટે છે કે જેણે આસ્માનો અને ધરતીનું સર્જન કર્યુ અને અંધકાર અને પ્રકાશને બનાવ્યા, તે છતા પણ જેઓએ કુફ્ર કર્યુ છે તેઓ પોતાના પરવરદીગારની સાથે સમોવડિયા / બરોબરીયાની ગોઠવણ કરે છે.' (સૂરે અન્આમ, ૬ : ૧)

ઉપરોકત આયતમાં અલ્લાહે 'દહરીય્ય' સમૂહની માન્યતાને રદબાતલ કરેલ છે અને જણાવેલ છે કે અલ્લાહે આસ્માનો અને જમીનનું સર્જન કરેલ છે. તે આપમેળે અસ્તિત્વમાં આવેલ નથી.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં નાસ્તિકો વિષે ફરમાવે છે : 'અથવા શું તેઓને કોઈ પણ ચીજ વિના સર્જન કરવામાં આવ્યા હતા, અથવા તો શું તેઓ પોતે જ સર્જન કરનારા છે ? અથવા શું આસ્માનો અને જમીનને તેઓએ પેદા કર્યા હતા ? નહિં, બલ્કે તેઓને યકીન નથી.' (સૂરે તુર, પર : ૩૫, ૩૬)

## સરળ જવાબ

વાહનના ટાયરના નિશાન માર્ગ ઉપર નિહાળીને બુધ્ધિશાળી અને પૂર્વગ્રહ તથા હઠાગ્રહથી મુકત શખ્સ એ વાતને જરૂર સ્વીકારી લેશે કે અહીંથી કોઈ વાહન જરૂર પસાર થયેલ છે, બસ તેજ રીતે આ સૃષ્ટિમાં રહેલા અનેકવિધ સર્જનો, નિશાનીઓ, તેમની વચ્ચેનું સંકલન, નિયમબધ્ધતા અને નિયમિતતા એ વાતની સાબિતી આપે છે કે તેમનો પણ કોઈ સર્જનહાર છે, બસ તેજ અલ્લાહ છે.

## ૪૪. સનવીય્ય (બે ખુદાઓમાં માનનાર)

સનવીય્ય – ثَنَوِي : **dualist, dualistic, who believe in dualism,** બે ખુદાઓમાં માનનાર

'સનવીય્ય' લોકો અંધકાર અને પ્રકાશને જગત ચલાવનારા બે જુદા–જુદા ખુદાઓ માને છે. તેમની માન્યતા (અકીદા) મુજબ ખુદા બે છે. એકનું નામ 'યઝદાન' છે, જે નેકીઓનો ખુદા છે, અને બીજાનું નામ 'અહરમન' છે, જે બુરાઈઓનો ખુદા છે. ખાસ કરીને પારસી લોકોમાં આ માન્યતા પ્રચલિત છે.

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : તમામ વખાણ અલ્લાહ માટે છે કે જેણે આસ્માનો અને ધરતીનું સર્જન કર્યુ અને અંધકાર અને પ્રકાશને બનાવ્યા, તે છતા પણ જેઓએ કુફ્ર કર્યુ છે તેઓ પોતાના પરવરદીગારની સાથે સમોવડિયા / બરોબરીયાની ગોઠવણ કરે છે. (સૂરે અન્આમ, ૬ : ૧)

ઉપરોકત આયતમાં અલ્લાહે 'સનવીય્ય' સમૂહની માન્યતાને રદબાતલ કરેલ છે અને જણાવેલ છે કે ખુદા અંધકાર અને પ્રકાશનો પણ સર્જનહાર છે. 'અંધકાર' અને 'પ્રકાશ' બંને મખ્લૂક છે, નહિં કે ખુદા.

જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા રબ્બન્નૂરે વઝ્ઝલામ' એટલે કે 'અય પ્રકાશ અને અંધકારના પરવરદીગાર'

## ૪૫. ખ્રિસ્તીઓની માન્યતા [CHRISTAINS BELIEF]

**CHRISTAINS :** ખ્રિસ્તીઓ, નસારા نصارى (એક વચન : નસરાની نصراني), સલબી **CRUSADER** صلبي, મસીહી مسيحي, ઈસાઈ

ખ્રિસ્તી સમુદાયના લોકો **TRINITY** ના સિધ્ધાંતમાં માને છે. તેઓ અલ્લાહને ત્રણ દૈવી વ્યકિત તરીકે માને છે, **FATHER, SON** અને **HOLY SPIRIT,** તેઓની માન્યતા મુજબ બાઈબલમાં ત્રણ જુદા–જુદા વ્યકિતઓનો **GOD** તરીકે ઉલ્લેખ થયેલ છે : **GOD THE FATHER, GOD THE SON** (હઝરત ઈસા) અને **GOD THE HOLY SPIRIT** (રૂહુલ કુદુસ), તેઓ કહે છે કે **TRINITY** ના સિધ્ધાંત મુજબ આ ત્રણેય વ્યકિતઓ એક જ **GOD** માંથી છે, છતાં **GOD** એક જ છે. આ ત્રણેય હસ્તિઓ એકબીજાની સાથે એક પરિવારની જેમ રહે છે. ખ્રિસ્તીઓ **GOD** ની બંદગી **TRINITY** ના સિધ્ધાંત, સ્વરૂપ અને માન્યતા મુજબ કરે છે.

**TRINITY** ખ્રિસ્તી ધર્મનો મુખ્ય સિધ્ધાંત છે, આમછતાં ખ્રિસ્તિઓમાં એક નાનકડો લઘુમતી સંપ્રદાય પણ છે, જે આ **TRINITY** ના સિધ્ધાંતમાં નથી માનતો. આ સંપ્રદાય **NON-TRINITY CHRISTAINS** તરીકે ઓળખાય છે. આ લોકો હઝરત ઈસાને **GOD** તરીકે નથી માનતા.

**TRINITY** ના સિધ્ધાંત બાબતે ખ્રિસ્તીઓમાં અનેક પ્રકારની જુદી–જુદી માન્યતાઓ, મતમતાંતરો અને મતભેદો પ્રવર્તે છે. બધા ખ્રિસ્તઓ આ માન્યતામાં એકમત નથી. કેટલાક ખ્રિસ્તિઓ સંપૂર્ણ **TRINITY** માં નથી માનતા. વસ્તીની દ્રષ્ટિએ જોઈએ તો વિશ્વની કુલ જનસંખ્યાની સરખામણીએ ૧/૩ ભાગના લોકો ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ છે.





**Diagram of Trinity relationships (seeAthanasian Creed)**



**Sculptural group from the Holy Trinity Column in Olomouc, Czech Republic, 18th century**

## ખ્રિસ્તી માન્યતાનો જવાબ

ખ્રિસ્તીઓ **TRINITY** ના સિધ્ધાંતને તેઓના ધર્મપુસ્તક બાઈબલથી સાબિત કરે છે, પરંતુ સત્ય હકીકત એ છે કે મૂળ બાઈબલ (એટલે કે ઈન્જીલ)માં ઘણા બધા ફેરફારો અને ઉમેરણ વગેરે થયા હોવાથી હાલ તેઓ પાસે અસલ બાઈબલ પ્રાપ્ય નથી. તેથી ફેરફાર સાથેની માનવસર્જીત બાઈબલના આધારે **TRINITY** નો સિધ્ધાંત સાબિત ન કરી શકાય. વળી, **TRINITY** નો સિધ્ધાંત અક્કલની દ્રષ્ટિએ પણ તર્કસંગત નથી.

ખ્રિસ્તી સમુદાયના લોકો માને છે કે હઝરત ઈસા અલ્લાહના દીકરા છે. પરંતુ ઈસ્લામી માન્યતા મુજબ અલ્લાહનો કોઈ પિતા કે પુત્ર નથી, અને હઝરત ઈસા (અ.સ.) અલ્લાહના બંદા અને તેના નબી છે.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તેણે (હઝરત ઈસાએ) કહ્યું : બેશક હું અલ્લાહનો બંદો છું, તેણે મને કિતાબ આપી છે, અને તેણે મને નબી બનાવ્યો છે.' (સૂરે મરિયમ, ૧૯ : ૩૦)

<u>સમજૂતિ :</u> હઝરત ઈસાએ 'ઈન્ની અબ્દુલ્લાહ' એટલે કે 'હું અલ્લાહનો બંદો છું' એમ કહીને લોકોને જવાબ આપી દીધો કે, મને ખુદા ન સમજતા અને ન તો મને કોઈનો શરીક કરજો. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'બેશક ઈસાનું ઉદાહરણ અલ્લાહની નજદીક આદમની જેવું છે. તેને માટીમાંથી પેદા કર્યા, પછી તેને કહ્યું,'થઈ જા' અને 'તે થઈ ગયો' (સૂરે આલે ઈમરાન, ૩ : ૫૯)

હઝરત ઈસા (અ.સ.) આખી રાત અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત રહેતા હતા. શું ખ્રિસ્તી લોકોએ તેમના જીવનવૃતાંતનો અભ્યાસ નથી કર્યો ? તો પછી શા માટે તેઓ હઝરત ઈસાને ખુદા અને ખુદાના દીકરા કહે છે ? કુરઆને ત્રણ ખુદાઓની માન્યતા (ટ્રીનીટીના સિધ્ધાંત)ને સદંતર બાતિલ, જૂઠો અને ગલત સાબિત કર્યો છે.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'વ લા તકુલ્લુ સલાસતુન, ઈન્તહુ ખય્રલ લકુમ, ઈન્નમલ્લાહો ઈલાહું વાહીદ' 'એમ ન કહો કે ત્રણ (ખુદા છે) , (તેનાથી) બચો, તમારા માટે (તેમાં) ભલાઈ છે, અલ્લાહ તો માત્ર એક જ અલ્લાહ છે.' (સૂરે નિસાઅ, ૪ : ૧૭૧)

<u>સમજૂતિ :</u> ઈસાઈઓ (ખ્રિસ્તીઓ)એ ગુલુ / અતિશયોકિત કરી. તેઓએ મોહબ્બતના કારણે હઝરત ઈસા (અ.સ.)ને અલ્લાહના દીકરા માની લીધા. તેઓએ ત્રણ ખુદામાં પહેલો ખુદા, બીજા રૂહુલ કુદુસ અને ત્રીજા હઝરત ઈસા એમ કરીને એક માન્યતા ઉભી કરી કે ત્રણેય મળીને એક છે. આ માન્યતા બિલ્કુલ ગલત અને બાતિલ છે. ખુદાને બીજા બેની શી જરૂર ? જેને બીજાની સહાયની જરૂરત પડે, તે તેનો મોહતાજ કહેવાય અને જે કોઈનો મોહતાજ હોય, તે અલ્લાહ ન હોઈ શકે. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, ૪:૧૭૧ની તફસીરનો સારાંશ, લેખકઃહાજી નાજી સાહેબ)

## ૪૬. યહુદીઓની માન્યતા [JEWS BELIEF]

**JEWS :** યહુદીઓ, ઈબ્રાની, ઈબ્રી, **JEWISH PEOPLE**

યહુદીઓમાંથી કેટલાક લોકો માને છે કે ઓઝૈર પયગમ્બર અલ્લાહના દીકરા છે. પરંતુ ઈસ્લામી માન્યતા મુજબ અલ્લાહને કોઈ પિતા, પુત્ર કે પત્નિ નથી.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને યહુદીઓ કહે છે કે ઉઝૈર અલ્લાહના દીકરા છે, અને ખ્રિસ્તીઓ કહે છે કે મસીહ (હઝરત ઈસા) અલ્લાહના દીકરા છે. આ તેઓના પોતાના મોઢાના શબ્દો છે. જે લોકોએ તેમની પહેલા ઈન્કાર (કુફ્ર) કર્યુ હતું, તેઓની વાતનું તેઓ અનુકરણ (નકલ) કરે છે, અલ્લાહ તેઓનો નાશ કરે, તેઓ કેવા બહેકી ગયા છે !' (સૂરે તવ્બાહ, ૯ : ૩૦)

## ૪૭. નુસૈરી લોકોની માન્યતા

'નુસૈરી' સમૂહના લોકો હઝરત અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.)ને ખુદા માને છે. આ સમૂહના કેટલાક લોકો હઝરત અલી (અ.સ.)ને અલ્લાહની બરાબરના એકસમાન સ્થાને માને છે. આવા લોકો 'ગુલાત' غُلاة (અતિશયોકિત કરતા લોકો) તરીકે પણ ઓળખાય છે.

હઝરત અલી (અ.સ.)એ પણ હઝરત ઈસા (અ.સ.)ની જેમ 'ઈન્ની અબ્દુલ્લાહ' એટલે કે 'હું અલ્લાહનો બંદો છું' એમ કહીને જણાવી દીઘુ હતું કે મને ખુદા ન સમજતા અને ન તો મને કોઈનો શરીક કરજો. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, ૧૯ : ૩૦ ની તફસીર, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

હઝરત અલી (અ.સ.)ને ખુદા તરીકે માનતા કેટલાક સમૂહો આ મુજબ છે : Alevi, Alawi, Ahl-e Haqq, Bektashi

## ૪૮. અલ્લાહની ઓળખ (મઅરેફત) માટે અભ્યાસ / ભણતર જરૂરી છે ?

<u>પ્રશ્ન :</u> શું અલ્લાહની ઓળખ (મઅરેફત) માટે અભ્યાસ / ભણતર જરૂરી છે ? શું ઈન્સાન માટે જરૂરી છે કે આ હકીકતને જાણવા માટે તે શિક્ષિત કે વિધ્વાન હોય ?

જવાબ : ના, જરૂરી નથી કે અલ્લાહની ઓળખ (મઅરેફત) માટે ઈન્સાન ભણેલો, શિક્ષિત અને વિઘ્વાન હોય. દરેક વ્યકિત પછી તે ભણેલો હોય કે અભણ, અમીર હોય કે ગરીબ એ વાતને સર્વસામાન્ય રીતે સમજી શકે છે કે, 'આપણો સર્જનહાર અલ્લાહ છે.', ભલેને પછી તે દુનિયાના કોઈપણ પ્રદેશમાં રહેતો હોય કે કોઈપણ જાતિમાં પેદા થયો હોય. આ માન્યતા 'ફીતરી' છે, એટલે કે દરેક લોકોમાં સર્વસામાન્ય જોવા મળે છે. ફીતરી બાબતો દુનિયાના દરેક ઈન્સાનમાં સ્વભાવગત (કુદરતી રીતે) જોવા મળે છે, જેમ કે ઉંઘ, ભૂખ, તરસ, સેકસની ઈચ્છા વગેરે. એજ રીતે આ માન્યતા પણ દરેક ઈન્સાનોમાં પ્રાકૃતિક રીતે (જન્મજાત) હાજર જોવા મળે છે.

ઈન્સાન અલ્લાહને દિલના ઉંડાણથી અને સ્વભાવગત (ફીતરી) રીતે ઓળખે છે. આજ કારણ છે કે દરેક કૌમના લોકો કોઈને કોઈ ઘર્મ, પંથ કે વિચારઘારાને અનુસરતા જોવા મળે છે. ત્યાં સુઘી કે નાસ્તિકો પણ કોઈને કોઈ સિઘ્ઘાંતો અને પ્રણાલિકાઓમાં માનતા હોય છે. ઘાર્મિક લાગણી દરેક ઈન્સાનમાં કુદરતી રીતે અસ્તિત્વ ઘરાવે છે અને સર્વસામાન્ય રીતે બઘા લોકોમાં જોવા મળે છે. રસપ્રદ વાત એ પણ છે કે દરેક સમૂહ, સમૂદાય, પંથ કે સમાજમાં કોઈને કોઈ ઘર્મસ્થાન / ઈબાદતગાહ પણ જરૂર જોવા મળે છે. વળી દરેક સમૂહ કે સંપ્રદાયે કોઈને કોઈ ઈબાદતની રીત પણ અપનાવેલ જોવા મળે છે.

બાળક જન્મે છે. જયારે ઘીમે ઘીમે સમજણું થાય છે, તો તે પોતાના સર્જન વિષે પૂછે છે, તે અલ્લાહ વિષે અનેક સવાલો કરે છે, જેમ કે તે કોણ છે ? તે કયાં છે ? તે કેમ દેખાતો નથી ? તે કેવો છે ? વગેરે. તમામ બાળકોમાં જોવા મળતી આ વૃતિ અને સહજભાવના એ બતાવે છે કે અલ્લાહ વિષે જાણવાની અને તેની ઓળખ મેળવવાની તેની ઈચ્છા પ્રાકૃતિક અને સ્વભાવગત રીતે તેનામાં રહેલી છે.

જયારે ઈન્સાન કોઈ ખૂબસૂરત અને ખુશ્બુદાર ફુલની તરફ નજર કરે છે, તો તરત જ તેની સુંદરતાને કબૂલ કરે છે અને તેની ખૂબસૂરતીની ગવાહી આપે છે. તેને આ કબૂલાત અને સ્વીકાર માટે કોઈપણ પ્રકારની દલીલ, બહેસ, સંશોઘન, અભ્યાસ કે વાંચનની જરૂર નથી. અલ્લાહની ઓળખ માટે પણ આજ બાબત લાગુ પડે છે. જયારે ઈન્સાન પોતાની અંદર નજર કરે છે, તો તેને એક 'નુર'નું અસ્તિત્વ જોવા મળે છે, તેના દિલને એક અવાજ સંભળાય છે, જે તેને આ જગતના સર્જક અને પાલનહારની તરફ આમંત્રણ આપે છે. આમ, ખાલિકના અસ્તિત્વના સ્વીકાર માટે તે કોઈપણ પ્રકારના અભ્યાસ, સંશોઘન, દલીલ, બહેસ કે વાંચનનો મોહતાજ નથી.

## ઐતિહાસિક પુરાવો

પુરાતત્વવિદો અને ઈતિહાસકારોએ પોતાના સંશોઘનમાં એ વાતની નોંઘ કરી છે કે, પ્રાચીન લોકોના જીવન અભ્યાસ ઉપરથી એ વાત સર્વસામાન્ય જોવા મળે છે કે, દરેક કૌમના લોકો પોતાની રીતે કોઈને કોઈ ઘર્મમાં માન્યતા રાખતા હતા તેમજ 'ખુદા' અને 'મૃત્યુ પછીના જીવન'માં શ્રઘ્ઘા ઘરાવતા હતા. આજ કારણ છે કે કેટલીક કૌમના

લોકો મૃતકોની સાથે તેમની મનપસંદ ચીજોને પણ દફનાવતા હતા. ઐતિહાસીક અને પ્રાચીન ઈમારત ‘પિરામીડ’ અને ‘મમી’ વગેરે તેના મૌજુદ દ્રષ્ટાંતો છે, જે બતાવી આપે છે કે તે વખતના લોકો પણ ‘ખુદા’ અને ‘મૃત્યુ પછીની જીંદગી’માં માન્યતા રાખતા હતા.

જો ઘાર્મિક માન્યતા ફેલાઈ જવાના કારણોમાં આદત, અનુકરણ, આગ્રહ કે પ્રચાર વગેરે પરીબળોએ ભાગ ભજવ્યો હોત, તો આ બાબત તમામ લોકોમાં જોવા મળેત નહિં, અને આ બાબત પ્રાચીન લોકોના જીવનથી લઈને આજ સુધી જે રીતે દરેક ઝમાનામાં જોવા મળી છે, તે પણ શકય ન બનેત.

આપણે જાણીએ છીએ કે છેલ્લા કેટલાક અરસાથી જગતમાં, ખાસ કરીને યુરોપમાં, પોપ અને ચર્ચના ઝુલ્મના કારણે ‘ઘર્મ વિરોઘી ચળવળો’ શરૂ થઈ. વૈજ્ઞાનિકોએ લોકોમાં જોવા મળતી ઘર્મની માન્યતાને મીટાવી નાખવા માટે ભરપૂર પ્રયત્નો કર્યા. તેઓ ઘર્મવિરોઘી પ્રચાર માટે તાર્કિક દલીલો અને પ્રચારના તમામ સાઘનોની સાથે મેદાનમાં ઉતર્યા. ઘર્મ વિરૂઘ્ઘ પ્રચંડ વિરોઘ છતાં, આપણે જોઈએ છીએ કે તેઓ લોકોના દિલોમાંથી ઘર્મના મૂળને હટાવી ન શકયા અને મઝહબી લાગણી અને વલણને નાબૂદ ન કરી શકયા.

આમ, સ્પષ્ટ થઈ જાય છે કે ‘સર્જક’ (ખાલિક)ની ઓળખ અને મઝહબી વલણનો સ્ત્રોત સ્વભાવગત (ફીતરી) છે, અને દરેક લોકોમાં જોવા મળે છે.

## માનસિક અનુભવ

સર્વસામાન્ય અનુભવ છે કે જયારે કોઈ વ્યકિત અત્યંત વઘારે તકલીફો અને મુસીબતોનો સામનો કરે છે અને બલાઓનું તોફાન આવી લાગે છે અને એવા સમયે જયારે ઉપાયના તમામ પરીબળો દમ તોડી ચૂકયા હોય છે, અને છરી ગરદન સુઘી પહોંચી ગઈ હોય છે, તો એવા સમયે તેના દિલના ઉંડાણમાં એક આશા જન્મે છે અને તે એક એવા ‘સર્જક’ની તરફ રજૂ થાય છે, જે સર્વશકિતશાળી છે, જે તેની તમામ મુશ્કેલીઓનો અંત લાવી શકે છે. એવા સમયે તે તેની સાથે મન લગાવે છે અને તેની પાસે મદદની માંગણી કરે છે, ત્યાં સુઘી કે સાઘારણ વ્યકિત જે સામાન્ય સંજોગોમાં ઘર્મ તરફ ઘ્યાન નથી આપતો, તે પણ આવા સમયે પોતાના ‘સર્જક’ (અલ્લાહ)ની તરફ રજૂ થાય છે. મુસીબતોના સમયે સાઘારણ અને બિનઘાર્મિક લોકો પણ આ પ્રકારનું માનસિક વલણ ઘરાવે છે. આ માનસિક અનુભવ બતાવે છે કે મુસીબતોના સમયે ઈન્સાનનું મન પોતાના ‘ખાલિક’ની તરફ ઘ્યાન કેન્દ્રિત કરે છે. તે દિલના ઉંડાણમાં એક અવાજને સાંભળે છે, જે તેને સર્વશકિતશાળી અલ્લાહની તરફ દા’વત આપે છે. શકય છે કે તે અલ્લાહને અન્ય કોઈ નામથી પુકારે, જેમ કે ઈશ્વર, ગોડ, વગેરે, પરંતુ તે સમયે તેનું ઘ્યાન પોતાના અસલી સર્જક એટલે કે સર્વશકિતશાળી અલ્લાહની તરફ કેન્દ્રિત હોય છે.

એક શખ્સે ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને અરજ કરી કે, મૌલા ! નાસ્તિકો મારી સાથે ખુદાના અસ્તિત્વ વિશે ઘણા ઝઘડા / દલીલો કરે છે. આપ ખુદાના વજૂદ માટે કોઈ નક્કર દલીલ બતાવો કે જેથી હું તેઓને ચુપ કરી શકું.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : શું તને કયારેય એવો પ્રસંગ નડયો છે કે વહાણ ડુબવા નજીક પહોંચી ગયુ હોય અને દેખીતી રીતે કોઈ બચવાની આશા ન રહી હોય અને કોઈની તાકત ન હોય કે તેને બચાવી શકે ?

તેણે કહયું : જી હા, આવો અકસ્માત નડ્યો છે.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : તો એ નિરાશાના સમયે તારા દિલમાં બચવાની કોઈ આશાનું કિરણ હતું ? શું તુ એવા સમયે સમજતો હતો કે કોઈ ગૈબી શક્તિ તને આ આપત્તિમાંથી ઉગારી શકે છે ?

તેણે કહયું : જી હા.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : તે અલ્લાહની હસ્તી હતી. (વિણેલા મોતી, ભાગ : ૧)

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'પછી જયારે તેઓ વહાણમાં સવાર થાય છે, ત્યારે તેઓ અલ્લાહને પુકારે છે, તેના દીન પ્રત્યે નિર્મળ બનીને, પછી જયારે તે (અલ્લાહ) તેઓને સલામત જમીન (કીનારા) ઉપર પહોંચાડી દે છે, તો તેઓ બીજાને તેની સાથે ભાગીદાર (શરીક) બનાવવા લાગે છે.' (સૂરે અન્કબૂત, ૨૯ : ૬૫)

<u>સમજૂતિ</u> : વહાણમાં સફર કરતી વખતે અચાનક તોફાન આવે છે, ત્યારે નિર્મળ (ખુલુસ) દિલથી અલ્લાહને યાદ કરે છે અને પોતે ખાલિસ દીનદાર બની જાય છે, પરંતુ જયારે તે આફતમાંથી મુકિત મેળવે છે, તો તરત જ ફરી શિર્ક કરવા લાગે છે. (અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ)

## <u>ખાલિક (સર્જક) કોણ ?</u>

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અગર જો તુ તેઓને પ્રશ્ન પૂછીશ કે તે કોણ છે જેણે આસ્માનો અને જમીનનું સર્જન કર્યુ અને કોણે સૂર્ય તથા ચંદ્રને તાબે (ઉપયોગી) બનાવ્યા, તો તેઓ ચોક્કસપણે જરૂર કહેશે કે, 'અલ્લાહે', તો પછી તેઓ કઈ જગ્યાએથી ફેરવાઈ (બહેકી) જાય છે ?' (સૂરે અન્કબૂત, ૨૯ : ૬૧)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'અને અગર જો તુ તેઓને પ્રશ્ન પૂછીશ કે તે કોણ છે જે આસ્માનમાંથી પાણી નીચે ઉતારે છે, પછી તેના વડે ધરતીને તેની મૌત પછી જીવંત કરે છે, તો તેઓ ચોક્કસપણે જરૂર કહેશે કે, 'અલ્લાહે', કહો કે, તમામ વખાણ અલ્લાહ માટે છે, પરંતુ તેઓમાના મોટાભાગના સમજતા નથી.' (સૂરે અન્કબૂત, ૨૯ : ૬૩)

## ૪૯. અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરવા માટેની દોઆ

### બિસ્મીલ્લાહી ર્રહમાની ર્રહીમ

- અલ્લાહુમ્મ અર્રીફની નફ્સક, ફ ઈન્નક ઈન લમ તોઅર્રીફ્ની નફસક, લમ અઅ્રીફ રસૂલક
  અય અલ્લાહ ! મને તારી ઓળખ (મઅરેફત) આપ, કારણ કે બેશક અગર જો તે મને તારી ઓળખ ન આપી, તો હું તારા રસૂલને કદી નહિં ઓળખી શકું.
- અલ્લાહુમ્મ અર્રીફની રસૂલક, ફ ઈન્નક ઈન લમ તોઅર્રીફની રસૂલક, લમ અઅ્રીફ હુજ્જતક
  અય અલ્લાહ ! મને તારા રસૂલની ઓળખ (મઅરેફત) આપ, કારણ કે બેશક અગર જો તે મને તારા રસૂલની ઓળખ ન આપી, તો હું તારી હુજ્જતને કદી નહિં ઓળખી શકું.
- અલ્લાહુમ્મ અર્રીફની હુજ્જતક, ફ ઈન્નક ઈન લમ તોઅર્રીફની હુજ્જતક, ઝલલ્તો અન દીમ્ની
  અય અલ્લાહ ! મને તારી હુજ્જતની ઓળખ (મઅરેફત) આપ, કારણ કે બેશક અગર જો તે મને તારી હુજ્જતની ઓળખ ન આપી, તો હું મારા દીનથી ભટકી જઈશ.

## ૫૦. અલ્લાહને ઓળખો : (તમારા શરીરના અવલોકન વડે)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'મન અરફ નફસહુ ફકદ અરફ રબ્બહુ' એટલે કે ' જેણે પોતાના નફસને ઓળખી લીધો, તો પછી તેણે પોતાના પરવરદીગારને ઓળખી લીધો.' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૪૪૬, પ્રકરણ : ૧૯૬, મઅરેફત, હદીસ : ૪)

આવો, આપણે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની ઓળખ (મઅરેફત)માં વધારો કરવા માટે સૌપ્રથમ આપણી પોતાની હસ્તિ અને આપણા અસ્તિત્વની તરફ નજર કરી તેની ઓળખ મેળવીએ.

### આંખની પાંપણો

અલ્લાહે આંખની પાંપણોને અનેક કામ સોંપ્યા છે. પહેલું કામ લેન્સ જેવા ડોળાને ચોખ્ખા રાખવાનું છે. કેમેરામાં સ્પષ્ટ દ્રશ્ય ઝીલવા માટે જેમ કાચના લેન્સને સ્વચ્છ રાખવો પડે છે, તેમ આંખનો કુદરતી લેન્સ પણ હંમેશા ચોખ્ખો રહેવો જોઈએ. આથી પાંપણોનો દરેક પલકારો ડોળા પર બાઝતા રજકણો જેવા કચરાને સાફ કરે છે. બીજું એ કે જો ડોળા ભીનાં ન રહે, તો હવાના ઓકિસજનને શોષી શકે નહિં. શરીરના બધા અવયવોમાં માત્ર આંખનાં ડોળાને લોહી ધ્વારા ઓકિસજન મળતો નથી. એટલે તે પુરવઠો બારોબાર હવા ધ્વારા મેળવવો પડે છે. ઈજા થવાનું

કે ઝાપટ વાગવાનું જોખમ હોય ત્યારે ઘડીના છઠ્ઠા ભાગમાં બીડાઈ જતી પાંપણો આંખોને રક્ષણ આપે છે. આવા કાર્યો માટે કુદરતે પાંપણોને આપોઆપ પલકારા માર્યા કરે એવી બનાવી છે. માણસની આંખની પાંપણો સરેરાશ પાંચ સેકન્ડે એક પલકારો કરે છે. (હાદી માસિક, એપ્રિલ : ૨૦૧૧, પેજ : ૧૫)

## નખ

નખ વધે છે, લાંબા થતા રહે છે. તેને કાપવાની જરૂરત ઉભી થાય છે. તેની વિશિષ્ટ રચના એ પ્રકારની છે કે તેને કાપવા છતાં ઈન્સાન દર્દ નથી અનુભવતો. જયારે કે ભૂલમાં જો તે નખનો વધારે ભાગ કપાઈ જાય, તો દર્દ અને દુઃખાવો થાય છે. નખના વધારાના ભાગમાં જીવ નથી હોતો, તેથી તેને કાપીએ ત્યારે દર્દ કે દુઃખાવો નથી થતો, પરંતુ જયારે વધુ પ્રમાણમાં નખ કપાઈ જાય, ત્યારે દુઃખાવો થાય છે કારણ કે તેમાં જીવ હોય છે.

## વાળ

વાળ વધતા રહે છે. તેને કાપવાથી દર્દ નથી થતું. શા માટે ? જો દર્દ થતુ હોત, તો ઈન્સાન વાળ કાપી ન શકેત અને જીવન મુશ્કેલ થઈ જાત. અગર તમારા માથામાંથી એક નાનકડો વાળ ખરી પડે અથવા કપાઈ જાય, તો શું તમે તેને ફરી તેના મૂળ સ્થાને લગાડી શકશો ?

## શરીરની રક્ષણાત્મક સંવેદનશીલતા

અચાનક ધડાકો સંભળાય એટલે તરત જ ઝબકી જવાય છે. ભૂલમાં ગરમ ચીજને અડી જવાય ત્યારે હાથ તરત જ ત્યાંથી હટી જાય છે. શા માટે ? અલ્લાહે માનવશરીરમાં રક્ષાણત્મક સંવેદનશીલતા મૂકી છે, જેના કારણે શરીર તરત જ સચેત થઈ ઝબકી જાય છે.

## શરીરની લંબાઈ

ઈન્સાન જન્મ પામે છે, પછી તેની લંબાઈ સમયાંતરે વધતી રહે છે. પરંતુ આ ક્રમ આખી જીંદગી બાકી નથી રહેતો. અમુક ઉંમર પછી ઈન્સાનની લંબાઈ નથી વધતી. વિચાર કરો કે, જો ઈન્સાનની લંબાઈ આખી જીંદગી સતત વધતી જ રહે, તો શું થાય ?

## જીંદગીનું મર્યાદિત હોવું

ઈન્સાનની જીંદગી મર્યાદિત છે. તે સદાય જીવી નથી શકતો. એક દિવસ તેને મરવું પડે છે. મૌત તેના માટે નિશ્ચિત છે. વિચાર કરો કે, જો ઈન્સાન મરણ ન પામે અને જીવતો જ રહે, તો શું થાય ?

ઈમામ જઅફર સાદીક (અ.સ.) ફરમાવે છે : અગાઉની કૌમમાંથી એક સમૂહે પોતાના પયગમ્બરને કહયું કે દુઆ કરો કે અલ્લાહ તઆલા અમારા માટે મૌતને હટાવી લે. પયગમ્બરે દુઆ કરી અને અલ્લાહે તે દુઆ સ્વીકારી

લીધી. પછી તે સમૂહ એટલુ બધુ વૃઘ્ઘિ પામ્યું કે મકાનો પણ નાના અને તંગ પડવા લાગ્યાં. તેમનો વંશવેલો એટલો બધો વધ્યો કે દરેક વ્યક્તિ સવાર પડતાની સાથે જ (કામકાજમાં) વ્યસ્ત બની જતી હતી. તેમનો આખો દિવસ પોતાના મા–બાપ, દાદા–દાદી અને તેમના પૂર્વજોને ખવરાવવા–પીવરાવવા અને પાયખાના–પેશાબના કામકાજમાં પસાર થઈ જતો. રોઝી મેળવવી અને કમાવવું દરેકને માટે અશકય બની ગયું. આ રીતે તેમની હાલત મુશ્કેલીઓમાં ફેરવાઈ ગઈ. છેવટે ફરી તેમણે પોતાના પયગમ્બરને વિનંતી કરી કે અલ્લાહ તઆલાને દુઆ કરો કે અમોને ફરીથી તેજ હાલતમાં ફેરવી નાખે જેની ઉપર અમે અગાઉ હતા. પયગમ્બરે દુઆ કરી અને તેમની હાલત અગાઉની જેમ જ રોજીંદા સ્વરૂપમાં અને પૂર્વવત બની ગઈ. (હયાતુલ કોલુબ, ભાગ:૧, પેજ:૮૯૬, અલ્લામા મજલીસી અ.ર.)

## સ્વપ્ન

ઈન્સાન સૂઈ જાય છે, તેની આંખો બંઘ થઈ જાય છે, છતાં તે સ્વપ્ન જુએ છે. આંખો બંઘ હોવા છતાં તે સ્વપ્નમાં કઈ રીતે જોઈ શકે છે ? ઈન્સાન પથારીમાં સૂતો હોય છે, પરંતુ સ્વપ્નમાં તે કઈ રીતે જુદી–જુદી જગ્યાએ પહોંચી જાય છે, અને ફરી જયારે સ્વપ્નમાંથી આંખ ખોલે છે, તો કઈ રીતે તે તરત જ પથારીમાં પાછો આવી જાય છે ?

## શરીરમાં આવતા ફેરફારો

આપણા શરીરમાં સતત ફેરફાર આવે છે. નિરીક્ષણ કરો કે આપણો દસ વર્ષ પહેલાનો ફોટો અને અત્યારનું આપણું અરીસામાં દેખાતું પ્રતિબિંબ, તે બંનેમાં કેટલો તફાવત જોવા મળે છે ? આટલો બધો ફેરફાર કેવી રીતે થયો ? આ ફેરફાર કોણે કર્યો ?

## દેખાવ અને અવાજમાં રહેલી વિવિઘતા

દરેક ઈન્સાનના ચહેરા, રૂપરંગ, આકાર, કદ, અવાજ વગેરે જુદા–જુદા જોવા મળે છે. શા માટે ? જેથી લોકો એકબીજાને ઓળખી શકે, વ્યવહારમાં સરળતા રહે અને મુશ્કેલી ન ઉભી થાય.

# ૫૧. અલ્લાહને ઓળખો : (તમારી આજુબાજુની અજાયબીઓ વડે)

## પક્ષીઓ

પક્ષીની શરીરરચના તરફ નજર કરો. તે પાંખ ઘરાવે છે. તેનું વજન હળવું હોય છે, તે ઉડી શકે છે. પક્ષીના બચ્ચા કોઈપણ તાલીમ વિના જાતે જ ઉડતા શીખે છે કે પછી તેને ઉડાન ભરતા શીખવાડવું પડે છે ?

## માછલી

માછલી પાણીમાંથી ઓક્સિજન મેળવે છે, તેથી પાણીમાં જીવી શકે છે. માણસને પાણીમાં તરતા શીખવું પડે છે, માછલીને તરતા કોણ શીખવાડે છે ?

## પ્રાણીઓ

જંગલી પ્રાણીઓ અણીદાર નખવાળા પંજા અને દાંત ધરાવે છે, જેથી શિકાર કરી શકે. ઘાંસ ખાનારા શાકાહારી પ્રાણીઓ અણીદાર નખ કે દાંત ધરાવતા નથી, કારણ કે તેઓ શિકાર કરવાની જરૂર ઉભી નથી થતી.

પ્રાણીઓ ઈન્સાનની જેમ અકકલ કે સમજણશકિત ધરાવતા હોત, તો શું થાત ? તેઓ ઈન્સાનના કંટ્રોલમાં ન રહેત.

પ્રાણીનું બચ્ચુ જન્મતાની સાથે જ ચાલી–ફરી શકે છે, ઈન્સાન માટે એવું નથી, શા માટે ?

ઈંડામાં રહેલા મુરઘીના બચ્ચાને કોણે કહયું કે તારે ઈંડાનું પડ તોડીને બહાર નીકળવાનું છે ?

જુદા–જુદા પ્રાણીઓની આંખો આકાર, કદ અને દેખાવની દ્રષ્ટિએ જુદી–જુદી હોય છે. ત્યાં સુધી કે ઈન્સાનોની આંખો પણ એકસમાન નથી હોતી, તેમાં પણ થોડા ઘણા અંશે તફાવત જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે જેટલી મખ્લૂક એટલી આંખો. જેટલી મખ્લૂક એટલી જ તેમના શરીરના ભાગોની બનાવટોમાં રહેલી વિવિધતા.

## ઉંટ

ઉંટ એક અજાયબ અને અદ્ભૂત પ્રાણી છે. તેને 'રણનું વહાણ' (Ship of Desert) કહેવામાં આવે છે, કારણ કે તેના પગના તળિયે એક અદભૂત ગાદી છે, જેના કારણે તેના પગ રેતીમાં ખૂંચી જતા નથી અને તે છુટી–છવાઈ રેતી ઉપર ઝડપથી ગતિ કરી શકે છે. તે પાણી વિના લાંબા અંતરની મુસાફરી કરી શકે છે અને પોતાની ખૂંધમાં પાણીનો સંગ્રહ કરી શકે છે. તેનું કદ માણસો અને સરસામાનને ઉંચકી શકે તેટલુ મોટુ છે તેમજ તે રણના તોફાનમાં પોતાના શરીર વડે પોતાના સવારનું રક્ષણ પણ કરી શકે છે.

## માખી

માખી તરફ હાથ લંબાવતા તે તરત જ ઉડી જાય છે, શા માટે ? તેનું પોતાનું રક્ષણ કરતા કોણે શીખવ્યું ?

## વૃક્ષો અને વનસ્પતિ

આપણે પાણીને છોડ કે વૃક્ષના મૂળમાં નાખીએ છીએ. તે પાણીને પાંદડા અને ડાળીઓ સુધી કોણ પહોંચાડે છે ? દરેક ચીજ ગુરૂત્વાકર્ષણ બળને કારણે ઉપરથી નીચે પડે છે, પરંતુ વૃક્ષની લંબાઈ નીચેથી ઉપરની તરફ વધે છે. કઈ રીતે ?

કેટલાક શાકભાજી જમીનની ઉપર ઉગે છે, જયારે કેટલાક જમીનની નીચે ઉગે છે, જેમ કે શક્કરીયા વગેરે. કઈ રીતે ? જમીનમાં શાકભાજી કોણે મૂકયા ? શા માટે ?

કોઈ એક ઝાડનું પાંદડું તોડી ફરી તેને તેની અસલ સ્થિતિમાં ગોઠવી આપો. શું તમે તેમ કરી શકશો ?

## ફળો

દાડમના બધા દાણા કાઢી નાખો. શું હવે તમે તેને તેની મૂળ સ્થિતિમાં જેમ પહેલા હતા તેમ ગોઠવી શકશો ? ખેતરમાં રહેલી માટી દાડમને ઉગાડે છે, એજ માટી / ખેતર દ્રાક્ષ અને કેરીને પણ ઉગાડે છે ? એ કેવી રીતે શકય છે કે એક જ પ્રકારની માટી અનેકવિધ ફળોને ઉગાડે ? કોણ ફળોને ઉગાડે છે ?

## કીડી

કીડીની શરીરરચના તરફ નજર કરો. તેના પગ, કાન, આંખ, સંવેદનશીલતા અને તેના શરીરમાં રહેલા પાચનતંત્ર વિષે વિચાર કરો. તેના શરીરના આકાર અને કદ વિષે વિચારો કે અગર આપણે કીડીના મગજને માઈક્રોસ્કોપ નીચે મૂકીએ અને નિરીક્ષણ કરીએ તો તે કેવું દેખાશે? કેવું વિસ્મયકારક અને અદ્‌ભૂત શરીર તે ધરાવે છે! ખરેખર, નાનકડી કીડીનું નાજુક શરીર કેટલુ આયોજનપૂર્વક કાર્યરત છે ! તેના માથામાં સ્થાન પામેલ આંખ અને કાનને જુઓ, ખરેખર આશ્ચર્યચકિત થઈ જશો.

તે કેવી રીતે જમીન ઉપર ચાલે છે અને કેવી રીતે પોતાની રોઝી તરફ ઝપટે છે. દાણાને પોતાના દરમાં લઈ જાય છે અને પછી ત્યાં સ્ટોરમાં સંગ્રહ કરે છે.

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : કીડીના નાનકડા શરીરના અંગોની ગોઠવણી અને તેના ચેહરા અને દેખાવની સુક્ષ્મતાનું બારીકાઈથી નિરીક્ષણ કરો. કેટલી નાની ! કે આંખો વડે મુશ્કેલીથી જોઈ શકાય છે ! તેની રોઝીની ગેરંટી લેવાઈ ચૂકી છે અને તેને પરિસ્થિતી મુજબનું યોગ્ય રીઝક પહોંચતુ રહે છે. અલ્લાહ તઆલા તેનાથી બેદરકાર નથી અને તેને અતા કરવાથી અને બદલો આપવાથી વંચિત નથી રાખતો ભલે ને પછી તે સુકા પત્થર અને જામેલા ખડકની અંદર જ કેમ ન હોય !! (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૫)

## ગ્રહો અને તારામંડળો

સૂર્યનું સમયસર ઉગવું અને આથમવું. તેના ટાઈમીગ કોણે સેટ કર્યા ? તેને કોણે કહયું કે તારે આ સમયે ઉગવાનું છે અને આ સમયે આથમવાનું છે ? અસંખ્ય તારા, તારામંડળો, ગેલેકસી, ગ્રહો આ બધુ કોણે બનાવ્યું ?

## ઘોડો

ઘોડો એટલી ઝડપથી દોડે છે કે માત્ર મિનિટોમાં ઉંચા પહાડ સરળતાથી પાર કરી લે છે. તેની આ ખૂબીને કારણે જ રાજા–મહારાજાઓના મહેલમાં ઘોડાનું એક અલગ જ સ્થાન હતું. એમાં પણ યુધ્ધ માટેની શ્રેષ્ઠ સવારી એકમાત્ર ઘોડો જ ગણાતો. ઘોડો પોતાના ઉપરના હોઠથી દરેક વસ્તુ સહેલાઈથી પકડી શકે છે.

## મચ્છર

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'જો બધા પ્રાણીઓ, પક્ષીઓ, જાનવરો, રાત્રે ઉતારે પાછા ફરનારા અને ખેતરોમાં રહી જનારા, જાત જાતના અને ભાત ભાતના, અને તમામ ઈન્સાનો, મૂર્ખા અને હોંશિયાર, બધા મળીને એક મચ્છરને પેદા નથી કરી શકતા, ભલે ગમે તેટલુ ચાહે. અને ન તેઓને તેનો અંદાજો છે કે તેના સર્જન કરવાની રીત અને માર્ગ શું છે !' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

## પ્રકૃતિના દ્રશ્યો અલ્લાહની કુદરતની ગવાહી આપે છે

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'ચાંદ અને સૂરજને જુઓ કે પછી વનસ્પતિ અને વૃક્ષોને. પાણી અને પત્થર ઉપર દ્રષ્ટિ નાખો કે પછી રાત અને દિવસની આવન જાવન ઉપર. નદીઓના વહેણને જુઓ કે પછી પહાડોની સંખ્યા અને શિખરોની લંબાઈ અને ઉંચાઈને. શબ્દોની વિવિધતાને જુઓ કે પછી ભાષાઓના તફાવતને, બધા તેની પરીપૂર્ણ કુદરતની શ્રેષ્ઠ દલીલો છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૫)

## તીડ

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તેણે તીડમાં બે લાલ આંખો પેદા કરી છે, અને ચાંદ જેવા બે ગોળાઓમાં આંખોના ચિરાગ સળગાવી દીધા છે. નાના–નાના કાનો બનાવ્યા છે અને યોગ્ય મોંઢું ખોલી દીધુ છે. પરંતુ તેના ઈન્દ્રીયોને શકિતશાળી બનાવ્યા છે. તેને બે તેજ અને ધારદાર દાંત છે, જેનાથી તે પાંદડાઓને કતરે છે અને બે દાંતાળા પગ છે, જેનાથી ઘાસ વગેરે પકડે છે. ખેડૂત તેને પોતાની ખેતી માટે ખતરનાક સમજે છે, પણ તેને હાંકી નથી શકતા, ભલે ને પછી ગમે તેટલી શકિત કેમ ન એકઠી કરી લે. ત્યાં સુધી કે ખેતરો પર કૂદતા

કૂદતા આક્રમણ કરે છે અને પોતાની ઈચ્છા પૂરી કરી લે છે. જયારે કે તેનું આખુ અસ્તિત્વ એક નાની આંગળીથી પણ મોટું નથી.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૫)

## ખુદાને ઓળખનાર વૃધ્ધા

એક વખત હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) પોતાના કેટલાક અનુયાયીઓની સાથે કયાંક જઈ રહયા હતા. રસ્તામાં આપે એક વૃધ્ધાને જોઈ, જે ચરખામાં સુતર કાંતી રહી હતી.

અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ તે વૃધ્ધાને પૂછયું : તે તારા ખુદાને કેવી રીતે ઓળખ્યો ?

આ સાંભળી વૃધ્ધાએ ચરખા પરથી હાથ ઉપાડી લીધો. થોડીજ પળોમાં ચરખો રોકાઈ ગયો.

વૃધ્ધાએ કહયું : મે મારા પાલનહારને આ ચરખા મારફતે ઓળખ્યો. આ નાનો એવો ચરખો પોતાની ગતિ માટે મારો મોહતાજ છે. જો હું હાથ ખેંચી લઉ, તો આ ચરખો થંભી જાય છે. જયારે એક ચરખો કોઈ ચાલક વગર ચાલી નથી શકતો, તો આ મહાન આકાશી મંડળો કોઈ સર્જક તથા ચાલક વગર કેવી રીતે હરકત કરી શકે છે ?

આ મંડળોની ચાલ અને ગતિ એક જ પ્રમાણમાં છે. સૂરજ અને ચાંદ સદા પોતાના સમયે જ ઉગે અને આથમે છે. તેનાથી મને સમજાયું કે વિશ્વનો એક પાલનહાર છે જે ઘણો હિકમત વાળો છે.

હઝરત અલી (અ.સ.)એ પોતાના અનુયાયીઓ સામે જોયું અને ફરમાવ્યુ : તમારે આ વૃધ્ધ સ્ત્રીની જેમ ખુદાને ઓળખવો જોઈએ. (વિણેલા મોતી, ભાગ : ૧)

## મખ્લૂકમાં રહેલી સ્વબચાવની સમજણ

એક વટેમાર્ગુ કોઈ જંગલમાથી પસાર થઈ રહયો હતો. તેણે જોયું કે ઝાડ પર કોઈ ચકલીનો માળો છે અને તે ચકલી એટલી સખત ગભરાયેલી છે અને વિહવળતામા ચૂં–ચૂં કરી રહી છે. તેનો અવાજ સાંભળી વટેમાર્ગુને ખાતરી થઈ ગઈ કે અત્યારે આ ચકલીને કોઈ ખતરો છે જેના કારણે તે ભયભીત થઈ ગઈ છે એટલે એ વટેમાર્ગુએ ઝાડને ઘ્યાનથી જોયુ તો તેને દેખાયુ કે એક કાળો નાગ વૃક્ષ ઉપર ચડી રહયો છે. હવે તેને સમજમાં આવ્યું કે ચકલી બિચારી આ કારણે હાયવોય કરી રહી છે કેમકે આ નાગ માળામાંથી તેના બચ્ચાને ખાઈ જશે.

અ જ અરસામા તે વટેમાર્ગુએ જોયુ કે ચકલી ઉતાવળે ઉતાવળે એક બીજા ઝાડ તરફ ગઈ અને ત્યાંથી તેણે પાંદડા કાપ્યા અને પોતાના માળાની ફરતે પાથરી દીધા અને પછી બીજી ડાળી ઉપર જઈ બેસી ગઈ.

વટેમાર્ગુ આ દ્રશ્યને ખૂબ જ રસપુર્વક જોવા લાગ્યો. તેણે જોયુ કે કાળો નાગ ઝાડ પર ચડયો એ માળા તરફ ઘસ્યો પરતુ જયારે તેણે એ પાંદડા જોયા, તો માળાથી દુર હટી ગયો અને પાછો ચાલ્યો ગયો.

વટેમાર્ગુને યકીન થઈ ગયુ કે ચકલીએ જે પાંદડા પોતાના માળાની આસપાસ પાથર્યા હતા તે સાપના માટે કાતિલ ઝેર હતા. એટલે નાગે પોતાની ખેર એમાજ સમજી કે તે માળાથી દૂર થઈ જાય.

તો આ નાના જાનવરોને આવી જડીબુટ્ટીઓની અસરનું જ્ઞાન કોણે દિલમા નાખ્યુ ? આ વસ્તુઓને જોઈ બુધ્ધિવાન એજ ફેસલો કરશે કે વિશ્વના દરેક જીવનું જીવન ખુદાના અસ્તિત્વની દલીલ છે. (વિણેલા મોતી, ભાગ : ૧)

## મુરઘીનું ઈંડુ

ઈમામ જઅફર સાદિક (અ.સ.)ના જમાનામાં એક શખ્સ હતો, જેનુ નામ અબુ શાકિર દીશાની હતુ. તે ખુદા અને મઆદ (કયામત)નો ઈન્કાર કરતો હતો. એક દિવસ તે ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમા આવ્યો અને કહયું : જઅફર બિન મોહમ્મદ ! મને તમારા પરવરદિગાર તરફ સ્પષ્ટ દલીલ અને નિશાનીઓ વડે માર્ગદર્શન આપો.

આ પ્રશ્ન કરીને તે શખ્સ ઈમામની પાસે બેઠો. એવામા એક બાળક બહાર આવ્યું, જેના હાથમાં મુરઘીનું ઈંડુ હતું. ઈમામે તે બાળક પાસેથી ઈંડુ લીધુ અને દીશાનીને બતાવ્યું અને ફરમાવ્યું : આ મુરઘીના ઈંડાને ધ્યાનથી જુઓ. આ એક મજબૂત કિલ્લાની જેમ આખુ છે. અને તેની બધી બાજુઓ સારી પેઠે બંધ છે. અને તેની બાજુઓને જાડા ફોતરાથી મજબૂત કરી દેવામાં આવી છે. બહારથી કોઈ વસ્તુ અંદર દાખલ નથી થઈ શકતી અને તેના સખ્ત ફોતરાની નીચે એક બારીક છાલ બનાવવામા આવી છે અને તેમા ઈંડાનું પ્રવાહી (સફેદી) છે. અને એ સફેદીની બિલ્કુલ વચ્ચે ઝરદી (પીળો ભાગ) છે. સફેદી અને ઝરદી વચ્ચે કોઈ આડશ નથી અને કોઈ સીમા કે અંતર પણ નથી. આમ છતાં ઝરદી સફેદીને નથી મળતી અને સફેદી ઝરદીમા નથી ભળી જતી. તો શું તમે બતાવી શકો છો કે તે કઈ ઝાત છે જેણે આ બંને રંગોને એકબીજામાં ભળવાથી અલગ રાખ્યા છે ?

ઈંડાની અંદર બચ્ચાનું રૂપ અને આકાર બનતો રહયો, જેના વિશે તમને કંઈ જાણ નથી. (બતાવો કે) ઈંડામાથી બહાર નિકળનાર બચ્ચુ નર હશે કે માદા ? પોતાના સમય પ્રમાણે એ જ ઈંડુ ફાટે છે અને તેમાથી રંગરૂપથી આભુષિત બચ્ચું બહાર નિકળે છે.

દીશાની તમારો શુ અભિપ્રાય છે, આ બધુ કોઈ હોંશિયાર અને કુશળની કારિગરી છે કે માત્ર અકસ્માતે જ આમ બની ગયુ છે ?

અબૂ શાકિરે થોડી વાર માથુ નમાવી લીઘુ અને ચિંતન–મનન કરતો રહયો. પછી તેણે માથુ ઉંચુ કર્યુ અને કહયું : ''અશહદો અલ લાએલાહ ઈલ્લલ્લાહો, વહ્દહૂ લા શરીક લહૂ, વ અશહદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વરસૂલોહુ. વ અન્નક ઈમામો વ હુજ્જતો અલા ખલ્કેહી, વ અના તાએબુમ મિમ્મા કુન્ત ફીહે.''

‘‘હુ ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને પાત્ર નથી. તે એકલો અને ભાગીદાર વગરનો છે, અને હું ગવાહી આપુ છું કે હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના બંદા અને રસૂલ છે. અને હું સાક્ષી પુરાવું છું કે આપ ઈમામ છો અને ખુદાના સર્જનો પર હુજ્જત કરો છો અને હું મારા પહેલાના વિચારોથી તૌબા કરૂ છુ.’’ (વિણેલા મોતી, ભાગ : ૧)

## વિષયલક્ષી અભ્યાસ ન કરો

અભ્યાસ, તાલીમ અને સંશોધન ફકત વિષયલક્ષી કે પરીક્ષાલક્ષી ન હોવા જોઈએ. અથવા તો ફકત નાણાકીય સ્વાર્થવૃતિને પોષવા માટે ન હોવા જોઈએ. અનેકવિધ વિષયો જેમ કે જીવવિજ્ઞાન, ભૂગોળ, ઈતિહાસ, રસાયણશાસ્ત્ર વગેરેનો અભ્યાસ ફકત વિષય પૂરતો ન કરીએ, બલ્કે અલ્લાહની ઓળખ (મઅરેફત)માં વધારો થાય એ હેતુથી કરીએ, જેથી કરીને આ અભ્યાસ અલ્લાહની ઈબાદતમાં સ્થાન અને ગણતરી પામી શકે.

## ૫૨. અલ્લાહની હકીકત સૌથી છુપી છે

આ દુનિયા અલ્લાહના વજુદની નિશાનીઓથી ભરેલી છે, પ્રત્યેક ચીજ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાના ગુણગાન ગાઈ રહી છે, તેનો કસીદો પઢી રહી છે. તેમ છતાં પણ તેની પૂર્ણતમ હકીકત કોઈ માટે રોશન નથી, અને ન તો કોઈ તેની ઝાતની હકીકતને સમજી શકે છે. કારણ કે તેની ઝાત દરેક રીતે અનંત, અપાર, અમર્યાદિત અને અસીમ છે જયારે કે આપણે દરેક રીતે મર્યાદિત અને મહેદૂદ છીએ. આપણી અક્કલ, ઈલ્મ અને સમજણ સિમીત અને મર્યાદિત છે. કેવી રીતે શકય છે કે મર્યાદિત અને નાશ પામનાર ઈન્સાન અમર્યાદિત, અનંત, અસીમ, અવિનાશી અને અપાર કુદરતવાળા અલ્લાહને ઓળખી શકે ?

ખુદાવંદે આલમની ઝાત અને તેના ગુણોની હકીકત સુધી પહોંચવું શકય જ નથી. એટલે જ એક શેરની પંકિતમાં ઈન્સાનને કહેવામાં આવ્યું છે કે, ‘અય સમજદાર, અય બુધ્ધિશાળી, અય ફિલોસોફર, તુ તારી અક્કલ ઉપર કયાં સુધી ગર્વ કરીશ ? તુ અક્કલ વડે આ માર્ગને પસાર કરી શકવાનો નથી. તેની હસ્તિ સુધી અક્કલ પહોંચી શકતી નથી.’ મશીન ગમે તેટલુ આધુનિક અને શકિતશાળી કેમ ન હોય, તો પણ તેની પાસે પોતાના બનાવનાર ઈજનેરની સહી ઓળખ આવી શકતી નથી.

શું એ શકય બને ખરૂં કે માતાના ગર્ભમાં રહેલ બાળક બહારની દુનિયાથી માહિતગાર થઈ જાય ? એટલે જ આપણને કહેવામાં આવ્યું છે કે, ‘જયારે વાત અલ્લાહ સુધી પહોંચી જાય, તો ખામોશ થઈ જાવ.’ એટલે કે હકીકતે ખુદા વિષે વાતચીત ન કરો, કારણ કે તે વિષે અક્કલ હેરાન અને અવાક રહી જાય છે, અને કોઈ સ્થળે પહોંચી નથી

શકતી, અટવાઈ જાય છે. અમર્યાદિત અને અનંત હસ્તિ વિષે મર્યાદિત માનવઅક્કલ વડે વિચારવું અશકય છે, કારણ કે જે પણ ચીજ અક્કલ અને સમજણમાં આવી જાય, તે મર્યાદિત હોય છે જયારે કે ખુદાની હસ્તિ અમર્યાદિત અને અનંત છે.

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તમામ વખાણ એ અલ્લાહના જેણે પોતાની સલ્તનતના અવશેષો અને પોતાની મોટાઈની ભવ્યતાને એવી રીતે પ્રદર્શિત કર્યા છે કે અક્કલની દ્રષ્ટિઓ કુદરતની વિચિત્રતાથી દંગ રહી ગઈ છે અને લોકોની કલ્પના તથા વિચારો તેના ગુણો અને ખાસિયતોની હકીકતના પરિચયથી રોકાઈ ગયા છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૯૫)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'તે ન તો કોઈ મર્યાદામાં આવી શકે છે અન ન તો કોઈ આંક કે ગણત્રીમાં આવે છે, કારણ કે શારીરિક શકિતઓ પોતાના જેવી જ ચીજોને મર્યાદિત કરી શકે છે અને ઓજાર પોતાની મિસાલો તરફ જ ઈશારા કરી શકે છે.' (નહજુલ બલાગાહ, ખૂત્બો : ૧૮૬)

પરંતુ તેનો અર્થ એ પણ નથી કે આપણા માટે અલ્લાહની ઓળખ (મઅરેફત) મેળવવાનો માર્ગ બંધ છે, આપણી પાસે તેની ઓળખનું કોઈ માધ્યમ નથી અને તેની હસ્તિ હકીકતમાં ઓળખને પાત્ર જ નથી.સત્ય હકીકત એ છે કે અલ્લાહે આપણી સમજણ અને અક્કલને પોતાની ઝાતની હકીકતથી માહિતગાર જ નથી કરેલ, પરંતુ તેમ છતાં તેણે આપણને તેની જરૂરી ઓળખથી વંચિત પણ નથી રાખેલ.

અલ્લાહની ઓળખ (મઅરેફત) મેળવવી શ્રેષ્ઠ કાર્ય છે. મઅરેફતનો દરવાજો ખુલ્લો જ છે, ફકત દિલની આંખો ખોલવાની જરૂર છે. જયારે આપણે આ દુનિયાની વિસ્મયકારક અને અજાયબીઓથી ભરપૂર ચીજો ઉપર નજર કરીએ છીએ અથવા પોતાની જ અંદર પોતાની જ ઝાત વિષે ચિંતન–મનન કરીએ છીએ, નિરીક્ષણ કરીએ છીએ, તો સાર્વત્રિક રીતે અને સર્વસામાન્યપણે એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે,'તમામ ચીજોનો કોઈ સર્જક જરૂર છે.' સૃષ્ટિના રહસ્યો અને ભેદો જેટલા પ્રમાણમાં ઈન્સાન માટે જાહેર થતા જાય છે, તેટલી જ તેની અલ્લાહ પ્રત્યેની ઓળખ (મઅરેફત) વધતી જાય છે. પરંતુ જો આપણે પોતાને જ સવાલ કરીશું કે,'અલ્લાહ કોણ છે ? કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો ? વગેરે', તો આપણે આશ્ચર્ય અને પરેશાની સિવાય કશુ જ મેળવી નહિં શકીએ. તેથી જ કહેવામાં આવ્યું છે કે ખાલિક સુધી પહોંચો, પરંતુ મખ્લૂક તરફ નજર કરીને, નિરિક્ષણ કરીને, ચિંતન મનન કરીને.

## તૌહીદની ચર્ચા કઈ રીતે કરવી ?

મોહમ્મદ ઈબ્ને અબીદ કહે છે કે હું ઈમામ અલી રઝા (અ.સ.)ની સેવામાં હાજર થયો. આપે મને ફરમાવ્યુ : અબ્બાસીને કહો તે તૌહીદ વિષે વાતચીત કરવાથી દૂર રહે. લોકોને તૌહીદ વિષે ફકત એટલુ જ કહે, જેને લોકો જાણતા હોય અને જે ચીજનો લોકો ઈન્કાર કરતા હોય, એવી વાત ન કરે, અને જયારે તે તને તૌહીદ અંગે સવાલ

કરે, તો તમે જવાબમા સૂરે કુલ હો વલ્લાહ (સૂરે તૌહીદ) પઢી સંભળાવો, અને જયારે તે અલ્લાહના સ્વરૂપ વિષે પૂછે, તો કુરઆનની આ આયત 'લય્સ કમિસ્લેહી શય્ઉન' (તેના જેવી કોઈ ચીઝ નથી) પઢીને સંભળાવો, અને જયારે તે તમોને અલ્લાહની સિફત 'શ્રવણ' (સાંભળવા) વિષે પૂછે, તો તેને 'વ હોવ સમીઉન અલીમ' (અને તે સાંભળનાર તથા જાણનાર છે) આયત પઢીને સંભળાવો. લોકો સાથે તૌહીદ વિશે એ જ વાતો કરો જેને તેઓ જાણતા હોય. (વિણેલા મોતી, ભાગ : ૧)

સારાંશ કે, અલ્લાહની ઓળખ પ્રાપ્ત કરવા માટે અલ્લાહ વિષે ઉંડાણપૂર્વક ન વિચારો બલ્કે તેની સર્જન કરેલી ચીજો વિષે ચિંતન–મનન કરો. તેની ખરી હકીકતથી કોઈ માહિતગાર નથી સિવાય કે તે પોતે જ. કોઈ નથી જાણતુ કે તે કેવો છે, પરંતુ તે છે જરૂર. કોઈ ચીજ તેને ઘેરી નથી શકતી. ન તો તેને ઈન્દ્રીયો વડે ઓળખી કે અનુભવી શકાય છે.

ઈમામ હુસૈન (અ.સ.)એ શીખવેલી અરફાના દિવસે પઢવાની દોઆમાં વર્ણન છે કે, 'અય ખુદા ! તારી ઝાત એટલી બુલંદ છે કે જેના વિષે કોઈને ખબર નથી કે તુ શું છે અને કયાં છે ? આની ખબર ફકત તારી જ પાસે છે' 'હું તારા જ થકી તારા સુધી પહોંચવા ચાહુ છું, અને તારી જ રહેનુમાઈને તલબ કરુ છું, મને તારા નુરથી તારી તરફ હિદાયત કર'

## ૫૩. દરેક ચીજ અલ્લાહની તસ્બીહ કરે છે

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'તે અલ્લાહ કે જે 'ખાલિક' (પેદા કરનાર), ' બારેઅ' (બનાવનાર), 'મુસવ્વીર' (આકાર આપનાર) છે,'અસ્માએ હુસ્ના' (સર્વશ્રેષ્ઠ નામો) તેના જ છે, જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે તે (તમામ) તેની તસ્બીહ કરે છે, અને તે અઝીઝ (મહાસમર્થ) છે, હકીમ (હીકમતવાળો) છે.' (સૂરે હશ્ર, ૫૯ : ૨૪)

આપણે જવશને કબીરમાં પઢીએ છીએ કે, 'યા મન કુલ્લો શય્ઈય્યોસબ્બેહો બેહમ્દેહી' એટલે કે 'અય તે કે દરેક ચીજ તેના વખાણની તસ્બીહ કરે છે'

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે તે અલ્લાહ માટે તસ્બીહ કરે છે, મલેક, કુદ્દુસ, અઝીઝ, હકીમ' (સૂરે જુમ્આ, ૬૨ : ૧)

## ૫૪. અલ્લાહ ઉપર જ આધાર / ભરોસો રાખો

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'અલ્લાહ સિવાય બીજા કોઈ ઉપર થોડો ભરોસો પણ અપમાન છે.' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૯, પ્રકરણ : ૪૩, હદીસ : ૪)

અલ્લાહ તઆલા પોતાની કિતાબ કુરઆનમાં ફરમાવે છે : 'વ તવક્કલ અલલ્લાહ, વ કફા બીલ્લાહે વકીય્લા' 'અને અલ્લાહ ઉપર ભરોસો / આધાર રાખ, અને સંરક્ષક / રક્ષણકર્તા માટે અલ્લાહ કાફી છે' (સૂરે અહઝાબ, ૩૩ : ૩)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'અલ્લાહ ઉપર ભરોસો સૌથી બળવાન અમલ (કાર્ય) છે' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૯, પ્રકરણ : ૪૩, હદીસ : ૭)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'જે અલ્લાહની વહેંચણી ઉપર ભરોસો રાખે છે, તે તેની ઉપર રોઝી બાબતે આક્ષેપ નથી મૂકતો' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૮, પ્રકરણ : ૪૨, તોહમત, હદીસ : ૮)


ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : 'જેણે અલ્લાહ ઉપર ભરોસો કર્યો, તે ગની થઈ ગયો' (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૧૦૦, પ્રકરણ : ૪૩, હદીસ : ૧૩) (ગની : બેનિયાઝ, તવંગર, સ્વાવલંબી, બીજા ઉપર નિર્ભર ન રહેનાર, શ્રીમંત)

ઈમામ અલી ઈબ્ને અબી તાલીબ (અ.સ.) ફરમાવે છે : જેણે અલ્લાહ ઉપર ભરોસો કર્યો, તેણે તેની ઉપર તવકકલ (વિશ્વાસ) કર્યો. (તજલ્લીયાતે હિકમત, ઉર્દુ, પેજ : ૯૯, પ્રકરણ : ૪૩, હદીસ : ૧૨)

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીવ વ આલે મોહમ્મદ**

## ૫૫. સંદર્ભ સાહિત્ય (રેફરન્સીઝ)

**BIBLIOGRAPHY**



**SOURCES:**


૧. કુરઆને મજીદ

૨. તજલ્લીયાતે હિકમત

૩. મીઝાનુલ હિકમત

૪. અનવારૂલ બયાન ફી તફસીરીલ કુરઆન, લેખક : અલ્લામા હાજી નાજી સાહેબ

૫. નહજુલ બલાગાહ, સંકલન : સૈયદ રઝી (અ.ર.)

૬. મઅસૂમીન (અ.સ.)ની જુદી–જુદી દોઆઓ

## LINKS:

http://makarem.ir/websites/farsi/library/?itg=38

http://makarem.ir/websites/farsi/library/?itg=56

http://www.al-islam.org/alpha.php?sid=558284450&cat=178&alpha_id=8&t=alpha

## LISTEN :

[URDU LECTURES ON TAWHEED]

http://www.islamic-laws.com/lectures/2-Tawheed/

## EXTERNAL LINKS:

http://en.wikipedia.org/wiki/Tawhid

http://en.wikipedia.org/wiki/Dualist

http://en.wikipedia.org/wiki/God_of_Islam

http://en.wikipedia.org/wiki/Trinity

http://en.wikipedia.org/wiki/Christianity

http://en.wikipedia.org/wiki/Idol_worship

http://en.wikipedia.org/wiki/Shirk_(Islam)

http://en.wikipedia.org/wiki/Taghut

http://en.wikipedia.org/wiki/Incarnation